માર્ચ-૨૦૨૪
વર્ષ : ૧૬
અંક : ૦૯
મુલ્ય : રૂા. ૨૦/-

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

Unity is our Strength

(માસિક)



નાગપુર મહિલા મંડળ દ્વારા સંક્રાતી પર્વ નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં મહાસભાના પ્રમુખ શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા, અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઈ ચૌહાણ તથા અ.ભા.યુવા મહામંડળના પ્રમુખ શ્રી ગૌરવભાઈ જગદીશભાઈ ટાંકનું સ્વાગત-સન્માન કરવામાં આવ્યું ત્યારની તસ્વીર...



ડોંગરગઢ ઘટકના આંગણે શુભેચ્છા મુલાકાતે પધારેલ મહાસભાના પ્રમુખ શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા, સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલભાઈ કેશવજીભાઈ પરમાર, અ.ભા. મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઈ ચૌહાણ તથા અ.ભા.યુવા મહામંડળના પ્રમુખ શ્રી ગૌરવભાઈ જગદીશભાઈ ટાંકના સ્વાગત સન્માનની ઝલક...




દુર્ગ ઘટકના આંગણે શુભેચ્છા મુલાકાતે પધારેલ મહાસભાના પ્રમુખ શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા, સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલભાઈ કેશવજીભાઈ પરમાર, અ.ભા. મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઈ ચૌહાણ તથા અ.ભા.યુવા મહામંડળના પ્રમુખ શ્રી ગૌરવભાઈ જગદીશભાઈ ટાંકના સ્વાગત સન્માનની તસ્વીર...

If undelivered please return to :
Setu Samaj Sandesh
C/o. Shree K.G.K. Samaj Bhavan
Nr. Townhall,
ANJAR - KUTCH 370 110.
Ph. : (02836) 246511

RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025
Posted at S.O. BHUJ on 2nd of Every Month.



**Mr. Prafulchandra K. Tank**
Mob: +91 9825053258



**Late Karmsinh Madhavji Tank**
(Sinogra)



**Mr. Kishan P. Tank**
Mob: +91 9925811599

KCI

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES

**RHODAMINE B 540%**

**Basic Violet 10 & Other Qualities**

**BASIC RHODAMINE B BASE**

BASIC DYES FOR

**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com

।। विद्यादान महादान ।। ।। परम पूज्य श्री गंगा मैया ध्रुव स्मृति ।। ।। सा विद्या या विमुक्तये ।।

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) **પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪**

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી કોલેજકક્ષા સુધીની વિદ્યાર્થીનીઓને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે છે.

**આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.**



દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

'સમાજરત્ન' શ્રદ્ધેય
સ્વ. હિરજીભાઇ ખીમજીભાઇ
ચૌહાણ - રત્નાગીરી

: પ્રેરણા સ્ત્રોત :

# સેતુ સમાજ સંદેશ

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

(Subject To Anjar Jurisdiction Only)



'સમાજરત્ન'
શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ
સોલંકી - માધાપર

વર્ષ : ૧૬ | અંક : ૦૯ | માર્ચ-૨૦૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી :
વૈદરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

:: સમાજ સંરક્ષક ::



ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

:: માલિક, માનદ્ તંત્રી, પ્રકાશક ::



યોગેશભાઈ મગનભાઈ ચાવડા
'અંબર' વાત્સલ્ય ભૂમિ, વાઠોડા, નાગપુર - ૩૫ (મહારાષ્ટ્ર)
M. 9373129642

:: મેનેજીંગ તંત્રી ::



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9067292827

અધ્યક્ષ, સેતુ સમાજ સંદેશ સંચાલન સમિતિ



સંજયભાઈ લીલાધરભાઈ પરમાર
'કુશ', પ્લોટ નં. ૪બી, વિજયનગર, જુની કોર્ટ પાછળ,
અંજાર (કચ્છ) 370 110.M. 9429007445

સલાહકાર (Advisor)
વિનોદ શાંતિલાલ જેઠવા

આર્થિક સલાહકાર
નિખિલ ધનજીભાઈ ચૌહાણ

પોસ્ટ એવં પ્રિન્ટીંગ
વિનોદ લીલાધરભાઈ ચૌહાણ


## અધ્યક્ષ સ્થાનેથી...

સૌ સમાજબંધુઓ વિજ્ઞાપન દાતાશ્રી શ્રેષ્ઠીઓ સમાજની મહાસભાથી લઇને ઘટક સ્તરના સૌ હોદ્દેદારોને રામ રામ... જય સમાજ... રાયપુર ત્રિ-વાર્ષિક અધિવેશન પૂર્ણ થતાં ફેબ્રુઆરી-૨૦૨૪ના અંકમાં પ્રસિદ્ધ થઇ ચૂક્યો છે. જે આપ સહુને મળી ગયેલ હશે, સૌએ રાયપુર અધિવેશનના મીઠા સંભારણા - સંસ્મરણોને રાષ્ટ્રીય મહાસભાથી લઇને ઘટક, પ્રાદેશિક સમિતિ તેમજ સંલગ્ન સામાજીક સમરસતા સાથે કાર્ય કરતા ઉત્સાહી-ઉર્જાવાન મહિલા મંડળ, યુવા મંડળના સમાચારો ફોટા સાથે નિહાળ્યા બાદ, એક પેજ એવું પણ નજરમાં આવ્યું હશે, જે વાંચીને ગ્રાહકથી લઇને, વિજ્ઞાપન દાતાઓ, સૌને જાહેર ખબરના દર સાથે સીધો સંબંધ છે, તે સૌ વિજ્ઞાપન દાતાઓ, ગ્રાહકો અચરજમાં પડી ગયા હશે.

ગ્રાહક મિત્રો, વિજ્ઞાપન દાતાશ્રીઓ, સમાજબંધુઓ આપ સૌને જણાવું તો આ ભાવ વધારો કરવો અનિવાર્ય છે, કેમ કે, હાલમાં પેપર સ્ટેશનરી, પ્રિન્ટીંગ માટેની ઇંક (શાહી), પોસ્ટીંગ, ટ્રાન્સપોર્ટેશન વગેરેના ખર્ચમાં સારો એવો વધારો થયો છે. આપણું 'મુખપત્ર' માસીક છે. એવરેજ ૭૬ પેજનો એક અંક થવા જાય છે. હાલના સંજોગોમાં એક અંક પ્રસિદ્ધ કરવા પાછળ માતબર રકમની ખોટ દર માસે આવે છે. આ સમસ્યાના ઉકેલ માટે ભાવ વધારો અનિવાર્ય છે. આ સમસ્યાના ઉકેલ માટે એક ડગલું આગળ વધીએ તો આપણા ઘટકમાં વસતા પરિવારજનો દ્વારા કુમાર-કુમારીકાઓના બાયોડેટા, સગપણ-લગ્નની વર્ષગાંઠ, વિશિષ્ટ સિદ્ધી, દિવંગતોની સ્મૃતિ નિમિત્તે, સગપણ સંમેલન, વિદેશગમન, સમય-સમયે યોજાતા અધિવેશનો, સારા-નરસા પ્રસંગોએ ઉદાર હાથે 'સેતુ સમાજ સંદેશ'ને શુભેચ્છા ભેટ રૂપી જાહેરાત આપવાની વિનમ્ર અપિલ છે. સમાજના તમામ ઘટકો તેમજ પ્રાદેશિક સમિતિઓથી લઇને રાષ્ટ્રીય મહાસભા તથા તેને સંલગ્ન બંને પાંખના હોદ્દેદારો, શ્રેષ્ઠીઓ દર માસે 'પ્રતિક ભેટ શુલ્ક'ની જાહેરાત આપી 'મુખપત્ર'ને મદદરૂપ બની શકે છે. ભેટ પાછળનો ભાવ એવો હોવો જોઇએ કે, ''મને અને મારા સમાજના ઘરે-ઘરે દર માસે નિયમીત સેતુ સમાજ સંદેશ વાંચવા મળે.'' હું માનું છું આ પ્રયત્નથી આર્થિક સંકટનું નિવારણ કરી શકાશે.

સાથે સાથે દર માસે નિયમીત રીતે મુખપત્રમાં પ્રકાશીત થતાં સામાજીક, સમરસતા, એકસુત્રતા સાથે જે પણ અહેવાલો આવશે, તેને પણ વિજ્ઞાપનના ભોગે પ્રસિદ્ધ ન થઇ શકે તેવું નહીં બને તેની સંચાલન સમિતિ આપ સૌને સાથે રાખી સંકલનથી આપણે કાર્ય કરતા રહીશું. ફરી આપ સૌએ સોશ્યલ મિડિયા, પ્રિન્ટ મિડિયા, મોબાઇલથી શુભેચ્છા-અભિનંદન ભાવ પ્રગટ કરી લાગણી બતાવી છે તે બદલ સમિતિ વતિથી હૃદયપૂર્વક આભાર માનું છું.

**સંજયભાઈ એલ. પરમાર**
**અધ્યક્ષ, સેતુ સમાજ સંદેશ સંચાલન સમિતિ**


મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૨૦૦
આજીવન લવાજમ : ₹ ૧૫૦૦

મહાસભા વેબસાઇટ
www.kgksamaj.org

રકમ કોઇપણ Bank of Baroda - Anjar ની શાખામાં "Setu Samaj Sandesh" ના
Saving A/c. No. 03740100017955
IFSC Code - BARB0ANJARX (5th Character is Zero) માં ભરી શકાય છે.
E-mail : setusamaj@gmail.com Visit us on at : www.setusamajsandesh.org

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂં નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.



Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



પ્રમુખશ્રી મહાસભા

**શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા**
'અંબર', વાત્સલ્ય ભૂમિ, વાઠોડા,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) 35
Mob. 9373129642

સહ વીર્યં કરવાવહૈ

મહામંત્રીશ્રી મહાસભા

**શ્રી વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર**
પ્લોટ નં. 26-બી, બાલાજીનગર-1
અંજાર (કચ્છ) 370 110
Mob. 09978790488

**Regd. Office : 22, Hysham Road, Kolkata - 700 020 (W.B.)**

**Main Office :** Shri Kshatriya Gyati Sewa Samiti, Opp. Satkar Hotel, Civil Station Road, Po. Raipur (C.G.) 492009. **Ph./Fax : 0771 - 4098024**

**NAGPUR Office :** "AMBER", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35. **Mob. 937312642** **ANJAR Office :** Shop No. 5, Balaji Chambers - 2, Below Hotel Payal, Po. ANJAR (Kutch) 370 110, **Mob. 9978790488**


## પ્રમુખ સ્થાનેથી...

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના સત્ર ૨૦૨૪-૨૦૨૬ માટેની નવનિયુક્ત કાર્યકારીણીની વરણી કરી ગયા મહિનાના સેતુ સમાજ સંદેશમાં પ્રકાશિત કરવામાં આવેલ છે. દરેક સભ્યોને પોતાને સોંપેલ જવાબદારીનું સારી રીતે વહન કરી ઉત્કૃષ્ઠ સેવાકીય પરિણામ મેળવવા પ્રતિબદ્ધ રહેશો તેવી શુભકામના પાઠવું છું. આદ. હોદ્દેદારશ્રીઓ અને વિવિધ સમિતિના પ્રભાર ઉપરાંત મહાસભાના વિવિધ કાર્યો માટે હોદ્દેદારશ્રીઓને અલગ-અલગ પ્રભાર સોંપવાનું કાર્ય લગભગ સુપેરે પાર પાડેલ છે. ગયા અંકમાં હોદ્દેદારશ્રીઓને વિવિધ પ્રભાર સોંપેલ તેના સીવાયની જવાબદારીઓ નિયુક્તિ પામેલ હોદ્દેદારશ્રીઓને સોંપવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| શ્રી મનોજભાઇ પી. સોલંકી | ઉપપ્રમુખ | માધાપર | સંગઠન પ્રભારીશ્રી મહાસભા |
| શ્રી ભોગીલાલભાઇ ડી. ચાવડા | ઉપપ્રમુખ | મુન્દ્રા | સંગઠન સહપ્રભારીશ્રી મહાસભા |
| શ્રી સુનિલભાઇ વી. ચાવડા | ઉપપ્રમુખ | હૈદ્રાબાદ | પ્રભારીશ્રી આકાંક્ષા સમિતિ |
| શ્રી હેમંતભાઇ એચ. ગોહિલ | ઉપપ્રમુખ | રાયપુર | પ્રભારીશ્રી ડીજીટલ વસ્તીપત્રક |
| શ્રી અંબાલાલભાઇ વી. ચૌહાણ | ઉપપ્રમુખ | બિલાસપુર | સહપ્રભારીશ્રી ડીજીટલ વસ્તીપત્રક |
| શ્રી નિખિલભાઇ ડી. ચૌહાણ | ઉપપ્રમુખ | નાગપુર | પ્રભારીશ્રી આર્થિક ઉત્કર્ષ |
| શ્રી અનિલભાઇ જીવરામભાઇ ચૌહાણ | ઉપપ્રમુખ | કુમ્હારી | સહપ્રભારીશ્રી આર્થિક ઉત્કર્ષ |
| શ્રી ભરતભાઇ એચ. ચાવડા | ઉપપ્રમુખ | રાયપુર | સહપ્રભારીશ્રી આકસ્મીત સહાયતા |
| શ્રી સુરેશભાઇ આર. ચૌહાણ | મંત્રી | કોરબા | મીટીંગ સંચાલન |
| શ્રી ગૌરવભાઇ એચ. ચાવડા | મંત્રી | રાયપુર | મીડીયા પ્રભારીશ્રી (KGKOne) |
| શ્રી દિલીપભાઇ ડી. ચૌહાણ | મંત્રી | ચંદ્રપુર | મીટીંગ મિનિટ્સ |
| શ્રી કિશોરભાઇ બી. ટાંક | મંત્રી | રાઉરકેલા | મીટીંગ વ્યવસ્થા |
| શ્રી ભગવાનજીભાઇ બી. રાઠોડ | મંત્રી | નાગલપર | પ્રભારીશ્રી લીગલ ડેસ્ક |
| શ્રીમતી ગીતાબેન એન. ચૌહાણ | પ્રમુખ (અ.ભા.મ.મંડળ) | નાસીકરોડ | પ્રભારીશ્રી વેબેક્સ |
| શ્રી ગૌરવભાઇ જગદીશભાઇ ટાંક | પ્રમુખ (અ.ભા.યુ.મંડળ) | નાગપુર | પ્રભારીશ્રી હેલ્પ ડેસ્ક |
| શ્રી દિનેશભાઇ ખેમરાજભાઇ પરમાર | વિશેષ આમંત્રીત | રાઉરકેલા | |
| શ્રી દિનેશભાઇ ચીમનલાલ ચાવડા | કાર્યવાહક સભ્ય | પૂના | પ્રભારીશ્રી ઘટકોના માળખાનું પુનઃગઠન |
| શ્રી શાંતિલાલ પ્રેમજીભાઇ જેઠવા | વિશેષ આમંત્રીત | અંજાર | પ્રભારીશ્રી, અન્નપુર્ણા યોજના |

મહાસભાની કાર્યવાહક સમિતિની **અર્ધવાર્ષિક બેઠક પૂર્વ ઓરિસ્સા પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા કટક (ઓરિસ્સા) ઘટકના સ્નેહમય આમંત્રણથી તા. ૮ અને ૯ જુન-૨૦૨૪**ના બે દિવસ દરમ્યાન આયોજીત કરવામાં આવી રહી છે. સત્રના પ્રારંભે પ્રથમ મીટીંગમાં જ **સર્વે કાર્યવાહક સભ્યશ્રીઓ, વિશેષ આમંત્રિત, હોદ્દેદારશ્રીઓ અને સમિતિના પ્રભારીશ્રીઓ અનિવાર્ય રૂપે હાજર રહી સમાજ સંગઠનના કાર્યમાં આપનું યોગદાન આપશો તે માટે ખાસ અનુરોધ કરું છું.** આયોજન વિગતો અને મીટીંગ એજન્ડા આવતા અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

**યોગેશભાઇ મગનભાઇ ચાવડા - પ્રમુખશ્રી, મહાસભા**

# અંતરના અભિનંદન



**શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ**
નવનિર્વાચીત પ્રમુખશ્રી
શ્રી ક.ગુ.ક્ષ. અખિલ ભારતીય મહિલા મહામંડળ
(સત્ર : ૨૦૨૪-૨૦૨૬)



**શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા**
નવનિર્વાચીત પ્રમુખશ્રી
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા
(સત્ર : ૨૦૨૪-૨૦૨૬)



**શ્રી ગૌરવભાઈ જગદિશભાઈ ટાંક**
નવનિર્વાચીત પ્રમુખશ્રી
શ્રી ક.ગુ.ક્ષ. અખિલ ભારતીય યુવા મહામંડળ
(સત્ર : ૨૦૨૪-૨૦૨૬)

આપશ્રીઓની શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજની રાષ્ટ્રીય સંસ્થાના ઉપરોક્ત ગૌરવવંતા પદે બિનહરીફ વરણી થવા બદલ અમો ખુબજ ગૌરવ અને હર્ષની લાગણી અનુભવીએ છીએ. આપના નેતૃત્વમાં આપણા સમાજનો સર્વાંગી વિકાસ થાય, સમગ્ર સમાજમાં સંગઠન-એક્તાની ભાવનાથી સમસ્ત સમાજમાં સામાજીક ઉત્કર્ષના કાર્યોને વેગ મળે, યુવા ઉત્કર્ષ, મહિલા ઉત્કર્ષના કાર્યો યુવા મહામંડળ એવં મહિલા મહામંડળ દ્વારા નિરંતર થતાં રહે એવી હાર્દિક શુભેચ્છા સહ જય સમાજ...

:: શુભેચ્છક ::




**શ્રીમતી મીનાબેન યોગેશભાઈ ચાવડા**
**શ્રી આતુર યોગેશભાઈ ચાવડા  શ્રીમતી અભિલાષા આતુર ચાવડા  કુ. લક્ષિકા આતુર ચાવડા**
**શ્રી રૌનક યોગેશભાઈ ચાવડા  શ્રીમતી કિંજલ રૌનક ચાવડા**
**દેશમાં ગામ : ચંદિયા, હાલ મુકામ : નાગપુર**

|| જય સિયારામ || || જય સિયારામ || || જય સિયારામ || || જય સિયારામ || || જય સિયારામ ||

|| હાર્દિક અભિનંદન ||

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટકનું ગૌરવ



# માધાપર ઘટકના પ્રમુખ
# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
# એવં
# મહાસભા ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી

આપશ્રી બન્ને ભાઈઓને શ્રી રામજન્મ ભૂમિ અયોધ્યા મુકામે તા. ૨૨/૦૧/૨૦૨૪ના શ્રી રામ ભગવાનના પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં આમંત્રણ મળતા ત્યાં હાજર રહી શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટકને ગૌરવ અપાવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...

:: શુભેચ્છકશ્રીઓ ::

બ્ર.કુ. શ્રી બાબુભાઈ એ. પરમાર (ઉપપ્રમુખશ્રી માધાપર ઘટક)
તથા સમસ્ત કારોબારી

શ્રીમતી તારાબેન આર. ટાંક (પ્રમુખશ્રી માધાપર મહિલા મંડળ)
તથા સમસ્ત કારોબારી

શ્રી ભરતભાઈ જે. રાઠોડ (પ્રમુખશ્રી માધાપર યુવા મંડળ)
તથા સમસ્ત કારોબારી

|| જય સિયારામ || || જય સિયારામ || || જય સિયારામ || || જય સિયારામ || || જય સિયારામ ||

‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકીના સુપુત્ર
માધાપર નિવાસી શ્રી મોહિતભાઈ વિનોદભાઈ સોલંકીના
જન્મદિન (૧૩-૦૩-૨૦૨૪) નિમિત્તે
‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર તરફથી

# લાયન્સ હોસ્પિટલ ભુજ મધ્યે

# આંખનો શ્રી નેત્રમણી ઓપરેશન મેગા કેમ્પ

આપણા સમાજના આંખના જરૂરીયાતમંદ દર્દીઓને લાભ લેવા ખાસ અનુરોધ કરવામાં આવે છે.

ગુરૂજી



મહામંડલેશ્વર મહંતશ્રી ઓમકારદાસજી મહારાજ
ગૌમુખમઠ ભાદોગાંવ (ગંજાલ)

સ્મૃતિ



પિતાશ્રી સ્વ.પુરૂષોત્તમભાઈ
ડાહ્યાભાઈ સોલંકી

સ્મૃતિ



માતૃશ્રી સ્વ.પુષ્પાબેન
પુરૂષોત્તમભાઈ સોલંકી



‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઈ
પુરૂષોત્તમભાઈ સોલંકી



શ્રીમતી નીતાબેન
વિનોદભાઈ સોલંકી



લાયન મોહિતભાઈ
વિનોદભાઈ સોલંકી



શ્રીમતી ઋતુબેન
મોહિતભાઈ સોલંકી

## દાતા પરિવાર

સમાજરત્ન શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર
શ્રીમતી નીતાબેન વિનોદભાઈ સોલંકી (પત્ની)
MJF લાયન મોહિતભાઈ વિનોદભાઈ સોલંકી (પુત્ર)
શ્રીમતી ઋતુબેન મોહિતભાઈ સોલંકી (પુત્રવધુ)
શ્રીમતી મૈત્રીબેન સુમીતકુમાર ખોડિયાર (પુત્રી)

## મુખ્ય મહેમાનશ્રીઓ

ગં સ્વ જ્યોતિબેન મહેશભાઈ સોલંકી (માધાપર)
ડો. શ્રી મનોજભાઈ પુરૂષોત્તમ સોલંકી પરિવાર (માધાપર)
શ્રી હરિભાઈ ગોપાલભાઈ ડાંગર પરિવાર (નાડાપા)
શ્રી સુમીતકુમાર અનિલભાઈ ખોડીયાર (અંજાર)
શ્રીમતી મૈત્રીબેન સુમીતકુમાર ખોડીયાર (અંજાર)
ગં.સ્વ. નયનાબેન રમેશભાઈ ચૌહાણ પરિવાર (ગાંધીધામ)
શ્રી ભરતભાઈ કાંતિલાલ વેગડ વેવાઈ (અંજાર)

## ઉદ્દ્ઘાટાશ્રી

MJF લાયન મોહિતભાઈ વિનોદભાઈ સોલંકી

**17-03-2024, રવિવાર સવારે 09.00 કલાકે**
**LNM ગ્રુપ લાયન્સ હોસ્પિટલ, રાવલવાડી રીલોકેશન સાઈટ, ભુજ–કચ્છ**

+91 98252 25416, lnmlionshospitalbhuj@gmail.com
WebSite : www.lionshospitalbhuj.org , Follow us on :

**સૌજન્ય : શ્રીરામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ - માધાપર સમગ્ર સ્ટાફ પરિવાર**

# ॥ હાર્દિક અભિનંદન ॥



## શ્રી ગૌરવ જગદિશભાઈ ટાંક - નાગપુર (મહારાષ્ટ્ર)

**નવનિર્વાચીત પ્રમુખશ્રી, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ (સત્ર : ૨૦૨૪–૨૦૨૬)**

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળના સત્ર ૨૦૨૪–૨૦૨૬ના પ્રમુખ પદે આપની વરણી થતાં અમો ગૌરવ અનુભવીએ છીએ... આપના કુશળ નેતૃત્વમાં સમસ્ત ભારત વર્ષના યુવા મંડળોનો સર્વાંગી વિકાસ થાય અને આપણા સમાજ ઉતરોત્તર પ્રગતિના શિખરો સર કરે તેવી અભિલાષા સહ અંતરના હાર્દિક અભિનંદન...જય સમાજ...



:: શુભેચ્છક પરિવારજનો ::

કુસુમબેન ચૌહાણ
યોગેશભાઈ પી. ચૌહાણ
ગિતિકાબેન વાય. ચૌહાણ
હરિશભાઈ પી. ચૌહાણ
યોગીતાબેન એચ. ચૌહાણ
અંકિત વાય. ચૌહાણ
દેવાંશી એ. ચૌહાણ
પૂર્વિ એચ. ચૌહાણ
અન્વી એચ. ચૌહાણ
રેખાબેન આર. પરમાર
રવિભાઈ પરમાર

**અંકિત ટીમ્બર માર્ટ    યોગેશ ટ્રેડીંગ કંપની**

|| પ્રણામ ||

# “તુમ સેવા સે પાઓગે પાર”




**સડક કભી ભી સીધી નહીં હોતી, કુછ દેર બાદ મોડ અવશ્ય આતા હૈ,**
**જીંદગી ભી સડક જૈસી હૈ, બસ ધૈર્ય કે સાથ ચલતે રહો, સુખદ મોડ અવશ્ય આયેગા...**



**શ્રી નાનાલાલ એચ. સોલંકી** અંજાર (કચ્છ)
વરીષ્ઠ સિનીયર સીટીઝન (ઉ.વ.૮૩)



**શ્રીમતી રસિલાબેન એન. સોલંકી** અંજાર (કચ્છ)
સિનીયર સીટીઝન (ઉ.વ.૭૩)

## દાતાશ્રી પરિવાર દ્વારા વિવિધ ધાર્મિક એવં સામાજીક ક્ષેત્રે અપાયેલ દાનની વિગત

| | | |
|---|---|---|
| શ્રી પ્રાણનાથ જ્ઞાનપીઠ ટ્રસ્ટ, સરસાવા, જિ. સહારનપુર (યુ.પી.) | ૧,૨૫,૦૦૦/– | મારફત સાગરની પ્રકાશન અંગેની સેવા |
| શ્રી ૧૦૮ પ્રાણનાથજી મંદિર ટ્રસ્ટ પન્ના (એમ.પી.) | ૧,૧૧,૦૦૦/– | શ્રી કળશ મહોત્સવ સેવા |
| શ્રી કૃષ્ણ પ્રણામી નિજાનંદ સેવાશ્રમ પાદરા રોડ, વડોદરા | ૫૧,૦૦૦/– | શ્રી કળશ મહોત્સવ સેવા |
| શ્રી કૃષ્ણ પ્રણામી નિજાનંદ સેવાશ્રમ પાદરા રોડ, વડોદરા | ૫૧,૦૦૦/– | દવાખાનાની એક વર્ષની સેવા વર્ષ–૨૦૨૩ |
| શ્રી વાછરાડાડા ચામુંડા કુળદેવી ટ્રસ્ટ જાંબુડી, તા. ભુજ | ૫૧,૦૦૦/– | મંદિરના રીનોવેશન કાર્યમાં આર્થિક સહાય |
| શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ – અંજાર | ૫૧,૦૦૦/– | વિશ્રાંતિ ભવન–૨ બાંધકામમાં સહયોગ |
| શ્રી પ્રાણનાથ જ્ઞાનપીઠ ટ્રસ્ટ, સરસાવા, જિ. સહારનપુર (યુ.પી.) | ૫૦,૦૦૦/– | આશ્રમના અન્નક્ષેત્રમાં આર્થિક સહાય |
| શ્રી મામા વિરા સાહેબ મંદિર નવનિર્માણ ગામ : સતાપર, તા. અંજાર (કચ્છ) | ૧૧,૦૦૦/– | નવા મંદિરના નિર્માણ કાર્ય માટે |
| શ્રી કૃષ્ણ પ્રણામી નિજાનંદ સેવાશ્રમ પાદરા રોડ, વડોદરા | ૫,૧૦૦/– | ગૌશાળા નિભાવ સેવા |

**શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઈ સોલંકી – મો. ૯૫૩૭૩૯૫૭૦૩, ૯૬૬૨૭૩૯૬૬૬**



Congratulations

# Aeisha Hemang Varu

## on your Graduation




**With blessing of Shree Chaval Ma (Hajapar)** and extend our heartfelt congratulations to Aeisha for her remarkable achievement in obtaining a **Master of Arts in Media and Public Relations in merit from University of Leicester, United Kingdom.** This milestone not only reflects her dedication and hard work but also exemplifies her passion for excellence in the dynamic field of media and public relations. Her ability to navigate complexities, coupled with her creativity and innovative thinking, sets her apart as a future leader in the industry.

Throughout her academic journey, Aeisha has completed her **10th CBSE with 87% , in 12th CBSE with 84 % from Delhi Public school - Vadodara and also finished her Bachelor of Arts in English Literature with 83 % and also ranked 3rd in her department at Maharaja Sayajirao University (MSU) of Vadodara .**

As Aeisha embarks on the next chapter of her career, we are confident that her education, coupled with her determination and resilience, will continue to propel her towards success. We are immensely proud of her accomplishments and look forward to witnessing her continued growth and impact in the field.

**Congratulations, Aeisha, on this well-deserved achievement. May your journey ahead be filled with endless opportunities and fulfillment.**

***With love and pride :-***

**Shri Jethala Varu** (Dada) **Lt. Ushaben Varu** (Dadi)

**Lt. Jayshing Rathore** (Nana) **Smt. Nalini Rathore** (Nani)

**Bhawna Hemang Varu** ( Mother - Father) **Hirak Varu** (Brother)

**Also Warm wishes from all Varu and Rathore family**

**Hemang Varu** (90330 60699) **Bhawna Varu** (98980 60699)

**A- 402, Solitude -1, B/H Narayanwadi, Opp Deeps Party Plot, Vadodara - 390012**

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા મેરેજ બ્યુરો સમિતિ** આયોજીત

# સર્વ પ્રથમ ડેસ્ટીનેશન મેરેજ બ્યુરો
# "શુભ મંગલ પરિચય મિલન-૨૦૨૪"

**(તા. ૩૦-૦૪-૨૦૨૪ના રોજ ૨૮ વર્ષ સુધીના પાત્રો માટે) (Under 28Yrs.)**

**તા. ૪ થી ૫ મે-૨૦૨૪, શનિવાર, રવિવાર,**

**સ્થળ : પ્રેક્ષા ધ્યાન એકેડમી, પ્રેક્ષા વિશ્વભારતી પરિસર, કોબા - ગાંધીનગર હાઇવે, કોબા પાટીયા (ગાંધીનગર) ગુજરાત - ૩૮૨૨૦૯**

સર્વે સન્માનિય સમાજબંધુઓ...

જય સમાજ સહ સાદર વંદન... આપણી રાષ્ટ્રીય મહાસભાના યશસ્વી પ્રમુખ આદ. શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાની કર્મશીલ, ગતિશીલ, પરિણામલક્ષી ટીમના એક ભાગ રૂપે મહાસભાના વરીષ્ઠ વડીલો સાથે વિશદ્ ચર્ચા-વિચારણાને અંતે, આપણા સમાજની સગપણ સમસ્યાના સમાધાન માટે એક તદ્દન નવતર પરિણામલક્ષી પ્રયોગના ભાગરૂપે આગામી તા. ૪, ૫ મે-૨૦૨૪, શનિવાર, રવિવારના રોજ ગુજરાત રાજ્યની નયનરમ્ય રાજધાની ગાંધીનગર (અમદાવાદ) મધ્યે જૈન સમાજના વિરાટ સંકુલ મધ્યે (૮૦ એ.સી. રૂમ, ૨૦ નોન એ.સી. રૂમ, ૧ એ.સી. હોલ) આયોજીત કરેલ છે. આ ડેસ્ટીનેશન મેરેજબ્યુરોમાં ભાગ લેવા માટે પૂર્વ રજીસ્ટ્રેશન આવશ્યક રહેશે.

**નિયમો :** (૧) માત્ર તા. ૩૦-૦૪-૨૦૨૪ના રોજ ૨૮ વર્ષ સુધીના ઉમેદવાર પ્રવેશપાત્ર છે. (૨) એક ઉમેદવાર સાથે બે વાલી (૧+૨) આવી શકશે. (૩) રજીસ્ટર્ડ પાત્ર સિવાય પ્રવેશ નિષેધ રહેશે. (૪) આ આયોજન ૫૦ કુમાર - ૫૦ કુમારીકાઓ માટેનું હોઇ વહેલા તે પહેલાના ધોરણે સ-શુલ્ક રજીસ્ટ્રેન કરાવી શકાશે. (૫) એકપાત્ર + ૨ વાલીનું સંયુક્ત રજીસ્ટ્રેશન (૩ વ્યક્તિનું) શુલ્ક રૂા. ૮૦૦૦/- અગ્રીમ ભરવાના રહેશે. (૬) આ રજીસ્ટ્રેશન શુલ્કમાં ૩ બેડ એ.સી. રૂમ, ૨-લંચ, ૧-ડીનર, ૧-બ્રેકફાસ્ટ, ૨ હાઇ-ટી, એ.સી. હોલમાં કાર્યક્રમ, રાત્રે મ્યુઝકલ પાર્ટી વિગેરેનો સમાવેશ થાય છે. (૭) રજીસ્ટર્ડ પાત્રો + વાલીએ અહીં આપેલ કાર્યક્રમ સ્થળે, સમયસર પહોંચી આવવાનું અને જવાનું રહેશે. (૮) એ.સી. રૂમમાં ૩ બેડ - રૂા. ૮૦૦૦/-, ૪ બેડ - રૂા. ૬૦૦૦/- (૯) નોન એ.સી. રૂમમાં ૩ બેડ રૂા. ૬૦૦૦/-, ૪ બેડ રૂા. ૪૦૦૦/- (૧૦) અગ્રીમ રજીસ્ટ્રેશન શુલ્ક નોન રીફન્ડેબલ રહેશે. (૧૧) આ નવતર કાર્યક્રમ પરિણામલક્ષી સગપણ સંમલન કરવાનો હોઇ, આયોજનમાં ઘરનું સમજી આયોજકોને સહકાર આપવાનો રહેશે.

## શુભ મંગલ પરિચય મિલન-૨૦૨૪ સૂચિત કાર્યક્રમની રૂપરેખા

**તારીખ : ૦૪/૦૫/૨૦૨૪, શનિવાર**

| | | |
|---|---|---|
| સવારે ૧૧.૦૦ કલાકે | : | આગમન - રજીસ્ટ્રેશન-ચેકઇન |
| બપોરે ૧૨.૩૦ કલાકે | : | લંચ |
| બપોરે ૩.૦૦ કલાકે | : | મેરેજ બ્યુરો કાર્યક્રમ |
| સાંજે ૪.૩૦ કલાકે | : | હાઇ ટી બ્રેક |
| સાંજે ૪.૪૫ કલાકે | : | મેરેજ બ્યુરો કાર્યક્રમ |
| સાંજે ૬.૩૦ કલાકે | : | મોટીવેશન સ્પીચ |
| સાંજે ૭.૩૦ કલાકે | : | વિરામ |
| રાત્રે ૮.૦૦ કલાકે | : | ડીનર |
| રાત્રે ૯.૦૦ કલાકે | : | કરાઓકે-મ્યુઝીકલ પાર્ટી |
| રાત્રે ૧૦.૩૦ કલાકે | : | વિરામ |

**તા. ૦૫-૦૫-૨૦૨૪, રવિવાર**

| | | |
|---|---|---|
| સવારે ૮.૦૦ કલાકે | : | બ્રેકફાસ્ટ |
| સવારે ૯.૩૦ કલાકે | : | મેરેજ બ્યુરો કાર્યક્રમ |
| સવારે ૧૦.૪૫ કલાકે | : | ટી બ્રેક |
| સવારે ૧૧.૦૦ કલાકે | : | મેરેજ બ્યુરો કાર્યક્રમ |
| બપોરે ૨.૦૦ કલાકે | : | લંચ |
| બપોરે ૩.૦૦ કલાકે | : | સમાપન-વિદાય |

**ખાસ નોંધ : ઉમેદવારની ઉમર મર્યાદા તા. ૩૦-૦૪-૨૦૨૪ના રોજ ૨૮ વર્ષ સુધીની વયમર્યાદા હોવી જોઇએ.**

Scan this QR Code for Online Payment

UPI Id : amitavijaysolanki@okhdfcbank

Scan this QR Code for Registration Form online Line

https://forms.gle/f77UEPQDsNVt9pwE7

:: વિનિત ::

**શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી (પ્રભારીશ્રી-મહાસભા મેરેજ બ્યુરો સમિતિ) મો. ૯૮૨૫૯૨૯૫૯૧**

| | | | |
|---|---|---|---|
| શ્રી ભાવેશભાઇ નરસીભાઇ ગોહિલ | શ્રી હિતેશભાઇ ભોગીલાલભાઇ ચૌહાણ | શ્રી ગૌરવભાઇ હરિલાલભાઇ ચાવડા | શ્રી પ્રકાશભાઇ હરિલાલભાઇ રાઠોડ |
| પ્રભારી - સોશ્યલ મેનેજમેન્ટ | મિડિયા પ્રભારી - મહાસભા મેરેજ બ્યુરો સમિતિ | રજીસ્ટ્રેશન મેનેજમેન્ટ | એન્કર મેનેજમેન્ટ |
| મો. ૮૮૩૯૪૦૨૭૫૨ | મો. ૯૯૦૯૦૬૯૦૫૭ | મો. ૯૮૨૭૧૧૬૧૪૧ | મો. ૯૩૦૦૧૦૦૨૨૫ |

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

સહ વીર્યં કરવાવહૈ

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

# સહયોગ શુલ્ક અને વાર્ષિક જાહેર ખબર અંગે જાહેર વિજ્ઞપ્તિ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના મુખપત્ર સેતુ સમાજ સંદેશના આર્થિક ખર્ચને પહોંચી વળવા માટે સમાજબંધુઓ દ્વારા વાર્ષિક લવાજમ, આજીવન લવાજમ અને સહયોગ શુલ્ક તેમજ વાર્ષિક જાહેર ખબર દ્વારા આર્થિક યોગદાન આપવામાં આવે છે તે બદલ સર્વે યોગદાન આપનાર સમાજબંધુઓનો આભાર વ્યક્ત કરીએ છીએ.

મિત્રો, હાલના સંજોગોમાં પ્રિન્ટીંગ કોસ્ટમાં વધારો, પેપરના ભાવમાં સતત વધારો એવં ભૂતકાળમાં જે પેપર ક્વોલીટીનો ઉપયોગ કરતા તેના કરતા વિશેષ સારી ક્વોલીટીના ગ્લોઝી પેપર પર કલર પેજ અને બ્લેક એન્ડ વ્હાઇટ મેટર માટે પણ સારી ક્વોલીટીના પેપરનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત અન્ય ખર્ચમાં તોતિંગ વધારો થવાને કારણે સેતુ સમાજ સંદેશને ગયા નાણાંકીય વર્ષમાં ૧૪ લાખ ખોટનો સામનો કરવો પડેલ છે. સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણીના ભાગ રૂપે ઘરે ઘરે મુખપત્ર પહોંચે તેવા અભિયાનને અભૂતપૂર્વ સફળતા મળેલ અને લગભગ ૧૫૦૦ નકલોનો વધારો થયેલ છે. હાલમાં છ હજાર કોપીનું પ્રકાશન કરવામાં આવી રહેલ છે જેના કારણે દરેક માસના અંક દિઠ લગભગ એક લાખ  રૂપિયાનો તોટાળો થઇ રહ્યો છે. આ ઘટાડો સરભર કરી શકાય તો જ મુખપત્રને લાંબો સમય ટકાવી રાખી શકીએ તેવી પરિસ્થિતિ નિર્માણ થયેલ છે. માટે આ પ્રશ્ન આપ સૌ સમાજબાંધવો સમક્ષ મુકીને લગભગ ૧૫ વર્ષ પહેલાથી ચાલ્યા આવતા વાર્ષિક જાહેરાત અને સહયોગ શુલ્કના દરોમાં વધારો જરૂરી બનતા મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ ચાવડા અને કોર કમીટી સાથે ચર્ચા-વિચારણા કીર એપ્રિલ-૨૦૨૪થી અમલમાં આવે તે રીતે નવા સહયોગ શુલ્કની માહિતિ સૌ સમાજબંધુઓની જાણકારી અર્થે આપી રહ્યા છીએ. આશા છે કે આપ સૌ સુજ્ઞ સમાજબંધુઓ તેનો અભ્યાસ કરી સહકાર આપેશો. જય સમાજ...

| ક્રમ | વિગત | સહયોગ શુલ્ક | માસીક |
|---|---|---|---|
| ૧ | વાર્ષિક જાહેરાત (Last Page) Colour | 60,000 (વાર્ષિક) | 10,000 |
| ૨ | ટાઇટલ પેજ (૨ અને ૩) Colour | 50,000 (વાર્ષિક) | 8,000 |
| ૩ | વાર્ષિક જાહેરાત (ફુલ પેજ) Colour | 40,000 (વાર્ષિક) | |
| ૪ | વાર્ષિક જાહેરાત (1/2 પેજ) Colour | 25,000 (વાર્ષિક) | |
| ૫ | રેગ્યુલર ફુલ પેજ Colour | 7,000 | |
| ૭ | રેગ્યુલર (1/2 પેજ) Colour | 3,500 | |
| ૮ | રેગ્યુલર (1/4 પેજ) Colour | 2,000 | |
| ૯ | વાર્ષિક જાહેરાત (B/W) ફુલ પેજ | 25,000 | |
| ૧૦ | વાષિર્ક જાહેરાત (1/2 પેજ) (B/W) | 15,000 | |
| ૧૧ | વાર્ષિક જાહેરાત (1/4 પેજ) (B/W) | 10,000 | |
| ૧૨ | રેગ્યુલર ફુલ પેજ - (B/W) | 2,500 | |
| ૧૩ | રેગ્યુલર (1/2 પેજ) (B/W) | 1,500 | |
| ૧૪ | રેગ્યુલર (1/4 પેજ) (B/W) | 1,000 | |
| ૧૫ | આજીવન લવાજમ | 3,000 | |
| ૧૬ | વાર્ષિક લવાજમ | 500 | |
| ૧૭ | હોમ-હવન-કુળદેવીની વિગત | 500 | |

ઉપરોક્ત સહયોગ શુલ્ક એપ્રિલ'૨૦૨૪માં પ્રકાશીત થનાર જાહેર ખબરોથી લાગુ થશે.

ટાઇટલ લાસ્ટ પેજ અને ઇન્નર ટાઇટલ વાર્ષિક જાહેરખબર ન હોય તો માસિક શુલ્ક રૂા. ૧૦,૦૦૦ અને ૮,૦૦૦ મુજબ રહેશે.

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



શ્રી વિનોદભાઈ ચૌહાણ
પ્રભારીશ્રી

# અભિલાષા-૫

**॥ શિક્ષણ દાન એજ મહાદાન ॥**


સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

**Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314**

નમસ્કાર... જય સમાજ... શિક્ષણ સહાયના ક્ષેત્રે સેવાના આપતી મહાસભા અભિલાષા સમિતિની આ કોલમના માધ્યમથી આપ સૌ શુભચિંતકો અને દાન-દાતાશ્રીઓનું સ્વાગત છે. કોઈપણ સેવાકાર્યને ચાલુ રાખવા અને આગળ વધારવા નાણાકિય ભંડોળની ખુબજ જરૂરત હોય છે અને આવડના સ્રોતથી ભરપુર આજના સમયમાં સારા-નરસા, ખુશી અને આનંદના અવસરે પોતાની ક્ષમતા અનુસાર નાનું-મોટું દાન આપવું એ આપણા સમાજના તમામ સક્ષમ લોકોની સામાજીક ફરજ છે અને આવું દાન આપનાર અનુરાગીઓને આપણે દાતાશ્રીના માનભર્યા નામથી સંબોધિત કરીને યથાઘટિત સ્થાન આપીએ છીએ.

આવા દાતાશ્રીઓના ક્રમમાં આપણે સૌ પ્રથમ વંદન કરીશું **સ્વ. માતુશ્રી જયાબેન કેશવજીભાઈ ચાવડા પરિવાર – રાયપુર** (મુળ ગામ : દેવળીયા)ને. સ્વ. માતુશ્રી જયાબેન ચાવડાની તા. ૪/૧૨/૨૦૨૩ના રોજ આવેલ **દ્વિતિય પુણ્યતિથિના વંદનિય અવસરે તેમના સુપુત્ર શ્રી**





**દિલીપભાઈ કેશવજીભાઈ ચાવડા – રાયપુર તરફથી રૂા. ૨૫,૦૦૦/– (પચ્ચીસ હજાર)નું દાન આપણા સમાજના શિક્ષણવાંચ્છુ અને આર્થિક રીતે નબળા છાત્રોની શિક્ષણ સહાય માટે આપવામાં આવેલ છે. અત્યાર સુધી રૂા. ૧,૫૦,૦૦૦/–** જેટલું માતબર દાન આપનાર અભિલાષા સમિતિના અનમોલ દાતાશ્રી સ્વ. કેશવજીભાઈ મુલજીભાઈ ચાવડા પરિવારનો ખૂબ ખૂબ આભાર... સાધુવાદ... વંદન... સ્વ. પૂ. જયાબેનને તેમની દ્વિતીય પુણ્યસ્મૃતિએ હાર્દિક અને વિનમ્ર શ્રદ્ધાંજલિ...

દાનદાતાશ્રીઓના આ ક્રમમાં ભુજ ઘટકના અગ્રણી તથા ભુજ વિદ્યાર્થી ભવનના ઉપપ્રમુખ અને સમાજ સેવાના રંગે રંગાયેલું વ્યક્તિત્વ **શ્રી ધીરેનભાઈ દયારામભાઈ ટાંક** તરફથી



ભુજ અને કચ્છના અગ્ર હરોળના તબીબ અને **ભુજ ઘટકના સેવાભાવી પૂર્વ પ્રમુખ સ્વ. ડૉ. શ્રી દયારામભાઈ જીવરામભાઈ ટાંક સાહેબ (મુળ ગામ : કુકમા)ના સ્મરણાર્થે સમાજના આર્થિક રીતે નબળા છાત્રોની શિક્ષણ સહાય માટે રૂા. ૧૧,૦૦૦ (અગિયાર હજાર)નું દાન આપવામાં આવેલ છે.**

આવા ઉદારદિલ દાન બદલ સમાજસેવાના ક્ષેત્રે કાર્યરત સેવાભાવી દંપતિ સૌ. ચંદ્રિકાબેન તથા શ્રી ધીરેનભાઈ ટાંક - ભુજનો ખૂબ ખૂબ આભાર... આભાર...



ભારતભરના આપણા સમાજબાંધવોમાં મુંબઇવાળા નવિનભાઇ... તરીકે ઓળખાતા અને મળવા જેવા માણસ **શ્રી નવિનભાઇ પ્રેમજીભાઇ યાદવ**ની સેવાઓના લખાણ કે વખાણની ક્યાં જરૂરત છે ? લાંબા સમયથી મહાસભાના દરેક અધિવેશન અવસરે આ સમિતિને ઉદાર આર્થિક સહયોગ આપતા શ્રી નવિનભાઇ યાદવની ખુબજ ઉમદા સામાજીક ભાવનાને આ કોલમના માધ્યમથી ખુબ ખુબ વંદન... અભિનંદન... તેમના તરફથી **હરહંમેશની જેમ આ વખતે પણ રાયપુર અધિવેશન સમાપન બાદ રૂા. ૬૦૦૦/–નું દાન આ સમિતિને સમાજના આર્થિક રીતે નબળા છાત્રોની શિક્ષણ સહાય માટે પ્રાપ્ત થયેલ છે.** પોતાના માદરેવતન હાજાપર ગામની આગવી ઓળખને પુનઃસ્થાપિત કરવાની સાથે સમાજ ભવન નિર્માણ કાર્યને આગળ વધારી રહેલા વતન પ્રેમી નવિનભાઇને ખૂબ ખૂબ શુભકામના... તેવી રીતે ગાંધીધામ ઘટકના અગ્રણી **શ્રી અશોકભાઈ અમૃતલાલભાઇ ચૌહાણ** તરફથી તેમના જન્મદિવસ તા.૧૧/૨ ની ખુશાલી માં રૂા. ૫૦૦/- નું દાન મળેલ છે. આભાર અશોકભાઈ...

અને છેલ્લે.... જેમના ઋણ સ્વીકાર વગર આ કોલમનું સમાપન જ ન થાય તેવા પરમ આદરણીય અને આપણા સૌના હૃદય સમ્રાટ **'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી તરફથી પ્રતિમાસ દાનદાતાશ્રી તરીકે માસ ફેબ્રુઆરી–૨૦૨૪ના દાન પેટે રૂા. ૫,૦૦૦/– સાભાર પ્રાપ્ત થયેલ છે.** ખુબ ખુબ આભાર... સમાજરત્નશ્રી...જય સીયારામ..જય સમાજ.

**વિનંતી : અભિલાષા સમિતિ પાસેથી શિક્ષણ સહાય મેળવી જીવનમાં પગભર થયેલા અને આર્થિક ઉપાર્જન કરતા/કમાતા છાત્રોને હાર્દિક વિનંતી કે સમાજનું ઋણ ઉતારવાની ભાવના સાથે આપની આવક અનુસારની રકમ દાન સ્વરૂપે આ સમિતિને અર્પણ કરશો. જેથી આપના જેવા અન્ય જરૂરતમંદ છાત્રોને શિક્ષણ સહાય આપી મદદરૂપ બની શકાય. રૂા. ૫૦૦૦/- કે તેથી ઉપરનું દાન આપનાર છાત્રોના ફોટા સાથેનો આભાર આ કોલમમાં પ્રસિદ્ધ કરીશું.**

– વિનોદ લીલાધર ચૌહાણ – પ્રભારી અને ઉપપ્રમુખ


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**

**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી

**ચેકઇન ટાઇમ :** સવારે ૧૦.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૧૦.૦૦

સરનામું : કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫ મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬, પ્રમુખ : ૯૯૨૪૪૧૧૮૦૭


Hemraj Damji Solanki
Ketan H. Solanki (B.Arch.)
Samir H. Solanki (B.E.)

098221 17126
098226 67940
097654 82266

**M/s. DAMJI GANGJI & Co. (Forest Contractor)**

**M/s. SAMEER TRADERS (Agencies House)**

**3rd DIMENSION (Architect & Engineers)**



D.G. Market, 1st Floor, Opp. Bus Station, Post Box No. 32, Po & Dist. NANDURBAR (M.S.) Ph. 02564 - 222365

## કચ્છ પ્રાદેશિક સમિતિ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કચ્છ પ્રાદેશિક સમિતિની નવનિયુક્ત કારોબારી સમિતિની બેઠક અંજાર ઘટકના સ્નેહમય આમંત્રણથી કચ્છ પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી બાબુલાલભાઇ સામજીભાઇ ચૌહાણના અધ્યક્ષ સ્થાને તા. ૧૩-૦૨-૨૦૨૪ના અંજાર સમાજ ભવનના એ.સી. હોલમાં મળેલ હતી.

સૌ પ્રથમ અંજાર ઘટક દ્વારા કચ્છ પ્રાદેશિક સમિતિના નવનિયુક્ત પ્રમુખ શ્રી બાબુલાલભાઇ સામજીભાઇ ચૌહાણ, નિવૃતમાન પ્રમુખ શ્રી રમણીકભાઇ પ્રાગજીભાઇ વાઢેર, કચ્છ પ્રાદેશિક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ, નિવૃતમાન પ્રમુખ શ્રીમતી ઇલબેન અનંતભાઇ ચાવડા, કચ્છ પ્રાદેશીક યુવા મંડળના નવનિયુક્ત પ્રમુખ શ્રી જયભારત નવીનચંદ્ર જેઠવા, નિવૃતમાન પ્રમુખ શ્રી હીરેનભાઇ હરીલાલ ચૌહાણનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું. આ સન્માન કાર્યક્રમનું સંચાલન અંજાર ઘટકના મહામંત્રી શ્રી વિજયભાઇ પ્રાગજીભઇા પઢિઆર દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ આગળની કાર્યવાહી માટે મંચ કચ્છ પ્રાદેશિક સમિતિને સોંપવામાં આવેલ હતું.

શ્રીમતી ઉષાબેન નવીનભાઇ ચૌહાણે રજુ કરેલ પ્રભુ પ્રાર્થના




બાદ મંચસ્થ મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટય કરવામાં આવેલ હતું. ત્યાર બાદ ૨૦૨૪-૨૬ના સત્ર માટે કચ્છ પ્રાદેશિક સમિતિના નવી નિમાયેલા હોદ્દેદારોના નીચે મુજબના નામોની જાહેરાત કરવામાં આવી હતી.

જેમાં શ્રી બાબુલાલભાઇ સામજીભાઇ ચૌહાણ - પ્રમુખ, શ્રી અનિલભાઇ ધનજીભાઇ ચૌહાણ - મહામંત્રી, શ્રી ધીરજલાલ અરજણભાઇ પરમાર - ચેરમેન, શ્રી જયસિંહભાઇ અમૃતલાલ પરમાર - ઉપપ્રમુખ, શ્રી સુરેશભાઇ અનિલભાઇ ટાંક -




ઉપપ્રમુખ, શ્રી કમલેશભાઇ મુળજીભાઇ પરમાર - ઉપપ્રમુખ, શ્રી કિશનભાઇ રતિલાલ રાઠોડ - ઉપપ્રમુખ, શ્રી રાજેશભાઇ જીવરામભાઇ ટાંક - ઉપપ્રમુખ, શ્રી રમેશચંદ્ર રણછોડભાઇ ચૌહાણ - મંત્રી, શ્રી પ્રકાશભાઇ પ્રાગજીભાઇ ચૌહાણ - મંત્રી, શ્રી રાકેશભાઇ વનરાજભાઇ ટાંક - કોષાધ્યક્ષ, શ્રી મહેન્દ્રભાઇ વલમજીભાઇ વરૂ - સહમંત્રી, શ્રી પ્રવિણભાઇ દેવશીભાઇ ચૌહાણ - સહમંત્રી, શ્રી ગીરીશભાઇ શિવલાલભાઇ ચૌહાણ - સહમંત્રી.

આ બેઠકમાં કચ્છ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા ઘટકોમાંથી જેમની નિમણુંક વર્તમાન સત્ર માટે મહાસભાના હોદ્દેદારો તરીકે થઇ છે તેવા વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા, ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણ, ઉપપ્રમુખ શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા, વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર, મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર, અંજાર કાર્યાલય મંત્રી શ્રી સુરેશભાઇ અનિલભાઇ ટાંક, સેતુ સમાજ સંદેશના મેનેજીંગ તંત્રી શ્રી હિતેશભાઇ ભોગીલાલ ચૌહાણ, સેતુ સમાજ સંદેશના પ્રભારી શ્રી સંજયભાઇ લીલાધરભાઇ પરમાર, મેરેજ બ્યુરોના પ્રભારી શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી, દેશ-વિદેશ સમન્વયના પ્રભારી શ્રી પ્રવિણભાઇ સુર્યકાન્તભાઇ વેગડ, લીગલ ડેસ્કના

પ્રભારી શ્રી ભગવાનજીભાઇ માધવજીભાઇ રાઠોડ તેમજ મહાસભાના કારોબારી સભ્યોનું સાલ ઓઢાડી સન્માન કચ્છ પ્રાદેશિક સમિતિના હોદ્દેદારોના હસ્તે કરવામાં આવેલ હતું.

આ બેઠકમાં કચ્છ પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવાનુ અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા 'નારીરત્ન' એવોર્ડથી સન્માન થતાં ખાસ સન્માન કરવામાં આવેલ હતું.

આ બેઠકમાં મહાસભાના હોદ્દેદારશ્રીઓ દ્વારા તેમના પ્રવચનોમાં કચ્છ પ્રાદેશિક સમિતિની નવી ટીમને શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી અને સમાજ સંગઠન માટે કાર્યો કરવા અનુરોધ કરવામાં આવેલ હતો.

અંતમાં કાર્યક્રમના અધ્યક્ષ શ્રી બાબુલાલભાઇ શામજીભાઇ ચૌહાણે તેમના પ્રવચનમાં બેઠકના સુંદર આયોજન માટે અંજાર ઘટકના પ્રમુખ શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર અને તેમની સમગ્ર ટીમ તથા ભોજનના દાતાશ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડાનો આભાર માનેલ હતો તેમજ આગામી સત્રમાં તેમની ટીમ દ્વારા સારી કામગીરીની ખાત્રી આપેલ હતી. સમગ્ર બેઠકનું સંચાલન કચ્છ પ્રાદેશિક સમિતિના મહામંત્રી શ્રી અનિલભાઇ ધનજીભાઇ ચૌહાણ દ્વારા તથા આભારવિધી મંત્રી શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ દ્વારા કરવામાં આવેલ હતી.

## દુર્ગ ઘટક




તા. ૨૭.૦૧.૨૪ શનિવારે કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ દુર્ગ ઘટકમાં આદરણીય મહાસભા પ્રમુખશ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા, શ્રીમતી મિનાબેન યોગેશભાઈ ચાવડા, અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઈ ચૌહાન તથા અખિલ ભારતીય યુવા મહા મંડળના પ્રમુખશ્રી ગૌરવભાઈ જગદીશભાઈ ટાંકનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. વિશિષ્ઠ અતિથીરૂપે મહાસભા સલાહકાર પ્રમુખશ્રી પ્રફુલભાઈ કેશવજીભાઈ પરમાર તથા અખિલ ભારતીય મહિલા મંડળ ઉપપ્રમુખ શ્રીમતી બિનાબેન પ્રફુલભાઈ પરમારનું પણ સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા અને શ્રી પ્રફુલ્લ ભાઈ કેશવજીભાઈ પરમાર, શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઈ ચૌહાન તથા શ્રી ગૌરવભાઈ જગદીશભાઈ ટાંકએ પ્રસંગોચીત ઉદ્‌બોધન આપ્યું હતું. મહાસભા પદાધિકારીઓ દ્વારા શ્રી દિલખુશભાઈ વરજાંગભાઇ પરમાર અને તેમના સમસ્ત પરિવારનું વિશેષ સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. મહાસભા દ્વારા શ્રી દિલખુશભાઈ વરજાંગભાઈ પરમારને મહાસભામાં માનદ્ સભ્ય રૂપે નિયુક્તી કરવામાં આવી હતી.

સન્માન સમારોહમાં અતિથી રૂપે શ્રી હેમંતભાઈ નાનાલાલભાઈ ચૌહાણ, શ્રી હેમંતભાઇ હરિરામભાઈ ગોહિલ , શ્રી અનિલભાઈ જીવરામભાઈ ચૌહાન, શ્રી હિતેશભાઈ મગન ભાઈ વરુ, શ્રી દયારામભાઈ હિરજીભાઈ ટાંક, શ્રી નરેન્દ્રભાઈ ચિમનભાઈ રાઠોડ, શ્રી મહેન્દ્રભાઈ વરુ, શ્રી નૌત્તમભાઈ વરજાંગભાઈ ટાંક, શ્રી દિલખુશભાઈ વરજાંગભાઈ પરમાર, શ્રી નારાયણભાઈ પુંજાભાઈ રાઠોડ, શ્રી જયોતિભાઇ માધવજીભાઈ ટાંક મંચ પર ઉપસ્થિત હતા.

કાર્યક્રમના અયોજનકર્તા દુર્ગ ઘટકના પ્રમુખ શ્રી તુષારભાઈ તુલસીરામભાઈ ચૌહાન, દુર્ગ ઘટક મહિલા મંડળ પ્રમુખશ્રી જયશ્રીબેન ચાવડા અને યુવા મંડળ અધ્યક્ષ શ્રી બ્રિજેશભાઈ ઓમપ્રકાશભાઈ ચાવડાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સન્માન સમારોહ કાર્યક્રમના સંચાલન સુત્રધાર હતા શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ દુર્ગ ઘટકના સચિવ શ્રી દિલીપકુમાર પ્રાગજીભાઈ પઢીઆર. શ્રી ધીરજભાઈ પુરષોત્તમભાઈ ટાંકના આભાર પ્રદર્શન અને રાષ્ટ્રગીત પશ્ચ્યાત સ્નેહ ભોજન સાથે સમારોહ સંપન્ન થયું.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ યુવા મંડળ, યુવતી મંડળ, મહિલા મંડળ, દુર્ગ ઘટક દ્વારા તા. ૧૪-૧-૨૪ના પિકનિક પાર્ટીનું આયોજન ખુબજ આનંદ ઉત્સાહથી ઉજવવામાં આવ્યું હતું. દરમ્યાન રમત ગમત, ભોજનમાં ઊંધિયાનું શાક અને ખીચડાનું આયોજન કર્યું હતું. બસ થી સોમનાથ મંદિર



(સિમગા)માં રાખેલ આ સમયે લગભગ ૭૦ વ્યકિતઓ એ આ પિકનિક પાર્ટી નો આનંદ માણ્યો હતો.

૭૫મા ગણતંત્ર દિવસ ૨૬ જાન્યુઆરી સમાજ ભવનમાં ઉજવવામાં આવ્યું હતું. ધ્વજવંદન સમાજના વરીષ્ઠ ભૂતપૂર્વ મંત્રી શ્રી જ્યોતિભાઇ માધવજીભાઇ ટાંકના હસ્તે કરવામાં આવ્યું. ધ્વજવંદન બાદ સહુ સમાજબંધુઓ દ્વારા રાષ્ટ્રધ્વજના સન્માનમાં રાષ્ટ્રગીત ગાઇને ધ્વજને સલામી આપી ભારત માતાની જયની સાથે સફળતાપૂર્વક થયું. યુવા મંડળ અને ઘટક દ્વારા આયોજીત બાઇક રેલી યોજવામાં આવી હતી. અંતમાં અલ્પાહાર લઇ સૌ છુટા પડ્યા હતા.

## માધાપર ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર દ્વારા શ્રીરામ જન્મભુમિ અયોધ્યા મધ્યે પોષ સુદ બારસ તા. ૨૨-૦૧-૨૦૨૪ના ભગવાન શ્રીરામની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંદર્ભ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ - માધાપર દ્વારા ઘટક પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી અને ઉપપ્રમુખ બ્ર.કુ. શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમારના માર્ગદર્શન હેઠળ યુવા મંડળ, મહિલા મંડળ, ઘટક અને ગામ લોકોની એક મિટીંગ રાખી ઉત્સવ ઉજવવાનું નક્કી કરવામાં આવેલ અને સમાજ બાંધવોના ઘરની બહાર દિવાલ પર જય સિયારામનો લોગો તેમજ લાપસીના મહાપ્રસાદ માટે એક ખોબો ઘઉં લેવામાં આવ્યા અને ઘર ઉપર ધ્વજ લહેરાવવામાં આવેલ તેમજ સમાજ હસ્તકના મંદિરોને ફુલ તેમજ લાઇટ ડેકોરેશનથી શણગારવામાં આવ્યા હતા અને સમાજના લોકોએ પોતાના ઘરની બહાર તોરણ અને રંગોળી બનાવી તેમજ પાંચ દિપ પ્રગટાવી દિવાળી જેમ ઉજવણી કરેલ હતી.

તા. ૨૨-૦૧-૨૦૨૪ના દિવસે સવારે ૭.૦૦ કલાકે હનુમાન મંદિરથી શરૂ કરી, ખેતરપાળ મંદિર, વિડી ફળીયું, રામ મંદિર અને ત્યાંથી ઠાકર મંદિર ચોક સુધી પ્રભાત ફેરી, ૯.૦૦ કલાકે ભજન-કિર્તન બપોરે ૧૨.૧૫ કલાકે આરતી, ભોગ પ્રસાદ અને ત્યાર બાદ સમુહ મહાપ્રસાદના દાતા 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી પરિવારના શ્રીમતી નીતાબેન સોલંકી, શ્રી મોહિતભાઇ સોલંકી અને શ્રીમતી ઋતુબેન સોલંકીનું સાલ, મોમેન્ટ તેમજ પાઘડી પહેરાવી સન્માન કરવામાં આવેલ હતું અને સાંજે ૫.૩૦ કલાકે રામ મંદિરે (બારલા મંદિર) સત્સંગ અને સંગીતમય મહાઆરતી રાખવામાં આવેલ હતી અને રાત્રે પ્રગતીબેન મહેતાની ટીમે રામના ભજનો ગાઇ ઠાકર મંદિર ચોકનું વાતાવરણ રામમય બનાવી દીધું હતું. ભગવાન શ્રી રામનો ઉત્સવ ઉજવવાનો હોઇ રસોઇ સમાજની ત્રણે પાંખ તેમજ કાર્યકરો શ્રી ઇશ્વરભાઇ ચૌહાણ, શ્રી કુશભાઇ ચૌહાણ, શ્રી જેન્તીભાઇ રાઠોડ, શ્રી ભરતભાઇ એસ. રાઠોડ, શ્રી શાંતિલાલભાઇ ચૌહાણ, શ્રી દામજીભાઇ પરમાર, શ્રી ભરતભાઇ ચાવડા, શ્રી જગમાલભાઇ રાઠોડ તેમજ મહિલા મંડળ, યુવા મંડળ અને ઘટકના હોદ્દેદારો અને સભ્યોએ સાથે મળી જહેમત ઉઠાવેલ હતી.

'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી પરિવાર તરફથી

માધાપર ગામમાં આવેલ તમામ મંદિરોમાં રામ દરબારની ચાંદીની છબી અને તેમના પુજારીને સાલ તેમજ શુલ્ક આપી સન્માનીત કરેલ તેમજ ૨૨-૦૧-૨૦૨૪ના માધાપરના દરેક મંદિરે પધારેલ તમામ ભક્તજનોને પ્રસાદ તેમજ ડૉ. શ્રી મનોજભાઇ પી. સોલંકી તરફથી તમામ શાળાઓના સાત હજાર બાળકોને મીઠાઇ આપવામાં આવેલ હતી. તા. ૨૨-૦૧-૨૦૨૪ના શ્રીરામ મંદિર પાટોત્સવના કાર્યક્રમનું આમંત્રણ મળેલ હોઇ રામ જન્મભૂમિ અયોધ્યા હાજરી આપવા જતાં 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી અને મહાસભાના ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ પી. સોલંકીને માધાપર ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળના હોદ્દેદારો અને સભ્યોએ હાર, નારીયળ તેમજ સાલ ઓઢાડી શુભેચ્છા પાઠવેલ હતી. તા. ૨૩-૦૧-૨૦૨૪ના અયોધ્યાથી પરત આવતા 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી અને મહાસભાના ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ સોલંકીનો સત્કાર સમારંભ ઘટકના ઉપપ્રમુખ બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમારના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ. સૌ પ્રથમ શુભેચ્છા પાઠવેલ હતી. આભારવિધી યુવા મંડળના પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડે અને સંચાલન ઘટક મંત્રી શ્રી ગિરીશભાઇ ચૌહાણે કરેલ હતું.

માધાપર ઘટક દ્વારા ૭૫મા પ્રજાસતાક દિનની ઉજવણી માધાપર ઘટકના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીની ઉપસ્થિતિમાં સમાજ ભવનના પ્રાંગણમાં સૌપ્રથમ પધારેલ સમાજના મહાનુભાવ દ્વારા ભારત માતાને હારારોપણ તેમજ દિપ પ્રાગટ્ય કરી માધાપર યુવતી મંડળના હસ્તે ધ્વજ ફરકાવી કરવામાં આવી ત્યાર બાદ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ પોતાના વકતવ્યમાં મહાસભા દ્વારા માધાપર ઘટકને શ્રેષ્ઠ ઘટક તરીકેનો એવોર્ડ તેમજ અખિલ ભારતીય મહિલા મંડળ દ્વારા માધાપર મહિલા મંડળને પણ શ્રેષ્ઠ મહિલા મંડળ તરીકેનો એવોર્ડ આપવામાં આવેલ તેનો યશ આ સત્ર દરમિયાન કરેલ કામોમાં ઘટક, મહિલા મંડળ, યુવા મંડળના હોદ્દેદારો, કારોબારી સભ્યો તેમજ સર્વે જ્ઞાતિજનોએ સાથ-સહકાર આપેલ તે બદલ સૌનો આભાર વ્યક્ત કરેલ કચ્છ







રામસ્તુતી બોલી શરૂઆત કરવામાં આવેલ ત્યાર બાદ માધાપર ઘટકના ઉપપ્રમુખ બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમાર, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક, યુવા મંડળના પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડ અને તમામ કારોબારી સભ્યો સાથે રહી હાર તેમજ સાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું. પ્રત્યુત્તરમાં ડૉ. શ્રી મનોજભાઇ સોલંકીએ તેમના અનુભવો વર્ણવ્યા હતા અને દરેક સમાજબાંધવોને શ્રીરામ ભગવાનના ગુણો જીવનમાં ઉતારવા જણાવેલ હતું જ્યારે 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકીએ 'રામકાજ કરીબે કો આતુર' દ્વારા જણાવેલ કે રામનું કામ કરવા હંમેશા આગળ આવવું જોઇએ. ભગવાન સિયારામ જો સાથે હોય તો દરેક કામ સફળ થતું હોય છે અને અમને રૂબરૂ શ્રીરામ ભગવાનની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠાનો લ્હાવો મળ્યો તે દિવસ જિંદગીમાં ક્યારેય ભુલાશે નહીં. આ સમારંભમાં સમાજના ભાઇઓ અને બહેનો તેમજ અન્ય સમાજના લોકોએ પણ વ્યક્તિગત સન્માન કરેલ હતું અને પોતાના વકતવ્ય આપી પ્રાદેશિક પ્રમુખ શ્રી બાબુભાઇ એસ. ચૌહાણે પ્રાસંગીક પ્રવચન કરેલ અને ભારત દેશને આઝાદી અપાવવા માટે શહીદ થયેલ વીર સપૂતોના બલિદાનને યાદ કરી ભારત માતાની આન, બાન અને શાન સમાન તિરંગાને સલામી આપી હતી. શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નૂતન કેળવણી મંડળ સંચાલિત બાલસંસ્કાર કેન્દ્રના બાળકોએ કાર્યક્રમ રજુ કરેલ. આ કાર્યક્રમમાં મહાસભાના ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ સોલંકી, શ્રી ચમનભાઇ ચૌહાણ, શ્રી ગજેન્દ્રભાઇ વાઘેલા, બાલસંસ્કાર કેન્દ્રના મુખ્ય શિક્ષિકા શ્રીમતી પ્રતિમાબેન રાઠોડ, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક, શ્રીમતી નીતાબેન સોલંકી, યુવતી મંડળના શ્રીમતી રૂતુબેન સોલંકી, શ્રીમતી નંદિનીબેન સોલંકી અને શ્રીમતી મેઘાબેન ચૌહાણ, શ્રીમતી મયુરીબેન રાઠોડ તેમજ હોદ્દેદારો, સભ્યો અને સમાજના લોકો ઉપસ્થિત રહેલ યુવા મંડળ પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડે આભારવિધી કરી અને કાર્યક્રમનું સંચાલન ઘટક મંત્રી શ્રી ગિરીશભાઇ ચૌહાણે કરેલ હતું.

## પશ્ચિમ ઓડિસા પ્રા.સ.




રાયપુર મધ્યે આયોજીત શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ ચાવડા દ્વારા પશ્ચિમ ઓડિસા પ્રાદેશિક પ્રમુખ માટે નિતિનભાઇ માધવજીભાઇ વરૂની વરણી કરવામાં આવી હતી.

ત્યાર બાદ શ્રી નિતિનભાઇ માધવજીભાઇ વરૂ દ્વારા પશ્ચિમ ઓડિસા પ્રાદેશિકની સત્ર ૨૦૨૪-૨૬ માટે વિવિધ હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં સલાહકાર પ્રમુખ - શ્રી ઘનશ્યામભાઇ કરમશીભાઇ ચૌહાણ - સંબલપુર, સલાહકારશ્રીઓ - શ્રી અનિલભાઇ શિવલાલભાઇ રાઠોડ - ઝારસુગડા, શ્રી વિજયભાઇ વિરજીભાઇ રાઠોડ - ખરીયારરોડ, શ્રી વિરેનભાઇ જગજીવનભાઇ પરમાર - સંબલપુર, પ્રમુખ - શ્રી નિતિનભાઇ માધવજીભાઇ વરૂ - રાઉરકેલા, ઉપપ્રમુખ - શ્રી રાજેશભાઇ રમણીકલાલભાઇ પરમાર - સંબલપુર, મંત્રી - શ્રી કિશોરભાઇ ભગવાનલાલભાઇ ટાંક - રાઉરકેલા, સહમંત્રી - શ્રી યશવંતભાઇ કરમશીભાઇ ચૌહાણ - સંબલપુર, કોષાધ્યક્ષ - શ્રી હરીશભાઇ ભગવાનલાલ ટાંક - રાઉરકેલા તેમજ ૧૩ કાર્યવાહક સભ્યોની વરણી કરવામાં આવી હતી.

## ઉજ્જૈન ઘટક



શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ઉજ્જૈન ઘટક દ્વારા પ્રતિવર્ષાનુસાર આ વર્ષે પણ નવા વર્ષ ૨૦૨૪માં પ્રવાસ અને નવ વર્ષ મિલન સમારોહનું આયોજન તા. ૪-૧-૨૪, ગુરૂવારના દિવસે ધી ગ્રાન્ડ મચ્છલ રિસોર્ટ ઉજ્જૈનથી ૮૦ કી.મી. દુર અહમદાબાદ રોડ પર રાખવામાં આવ્યું હતું.

પ્રવાસ માટે સવારે ૮.૦૦ વાગે હોટલ શ્રીમાયા ફ્રીગંજ થી શ્રી કૈલાશભાઇ મોરારજીભાઇ રાઠોડ અને એમના સુપુત્ર શ્રી કર્નલ રાજ રાઠોડના સૌજન્યથી ચાયની શરૂઆત સાથે થઇ, ત્યાર બાદ ભગવાન શ્રી મહાકાલેશ્વરના જયકાર કરીને પ્રવાસ સ્થળે રવાનગી લેવામાં આવી. થોડવાર પછી પ્રવાસ દૌરાન બસમાં જ અલગ અલગ પરિવારોથી આવેલી વાનગીઓ ગુજરાતી ખમણ, સિંગ ચીકી, સ્પેશલ ઢોકરા ઇત્યાદી નાસ્તાનો સર્વે સભ્યો દ્વારા ખુબજ આનંદ લેવામાં આવ્યો. પછી બસમાં ગીત અને સંગીતની શરૂઆત થઇ બાદમાં અંતાક્ષરી રમતા રમતા બસનો સફર પિકનકી સ્થળે તય કરવામાં આવ્યો. રિસોર્ટમાં એન્ટ્રી ફીની વ્યવસ્થા શ્રી કૈલાશભાઇ રાઠોડ અને એમના સુપુત્ર શ્રી કર્નલરાજ રાઠોડ દ્વારા કરવામાં આવી હતી.

પ્રવાસ સ્થળે વિભિન્ન પ્રકારના આઉટડોર અને ઇનડોર ગેમ્સ હતા. ત્યાર બાદ બપોરના સ્વાદીષ્ટ ભોજનનો આસ્વાદ માણેલ. સાંજે પાર્કમાં ડી.જે.ના તાલે ઉત્સાહપૂર્વક એકલ અને સામુહિક નૃત્ય અને ગરબા કરી ખુબજ આનંદ માણેલ. સાંજે સાત વાગ્યે પિકનીક સ્થળથી બસ દ્વારા રવાનગી લીધી ત્યારે બસમાં અંતાક્ષરી, ગીત-સંગીત, નાચ-ગાનનો આનંદ માણેલ. રાત્રી ભોજનનો આસ્વાદ માણી સૌ છુટા પડ્યા હતા. પ્રવાસનું આયોજન મુખ્ય રૂપથી શ્રી કૈલાશભાઇ મોરારજીભાઇ રાઠોડ અને ઘટકના સર્વે સભ્યોના માધ્યમથી કરવામાં આવ્યું હતું. પ્રવાસમાં મહિલા મંડળ પ્રમુખ અને કાર્યકારીણી સભ્યો દ્વારા સરાહનીય સહયોગ આપવામાં આવ્યો હતો. આ આયોજન બદલ શ્રી કૈલાશભાઇ રાઠોડ પરિવારનો આભાર વ્યક્ત કરવામાં આવેલ.

# બિલાસપુર ઘટક




તા.૨૭ જાન્યુઆરીનાં સત્ર ૨૦૨૪-૨૬ માટે મહાસભાનાં નવા સુકાનીઓંનું છત્તીસગઢ પ્રાદેશિક અંતર્ગત બિલાસપુર ઘટક આંગણે સાદર આગમન અવસરે ભવ્ય સમ્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાસભા પ્રમુખશ્રી આદ. યોગેશભાઈ મગનભાઈ ચાવડા-શ્રીમતી મીનાબેન યોગેશભાઈ ચાવડા (અ.ભા.મ.મહામંડળ ઉપપ્રમુખ), મહાસભા સલાહકાર પ્રમુખશ્રી આદ.પ્રફુલભાઈ કેશવજીભાઈ પરમાર-શ્રીમતી બીનાબેન પ્રફુલભાઈ પરમાર (અ.ભા.મ.મહામંડળ ઉપપ્રમુખ), અ.ભા.મહિલા મહામંડળ પ્રમુખશ્રી શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઈ ચૌહાણ, અ.ભા.યુવા મહામંડળ પ્રમુખશ્રી ગૌરવભાઈ જગદીશભાઈ ટાંક, મહાસભા ઉપપ્રમુખશ્રી હેમંતભાઈ હરિરામભાઈ ગોહિલ તથા એમના સાથે છત્તીસગઢ પ્રા.પ્રમુખશ્રી હેમંતભાઈ નાનાલાલભાઈ ચૌહાણ આ શુભેચ્છા પ્રવાસમાં અતિથિયોંને સાથે લઈ ઘટક આંગણે બિલાસપુર પધાર્યા હતા. ઘટક પ્રમુખશ્રી અંબાલાલભાઈ ચૌહાણ દ્વારા પોતાના આતિથ્ય ભાવનાં ઉદબોધનમાં સર્વેનું પધારવા બદલ ધન્યવાદ અને સ્વાગત જણાવ્યું હતું. પોતાના નવા સત્રની રૂપરેખા રાખી હતી અને નવા પ્રમુખશ્રીઓંને પદની વધામણી આપી હતી.

ઘટક મંત્રીશ્રી ભાવેશ નરસીભાઈ ગોહિલ દ્વારા બિલાસપુર ઘટકનાં ગૌરવશાલી ઈતિહાસની જાણકારી આપવામાં આવી તથા ઘટકનાં પાયા સમા માજી પ્રમુખશ્રીઓં, વડીલોં તથા દાનદાતાઓંને મંચથી સ્મરણ કરવામાં આવ્યુ. વર્તમાનમાં વિગત સત્ર સુધી ઘટક પ્રમુખશ્રી અંબાલાલભાઈ વિરજીભાઈ ચૌહાણનાં પ્રમુખ પદે રૂ.૧.૨૦ કરોડનાં ખર્ચે થયેલ રેનોવેશન, નવા બાંધકામની પણ જાણકારી આપવામાં આવી મ અતિથિઓંનું સમ્માન, સાંસ્કૃતિક પ્રસ્તુતિઓં દ્વારા કાર્યક્રમની ગરિમાને ઉપસ્થિત સમાજબાંધવોં દ્વારા વધાવવામાં આવ્યુ. પોતાના ઉદબોધનમાં મહાસભા પ્રમુખશ્રી યોગેશભાઈ ચાવડા દ્વારા બિલાસપુર ઘટક દ્વારા મહાસભાનાં દરેક આવ્હાન, પ્રોજેક્ટસ તથા મહતિ યોજનાઓંમાં રહેલ સક્રિય સહભાગિતાનીં પ્રશંસા કરવામાં આવી. ગત સત્રમાં આયોજીત અ.ભા.મંગલ પરિચય સમ્મેલનની સફળતા તથા મહાસભાની અર્ધવાર્ષિક સભાનાં આયોજનની પણ પ્રશંસા કરી હતી. પોતાની નવી યોજનાની જાણકારી આપતા મહાસભા પ્રમુખશ્રીએ વતાવ્યુ કે છ.ગ.પ્રા. અંતર્ગત કોઈ એક ઘટકમાં ૨-૩ એકર જમીન પર બહુઉદ્દેશિય મહાસભા ભવન નિર્માણની યોજના છે, જેમા આયુર્વેદિક સારવાર, અન્ય સમાજહિતનાં સામાજીક કાર્યો તથા બહુઉપયોગી પુરવાર થાય એવી પરિકલ્પના કરવામાં આવી છે. ઘટકથી આવ્હાન રાખ્યું હતું કે જો કોઈ દાનદાતા જમીન ઉપલબ્ધ કરાવતુ હોય તો અહી આ યોજનાં નેં સાકારરૂપ આપવામાં આવશે. યોજનાનાં મહત્વને જોરદાર તાળિયોં આપવામાં આવી. ગત સત્રમાં મહાસભાની દરેક સમિતિનાં કાર્યોનેં મહાસભા પ્રમુખશ્રીએ મંચથી વિસ્તાર સ્થાન આપ્યું હતું. મહાસભા સલાહકાર પ્રમુખશ્રી પ્રફુલભાઈ કેશવજીભાઈ પરમાર દ્વારા પણ બિલાસપુર ઘટકની સગભાગિતા તથા ઘટક પ્રમુખશ્રીનાં નેતૃત્વની સરાહના કરી હતી. બિલાસપુર ઘટકથી મહાસભા ન્યાય પંચનાં વર્તમાન ચયનીત પ્રભારીશ્રી મહેન્દ્રભાઈ રાઠોડ દ્વારા વિગત સત્રમાં જોનલ પ્રભારી રીતે કરેલ કાર્યો તથા પુનઃ છ.ગ.પ્રા.પ્રમુખ રીતે ચયનીત શ્રી હેમંતભાઈ ચૌહાણની વિગત સત્રમાં મહાસભાનાં દરેક કાર્યોમાં સક્રિયતાની પ્રશંસા કરી હતી.

અ.ભા.મ.મહામંડળનાં નવા પ્રમુખશ્રી શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઈ ચૌહાણ દ્વારા પોતાના ઉદબોધનમાં આ સત્રમાં નવા કાર્યોની રૂપરેખા રાખી હતી તથા મહિલા મંડળ તથા સર્વે બહેનોંની સહભાગિતા સુનિશ્ચિત કરવા આવ્હાન કર્યુ હતું. બિલાસપુર ઘટક થી શ્રીમતી શર્મિલાબેન ભૂપેશભાઈ ચાવડાને અ.ભા.મ.મહામંડળ યોગ સમિતિ મંત્રી રૂપે નિમણુંક કરવાની ઘોષણા કરી હતી.

અ.ભા.યુવા મહામંડળનાં નવા પ્રમુખશ્રી રીતે ચયનીત શ્રી ગૌરવભાઈ જગદીશભાઈ ટાંક દ્વારા આપણા સમાજનાં યુવાધનની સમાજ તથા રાષ્ટ્ર નિર્માણમાં રહેલી મહતિ ભૂમિકા વિશે સંબોધન આપ્યુ, ઘટક યુવા મંડળનેં સક્રિયતા સાથે અ.ભા.યુવા મંડળનાં વિવિધ કાર્યોમાં સહભાગિતા આપવા આવ્હાન કર્યુ હતુ. મહાસભા ઉપપ્રમુખશ્રી હેમંતભાઈ હરિરામભાઈ ગોહિલ દ્વારા



એમના સહપ્રભારી પદે થયેલ ડિજીટલ વસ્તીપત્રકનાં કાર્યોની જાણકારી આપી હતી. છત્તીસગઢ પ્રા.પ્રમુખશ્રી હેમંતભાઈ નાનાલાલભાઈ ચૌહાણ દ્વારા આ નવા સત્રમાં પુનઃ પ્રાદેશિક પ્રમુખ પદ પર ચયન હેતુ મહાસભા પ્રમુખશ્રીનેં ધન્યવાદ આપ્યો હતો. મહાસભા ઉપપ્રમુખ શ્રી અંબાલાલભાઈ વિરજીભાઈ ચૌહાણ, ન્યાયપંચ પ્રભારી શ્રી મહેન્દ્રભાઈ કેશવજીભાઈ રાઠૌડ, છ.ગ.પ્રા.પ્રમુખશ્રી હેમંતભાઈ નાનાલાલભાઈ ચૌહાણ, અ.ભા.મ.મહામંડળ યોગ સમિતિ મંત્રી શ્રીમતી શર્મિલાબેન ભૂપેશભાઈ ચાવડા નું સમ્માન કરવામાં આવ્યુ. મહાસભા મૈરેજ બ્યુરો સમિતિ પ્રભારી શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી વતી પ્રાદેશિક પ્રમુખશ્રી હેમંતભાઈ નાનાલાલભાઈ ચૌહાણ દ્વારા મૈરેજ બ્યુરો સહપ્રભારી રીતે બિલાસપુર ઘટકથી શ્રી ભાવેશભાઈ નરસીભાઈ ગોહિલનાં વરણીની ઘોષણા કરવામાં આવી. બિલાસપુર ઘટક પ્રમુખશ્રી અંબાલાલભાઈ વિરજીભાઈ ચૌહાણ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી ભારતીબેન યોગેનભાઈ રાઠૌડ તથા યુવામંડળ પ્રમુખશ્રી પરિચયભાઈ રમણીકલાલભાઈ જેઠવાનું અતિથિયોં દ્વારા સમ્માન કરવામાં આવ્યુ. આભાર પ્રકટ તથા રાષ્ટ્રગાન સાથે સમારોહ સંપન્ન કરી અતિથિયોં દ્વારા સ્નેહભોજનું આનંદ માણી વિદાય આપવામાં આવી. આ સમારોહને સફળ બનાવવા હેતુ ઉપપ્રમુખશ્રી ભોગીલાલભાઈ ચૌહાણ, શ્રી ભરતભાઈ મારૂ, સલાહકારશ્રી દેવેન્દ્રભાઈ રાઠૌડ, સહમંત્રી શ્રીમતી મીનાબેન ચૌહાણ, શ્રી વિનેશભાઈ ચૌહાણ, પ્રચાર મંત્રી શ્રી વિનીતભાઈ ચૌહાણ, કાર્યકારિણી સભ્યગણ-શ્રી ગીરીશભાઈ સાવરીયા, શ્રી યોગેનભાઈ રાઠૌડ, શ્રી અનિલભાઈ પરમાર, શ્રી રાજેન્દ્રભાઈ ચાવડા, શ્રી નટવરલાલભાઈ મારૂ, શ્રી હરીશભાઈ ચાવડા, શ્રી હરીશભાઈ સોલંકી, મહિલા મંડલ તથા ટીમ, યુવા મંડળ તથા ટીમ દ્વારા સક્રિય કાર્ય કરવામાં આવ્યુ હતું. ૨૬ જાન્યુઆરી૨૦૨૪નાં ૭૫માં ગણતંત્ર દિવસનાં ઉપલક્ષે બિલાસપુર ઘટક આંગણે ધ્વજારોહણ કરી રાષ્ટ્રીય પર્વ ઉજવવામાં આવ્યો. આ અવસરે મુખ્ય અતિથિ રીતે ઘટકનાં વરિષ્ઠ માતૃશક્તિ આદ.ડાઈબેન જીવણભાઈ ચૌહાણ દ્વારા ધ્વજારોહણ કરવામાં આવ્યુ. ઘટક પ્રમુખશ્રી અંબાલાલભાઈ ચૌહાણ દ્વારા એમનું શાલ-શ્રીફળથી સમ્માન આપી કાર્યક્રમની શુરૂઆત કરવામાં આવી. સંચાલન કરતા ઘટક મંત્રી શ્રી ભાવેશભાઈ ગોહિલ દ્વારા આજનાં ગૌરવશાલી દિવસની શુભેચ્છા આપતા સહુથી પોતાના વિચારો રાખવા આગ્રહ કર્યુ હતું. મુખ્ય અતિથિ દ્વારા એક સરસ મધુર ભજન ગાવાંમાં આવ્યુ તથા આ સમ્માન આપવા બદલ ઘટક પ્રમુખશ્રી તથા સર્વેનું આભાર માન્યુ હતું. ઘટક પ્રમુખશ્રીએ પોતાના વિચાર રાખતા આજનાં દિવસની મહત્તા બતાવી હતી. આ અવસરે મ.મંડલ પ્રમુખ શ્રીમતી ભારતીબેન રાઠૌડ, શ્રીમતી મંગલાબેન ચૌહાણ, શ્રીમતી પુષ્પાબેન ચૌહાણ, શ્રીમતી સાધનાબેન ટાંક, શ્રી પ્રકાશભાઈ ટાંક, શ્રીમતી અમિતાબેન ચૌહાણ, શ્રીમતી શર્મિલાબેન ચાવડા દ્વારા વિચારો રાખવામાં આવ્યા હતા.

## કેંજોરગઢ ઘટક

દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રજાસત્તાક દિવસના અવસરે સમાજવાડીમાં ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ શ્રીમતી શોભાબેન નારાયણભાઇ ચાવડાના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવેલ હતું. ઘટકના ઉપપ્રમુખ શ્રી કૌશિકભાઇ પરસોત્તમભાઇ ટાંક, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રેખાબેન જાદવજીભાઇ યાદવ તથા યુવા મંડળના પ્રમુખ શ્રી શિવકુમાર શિવજીભાઇ રાઠોડે પુષ્પગુચ્છ આપી તથા સાલ



ઓઢાડી મુખ્ય અતિથિનું સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ મુખ્ય અતિથિના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. સૌ સદસ્યોએ રાષ્ટ્ર ગીત ગાયું હતું. ઘટક મંત્રી શ્રી મનોજભાઇ પરસોત્તમભાઇ



ચાવડાએ અતિથિ તથા ઉપસ્થિત સૌ ભાઇઓ-બહેનોનું સ્વાગત કર્યું હતું. ઘટક પ્રમુખશ્રી, મહિલા મંડળ પ્રમુખશ્રી તથા યુવા મંડળ પ્રમુખશ્રીએ પોતાનું ઉદ્‌બોધન આપ્યું હતું. ત્યાર બાદ મુખ્ય અતિથિ શ્રીમતી શોભાબેનએ પોતાના ઉદ્‌બોધનમાં પ્રજાસત્તાક દિવસ વિશે કહ્યું હતું. શ્રીમતી રીતાબેન કિશોરભાઇ રાઠોડ તથા શ્રી જયકરભાઇ ગીરધરલાલ રાઠોડે દેશભક્તિ ગીતો ગાઇ સંભળાવ્યા હતા. અંતમાં મંત્રી શ્રી મનોજભાઇએ ઉપસ્થિત અતિથિ તથા સર્વે ભાઇઓ-બહેનોનું આભાર વ્યક્ત કર્યો હતો. અંતમાં અલ્પાહારની સાથે આ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

રાયપુર મધ્યે આયોજીત ત્રિ-વાર્ષિક અધિવેશનમાં કેંજોરગઢથી ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઇ શીવલાલ પરમાર, ઉપપ્રમુખ શ્રી કૌશીકભાઇ પરસોત્તમભાઇ ટાંક, મંત્રી શ્રી મનોજભાઇ પરસોત્તમભાઇ ચાવડા તથા કોષાધ્યક્ષ શ્રી તરૂણભાઇ નારાયણભાઇ ચાવડા ઉપસ્થિત હતા. મહાસભા પ્રમુખ શ્રી યોગેશભાઇ ચાવડાને ફરી એકવાર મહાસભા પ્રમુખ નિમણુંક થવા બદલ કેંજોરગઢ ઘટક તરફથી શ્રી જગન્નાથજીની પ્રતિમા આપી તેમને સન્માનિત કરવામાં આવેલ. આ દરમિયાન મહાસભા દ્વારા ઘટકોને તેમના કાર્યો બદલ સન્માનિત કરવામાં આવેલ. જેમાં અ વર્ગના ઘટકોમાં કેંજોરગઢ ઘટકને સન્માનિત કરવામાં આવેલ. મહાસભા પ્રમુખ શ્રી યોગેશભાઇના હસ્તે કેંજોરગઢ ઘટકના પદાધિકારીઓએ આ સન્માન ગ્રહણ કરેલ. આ અધિવેશન દરમિયાન કેંજોરગઢ ઘટકના પદાધિકારીઓ મહાસભાના પદાધિકારીઓ તથા અન્ય ઘટકોના હોદ્દેદારો સાથે મુલાકાત કરી ચર્ચા-વિચારણા કરેલ. આ અવસર પર આયોજીત પૂર્વ ઓડિસા પ્રા.સ. તથા પશ્ચિમ ઓડિસા પ્રાદેશિક સમિતિની સંયુક્ત બેઠકમાં કેંજોરગઢ ઘટકના પદાધિકારીઓ ઉપસ્થિત રહી આગલા સત્ર માટે કાર્યો વિશે ચર્ચાઓ કરેલ.

## જબલપુર ઘટક







સંપૂર્ણ ભારતવર્ષનો સૌથી ઐતિહાસીક દિવસ કે જ્યારે આપણા આરાધ્ય ઇષ્ટદેવ મર્યાદા પુરૂષોત્તમ પ્રભુ શ્રી રામના અયોધ્યા મધ્યે ભવ્ય મંદિરમાં શ્રીરામની પુન: પ્રાણ પ્રતિષ્ઠા ૨૨ જાન્યુઆરીના શુભ દિવસે થઇ. આ પુણ્યશાળી દિવસની ઉજવણી જબલપુર સમાજ દ્વારા ખુબ ધૂમધામથી કરવામાં આવી હતી. ઘટક પ્રમુખ શ્રી કિરીટભાઇ રાઠોડના માર્ગદર્શનમાં કાર્યક્રમની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં સમાજના સર્વે શ્રદ્ધાળુ સભ્યોએ વધુ સંખ્યામાં પોતાનું યોગદાન આપ્યું હતું. સાંજે સાત વાગ્યે સર્વે ભક્તોના આગમન સાથે ભક્તિમય વાતાવરણમાં કાર્યક્રમનો શુભારંભ થયો હતો.

શરૂઆતમાં શ્રીમતી રેખાબેન લલીતભાઇ પરમાર અને ત્યાર બાદ શ્રી મયુરભાઇ રામાવત અને કુ. ધ્વનિ તપેશભાઇ પરમારના મધુર ભજનોની રમઝટથી બધા ભક્તો રામમય થઇ ગયા હતા. સમાજના બહેનો દ્વારા દિપ પ્રજ્વલ્લિત કરવામાં આવ્યા. જેમાં જયશ્રી રામ શબ્દોની આકૃતિ બનેલી હતી. ત્યાર બાદ રાસગરબાની અદ્‌ભૂત છટાથી આ ઉત્સવની શોભા વધી

ગઇ હતી. હનુમાન ચાલિસાના પાઠ, રામધુન અને અંત રામ ભગવાનની આરતી કરી કાર્યક્રમને એની પૂર્ણતા પ્રદાન કરી હતી. સમાજ પ્રાંગણની શોભા ટમટમતા દીવાઓના પ્રકાશથી વધી ગઇ હતી. ઉત્સવના અંતમાં સર્વે સભ્યો દ્વારા સમુહ મહાપ્રસાદનો લ્હાવો લીધો હતો. પ્રભુ શ્રી રામની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠાને યાદગાર બનાવી આ રામ ઉત્સવની સફળતાપૂર્વક ઉજવણી જબલપુર ઘટક દ્વારા કરવામાં આવી હતી.

મંચ સંચાલન યુવા મંડળ પ્રમુખ શ્રી હેતુલભાઇ જેઠવાએ કર્યું હતું તથા લલીતભાઇ પરમાર, રાજેશભાઇ ચૌહાણ, પ્રકાશભાઇ ટાંક, સુરેન્દ્રભાઇ પરમાર આદી સભ્યો તથા મહિલા મંડળના પ્રમુખ ગં.સ્વ. ચંચલબેન યાદવ તથા સભ્યોનું યોગદાન પ્રાપ્ત થયું હતું.

## રાઉરકેલા ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાઉરકેલા દ્વારા તા. ૨૨/૧/૨૪, સોમવારે અયોધ્યા મધ્યે મંદિર માં શ્રી રામજીની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અવસરે મહાસભા પ્રમુખ શ્રી યોગેશ ભાઈ ચાવડાની વિનંતીને માન આપી રાઉરકેલા ભવનમાં શ્રી રામલલાના આગમનમાં રાસોત્સવ ઉજવવામાં આવ્યો હતો. દિપ પ્રાગટ્ય મહાસભાના સલાહકાર સભ્ય શ્રી ભૂપેન્દ્રભાઈ વિશનજીભાઈ પરમાર, મહાસભાના મંત્રી શ્રી કિશોરભાઈ ભગવાનલાલભાઈ ટાંક, પશ્ચિમ ઓડિશા પ્રાદેશિક પ્રમુખ શ્રી નિતીનભાઈ માધવજીભાઈ વરુ, અખિલ ભારતીય મહિલા મહામંડળના પશ્ચિમ ઓડિશા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતિ ભૂમિકાબેન નીતિનભાઈ વરુ, રાઉરકેલા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતિ સોનલબેન દિનેશભાઈ પરમાર, યુવા મંડળ પ્રમુખ શ્રી દિપેશભાઈ ભરતભાઈ રાઠોડ દ્વારા કરી ઉત્સવને પ્રારંભ કરેલ હતો. મહિલા મંડળના બહેનો, ઘટકના ભાઈઓ, યુવા મંડળ ના ભાઈઓ,બાળ મંડળ ના બાળકો સર્વે મડીને સર્વ પ્રથમ ગણેશ વંદના , હનુમાન ચાલીસા , રામ નામની માળા , ગાયત્રી રામાયણ નો પાઠ કરેલ સીતા માતા અને શ્રી રામની ઝાકી સ્વરુપે સીતાજી



કુમારી પ્રતિક્ષા હરીશ ભાઈ ટાંક, રામ સ્વરૂપે પ્રિયંક રાજેશભાઈ ટાંક બનેલ. સીતા રામ ની જોડી જોઈ રાઉરકેલા ભવન માં અલગ જ ઉત્સાહ અને ઉમંગ છવાઈ ગયો પુરું વાતાવરણ રામમય બની ગયું હતું. સૌએ

રામલલાના આગમનમાં છપ્પન ભોગ લગાવવામાં આવ્યો હતો. ઉત્સવ નાં પ્રાયોજક રાઉરકેલા ઘટકના સલાહકાર શ્રી રાજેશભાઈ ભગવાનજી ભાઈ પરમાર હતા. ઘટક પ્રમુખ શ્રી નિતીન ભાઈ માધવજી ભાઈ વરુ દ્વારા શ્રી રાજેશભાઈ ભગવાનજીભાઈ પરમાર તેમજ શ્રીમતિ આશાબેન રાજેશભાઈ પરમારને રામ નામની સ્ટોલ ઓઢાડી સમ્માન કરવામાં આવેલ. ત્યારબાદ સર્વે ને પ્રસાદ વિતરણ કરાયું પછી અલ્પાહાર લઈ સૌ ઉમંગભેર પોત પોતાના ઘરે પ્રસ્થાન કરેલ.

## રાયપુર ઘટક



શ્રી ક.ગુ.ક્ષ. સમાજ રાયપુર ઘટકમાં એક વોટ્સએપ ગ્રુપ એવું છે જેમાં સમાજના મહાન કલાકારો શામેલ છે. આ આર્ટ ગ્રુપની સ્થાપના રાયપુરના મહેન્દ્રભાઇ યાદવએ કોરોના કાળમાં કરી છે. આ ગ્રુપની રચના કરવામાં દયારામભાઇ યાદવ તથા કિરણભાઇ ચાવડાનો અમૂલ્ય ફાળો છે. તેમના સહકારથી આર્ટ એસેમ્બલી ગ્રુપની રચના થઇ છે. આ ગ્રુપનો ઉદ્દેશ સમાજના કલાકારોને એક મંચ પર લઇને સારા કલાકારોની મદદથી તેમની કલાને વધારે સમૃદ્ધ કરવાનો છે.

આ કડીમાં રિતેશભાઇ યાદવએ ઓનલાઇ ૩-ડી આર્ટ કેમ બનાવવી તેની પૂર્ણ જાણકારી આપેલ. આજે સંપૂર્ણ ભારત તથા દેશ-વિદેશના કલાકારો મળીને સંખ્યા ૨૨૦+ છે.





આ ગ્રુપનો ઉદ્દેશ પેઇન્ટીંગ, ક્રાફ્ટસ, મહેન્દી, રંગોલી, ફોટોગ્રાફી, થાલી સજાવટ તથા અન્ય કોઇપણ જાતની આર્ટના કલાકારોને એક મંચ ઉપલબ્ધ કરાવવાનો છે. સર્વે કલાકારોને આ ગ્રુપમાં જોડાઇ પોતાની કલાને વધુ નિખાર આપે. આર્ટ એસેમ્બલી ગ્રુપમાં જોડાવવા ગ્રુપના સંસ્થાપક શ્રી મહેન્દ્રભાઇ યાદવ -રાયપુર - મો. ૯૪૨૫૫૧૩૪૬૧, શ્રી રીતેશભાઇ યાદવ - અમદાવાદ - મો. ૮૫૧૧૧૧૪૦૯૭નો સંપર્ક કરી શકો છો.

# ભિલાઇ ઘટક



જે દિવસે અયોધ્યામાં રામલલ્લાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થઇ પરા ભારત વર્ષમાં લોકોએ દીપ પ્રજ્વલિતનું પર્વ મનાવ્યું હતું. દિનાંક ૨૨ જાન્યુઆરીના દિવસે શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભિલાઇ ઘટકના સર્વે સદસ્યો પણ આ શુભ અવસરે સમાજના પ્લોટ ઉપર દીપ પ્રજ્વલિત કાર્યક્રમમાં ઉપસ્થિત હતા. સર્વપ્રથમ સમાજ પ્લોટના ભૂમિ દાનદાતા શ્રી રતિલાલભાઇ ચૌહાણ તથા શ્રી વિનોદભાઇ ચૌહાણ દ્વારા દીપ પ્રજ્વલિત કરવામાં આવ્યું હતું. ત્યાર પછી સમાજના સમસ્ત સદસ્યોએ દીપ પ્રજ્વલિત કર્યું. બાળકો તથા મહિલા વર્ગ દ્વારા આરતી અને ભજન કરવામા આવ્યું. કાર્યક્રમની તૈયારીમાં શ્રીમતી દીપીબેન મનિષભાઇ વાઢેર દ્વારા મુખ્યદ્વાર ઉપર રંગોળી, દિલીપભાઇ મારૂ દ્વારા ગેટ ઉપર હારારોપણથી સજાવટ, શ્રી હરીઓમભાઇ ચૌહાણ દ્વારા ફોટા, દિવા, વાટ વગેરેની, શ્રી દીપકભાઇ સોલંકી દ્વારા મ્યુઝીક સિસ્ટમ, લાઇટ, નાસ્તા-પાણી વગેરેની વ્યવસ્થા કરવામાં આવી હતી. મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી સોનલબેન વાઢેર તથા મહિલા સદસ્યો તેમજ યુવા મંડળ પ્રમુખ શ્રી પવનભાઇ પરમાર તથા યુવા સદસ્યોના સહયોગથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક થયો હતો. શ્રી રતીલાલભાઇ તરફથી બધાને પ્રસાદી આપવામાં આવી હતી.

# હાજાપર ઘટક





તા. ૨૨-૦૧-૨૦૨૪ના શ્રી રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાનો પર્વ યોજાયો. હાજાપર ઘટકના નેતૃત્વમાં ''મારૂં ગામ, અયોધ્યા ધામ'' શબ્દોની સાર્થકતા રૂપે હાજાપર ગામ ભક્તિમય બની ગયું હતું. સમાજના વડીલો દ્વારા બનાવેલ પ્રાચીન ઠાકર મંદિરથી શરૂઆત થઇ ગામની પ્રદક્ષિણા દ્વારા શોભાયાત્રા સાથે ગામના સર્વે મંદિરો ત્રણે માતાજીના સ્થાનકોને પવિત્ર કરી, રાસગરબા દ્વારા વાતાવરણ રામમય બની ગયું હતું. બંને સમય સમાજબંધુઓએ સાથે મળીને મહાપ્રસાદનો લાભ લીધો હતો. ઘટકની કોર કમીટીની મીટીંગ તા. ૦૪-૦૨-૨૦૨૪ના રોજે ઘટકના ઉપપ્રમુખ શ્રી અર્જુનભાઇ દેવરામભાઇ પરમારની અધ્યક્ષતામાં રાખવામાં આવેલ હતી. મુખ્ય એજન્ડામાં હાજાપર સમાજભવનની પ્રગતિ વિષે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. સમાજ ભવનના મુખ્ય દાતાશ્રી વલમજીભાઇ વાઘેલાએ જણાવ્યું હતું કે, સમાજ ભવનનું કાર્ય મક્કમ ગતીથી ચાલી રહ્યું છે. મંત્રી શ્રી ઇશ્વરલાલભાઇ પરમારે સમાજ ભવનના પ્રગતિ વિષે જરૂરી સલાહ-સુચનો કર્યા હતા. વિશેષમાં જણાવ્યું હતું કે, મુળ હાજાપરવાસીઓ કચ્છમાં મુખ્યત્વે કુકમા અને માધાપર મધ્યે અંદાજે ૧૫૦ પરિવારો રહે છે. આ પરિવારોને આ સમાજ ભવન વિશે રૂબરૂ મળી આ સેવાયજ્ઞમાં જોડાવા અનુરોધ કરેલ હતો. ખજાનચી શ્રી રાઘવજીભાઇ પરમારે સેતુ સમાજ સંદેશમાં દાતાશ્રીઓના પધ્ધતિસર નામોની યાદી આપેલ હતી. વિશેષમાં તેમણે ભારપૂર્વક જણાવેલ કે, ખાસ કરીને હાજાપરવાસીઓ કુકમા અને માધાપરમાં સર્વે સુખી સંપન્ન પરિવારો રહે છે. આ પરિવારોને ફક્ત ગામ પ્રત્યેની નૈતિક ફરજ સમજી સમાજભવનમાં ફંડ આપી જન્મભૂમીનું ઋણ ઉતારવા વિનંતી કરેલ હતી.

ઘટક પ્રમુખ શ્રી નવીનભાઇ યાદવે સમાજ ભવનના રૂબરૂ સંપર્ક સેતુના નેજા હેઠળ બેંગ્લોર સાથે આપણા મહાસભાના વાર્ષિક અધિવેશન રાયપુર ખાસ ગયેલ હતા. આ અધિવેશનમાં ઘણા હાજાપરવાસીઓએ તેમને હાજાપર ઘટક અને સમાજ ભવનની સેતુ સમાજ સંદેશ દ્વારા અહેવાલો વાંચી ખુશી વ્યક્ત કરી હતી. વિશેષમાં તેમણે જણાવેલ કે, સમાજ ભવનનો મુખ્ય

ઉદ્દેશ ભારતવર્ષમાં રહેતા હાજાપરવાસીઓના ૬૭૨ પરિવારોને શક્ય હોય તો અલગ-અલગ રાજ્યો શહેરોમાં જઇ રૂબરૂ મળી સંપર્ક સેતુના નેજા હેઠળ પાંચથી છ પ્રવાસ કર્યા છે અને હજુ ૧૦ પ્રવાસ યોજી લગભગ સંપૂર્ણ ભારતવર્ષના હાજાપરવાસીઓને આ સમાજભવનમાં જોડાવાનું આપણું સ્વપ્ન સાકાર થશે. જરૂરથી આપણે આ ભગીરથ કાર્યમાં સફળ થશું. નવીનભાઇ યાદવે જણાવેલ કે, આ ભવનમાં દિલેરદાતાની સાથે વધુ પરિવારો આ સેવાયજ્ઞમાં જોડાયને મહત્વનું છે. આ વિચાર સર્વે હાજાપરવાસીઓ અનુસરે એ જ આપણા સમાજભવનની સફળતા છે. આ ભવનના સુખી સંપન્ન પરિવારોથી ૧ લાખ અને સાધારણ પરિવારોથી ભલે ૧૦૧ રૂપિયા લઇ, આ ભવનમાં તે પરિવાર ભાગીદાર બને. જેથી ભવિષ્યમાં તેમના પૌત્રાઓઆ સમાજભવન નિહાળશે અને પોતાના વડીલોનું નામ વાંચી ગૌરવ અનુભવશે. સમાજ ભવન ફંડ માટે સંપર્ક : નવીનભાઇ યાદવ - ૯૮૨૧૮૪૦૧૫૯, રાઘવજીભાઇ પરમાર - ૭૦૧૬૩૨૪૨૫૦.

## વડોદરા ઘટક

સમાજભાવનાનો દિપ પ્રગટાવી રાખી. શ્રેષ્ઠ સમાજની ભાવનાથી કામ કરતા રહો. ત્યાર બાદ સૌ વડીલો સાથે ઇસ્કોન મંદિરથી પધારેલ ખાસ ભજનમંડળી સાથે સૌ ઉપસ્થિત સમાજબાંધ્વો







વડોદરા ઘટકની નવી પહેલ એટલે ''વડીલ વંદના''. આ કાર્યક્રમને આગળ વધારતા આ વર્ષ પણ ઘટકમાં વસતા ૭૦ વર્ષ અથવા તેમનાથી વધુ ઉંમરના વડીલોને સન્માનવાનું કામ ઘટક કારોબારી દ્વારા કરવામાં આવ્યું હતું. તેના ભાગરૂપે તા. ૭-૧-૨૪, રવિવારના રોજ વડીલ વંદના તેમજ વડીલ સ્નેહમિલન કાર્યક્રમનું ભવ્ય આયોજન સમાજ ભવન એટલે વડીલ વારસોમાં ઉજવવામાં આવેલ હતું.

આ આયોજનમાં લગભગ ૨૬ જેટલા વડીલોને શાલ ઓઢાડી, પુષ્પગુચ્છ તેમજ શ્રીફળ આપીને સન્માનીત કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ સર્વે સન્માનીત વડીલોના ભુતકાળના સંસ્મરણો યાદ કરતા ભાવુક પ્રવચનો થયા. જેનાથી નવી પેઢીના યુવાનોને માહિતિ મળી કે કેવી મહેનત કરી આજે આપણી આ સુંદર સમાજ ભવનની જગ્યા મળી અને હજી એવા શું કાર્યો કરવા તેનું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. સૌ વડીલો એકી સાથે રાજી થઇ હાલની કારોબારીના ભારોભાર વખાણ કર્યા અને કહ્યું હતું કે, આવા જ સમાજ ઉપયોગી કાર્યક્રમો કરી સૌને સાથે રાખી સાથે ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ ૧.૩૦ કલાક સુધી ચાલેલ ભજનમાં સર્વે ભાવવિભોર થયા હતા. મહિલાઓ અને યુવાઓએ સાથે મળી ગરબા પણ કર્યા હતા.

વડોદરા ઘટકના આદ. પ્રમુખશ્રી ઘટકની બંને પાંખોને હંમેશા મોટીવેટ અને માર્ગદર્શન આપતા હોય છે. નવા પ્રોજેક્ટ અને સામાજીક કાર્યક્રમો આપવા માટે જેવું જ પરીણામ છે કે અ.ભા. સ્તેર અ.ભા.યુવા મહામંડળ દ્વારા વડોદરા યુવા મંડળને બેસ્ટ યુવા મંડળનો એવોર્ડ પ્રાપ્ત થયો અને અ.ભા.મ. મહામંડળ દ્વારા વડોદરા મહિલા મંડળને બેસ્ટ મહિલા મંડળના એવોર્ડથી સન્માનવામાં આવ્યું અને વડોદરા ઘટકને પણ તેમાં રાષ્ટ્રીય સ્તરના સારા પ્રદર્શન માટે મહાસભા દ્વારા રાયપુર ખાતે સન્માનીત કરવામાં આવ્યા હતા. આજે ઘટક દ્વારા તેમની બંને પાંખોની ટીમોને પુષ્પગુચ્છ અને મોમેન્ટો દ્વારા ઘટક પ્રમુખશ્રી પ્રભુલાલભાઇ રાઠોડ અને મંત્રી શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ દ્વારા સન્માનીત કરવામાં આવ્યા હતા.

## ડોંગરગઢ ઘટક

તા. ૨૬-૦૧-૨૦૨૪ના શુભ દિવસે શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના પ્રમુખ શ્રી યોગેશભાઇ ચાવડા, અ. ભા. મ. મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ, અ.ભા.યુવા મહામંડળના પ્રમુખ શ્રી ગૌરવભાઇ ટાંક સાથે શ્રી પ્રફુલભાઇ પરમાર - મહાસભાના સલાહકાર પ્રમુખ, શ્રી હેમંતભાઇ ચૌહાણ - છત્તીસગઢ પ્રા. પ્રમુખ, શ્રી સુરેશભાઇ ચૌહાણ - મહાસભા મંત્રી, શ્રીમતી મીનાબેન ચાવડા, શ્રી ગિરીશભાઇ ચાવડાનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું.

સર્વે પ્રમુખો એવં પદાધિકારીશ્રીઓ દ્વારા મા બમ્લેશ્વરીના



દર્શનનો લાભ લીધો હતો. ૨૬ જાન્યુઆરીના ઉપલક્ષમાં ધ્વજોરાણ મહાસભા પ્રમુખશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું. દીપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના, સ્વાગત ગીત ડોંગરગઢ મહિલા મંડળ દ્વારા તથા સ્વાગત નૃત્ય કુ. રાખી ચાવડાએ રજુ કર્યું હતું. ડોંગરગઢ ઘટકની સ્થાપના તથા ઉપલબ્ધીને જાણકારી ડોંગરગઢ ઘટકના મંત્રી પ્રફુલભાઇ ચાવડા દ્વારા આપવામાં આવી હતી. સર્વે અતિથિ પદાધિકારીઓ સાથે ડોંગરગઢ ઘટકની ત્રણેય પાંખોના પ્રમુખ શ્રી



ખુશાલભાઇ ચાવડા, શ્રીમતી નિશાબેન ચાવડા, શ્રી હિમાંશુભાઇ વેગડએ પ્રસંગોચીત વકતવ્ય આપેલ હતું. આભારદર્શન ઘટક મંત્રી શ્રી પ્રફુલભાઇ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું. સર્વે અતિથિઓ સાથે સ્થાનીય ઘટકના સર્વે સભ્યો માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉપરોક્ત કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

ડોંગરગઢ ઘટકના ત્રણે પાંખોના સંયુક્ત પ્રયાસથી તા. ૩ અને ૪ ફેબ્રુઆરીના દિવસે એક સુંદર ધાર્મિક યાત્રા કરવામાં આવી હતી. આ યાત્રામાં ૩૫ નાના-મોટા સદસ્યોએ ભાગ લીધેલ હતો. છત્તીસગઢના ડોગેશ્વર મહાદેવ, ભોરમદેવ, રશની દેહરા (વોટર ફોલ)નું આનંદ લીધેલ. મ.પ્ર.ના મંડલા ગામમાં નર્મદા નદીમાં પવિત્ર સ્નાન, સંધ્યા આરતી, હનુમાન ઘાટ, રામસદાસજી આશ્રમ, સુરજકુંડ, આદી જગ્યાનો દર્શનનો લાભ લીધો હતો. વિશેષમાં મંડલા રહેવાસી શ્રી અનિલભાઇ ગોહિલ તથા એમના પરિવાર દ્વારા અમારા બધાય સદસ્યો માટે એક દિવસ સવારે નાસ્તો અને બપોરે જમણની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## કલ્યાણ ઘટક

અયોધ્યા મધ્યે શ્રીરામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણીના પાવન અવસરે શ્રી જલરામ સત્સંગ મંડળ ટ્રસ્ટ દ્વારા તેમજ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કલ્યાણ ઘટકના સથવારે શ્રીરામજીની કળશ યાત્રા, મહઆરતી, ભજન-સત્સંગ, પ્રસાદનું આયોજન સોમવાર, તા. ૨૨-૧-૨૦૨૪ના રોજે કરવામાં આવેલ હતું.

શ્રીરામજીની કળશ યાત્રામાં કલ્યાણ ઘટકની કુમારીકાઓએ માથે કળશ ઉપાડીને તેમજ સંપૂર્ણ કલ્યાણ ઘટક, મહિલા મંડળ,



યુવા મંડળે સૂર-શરણાઇ અને ઢોલ-વાજીંત્રો સાથે સુમધુર સંગીતના તાલે વાજતે-ગાજતે ભાગ લીધો હતો. કળશયાત્રા દરમ્યાન રથ ઉપર સંપૂર્ણ શ્રીરામ દરબાર શ્રીરામ (વિવાન રાઠોડ, સીતામૈયા (વિયારા રાઠોડ), લક્ષ્મણ (દિપ રાઠોડ), ભરત (હરક્ષ રાઠોડ), શત્રુઘ્ન (તેજ વાઢેર) અને હનુમાનજી દાદા



(ક્રિશીવ રાઠોડ)ની ઉપસ્થિતિ સૌથી વિશેષ રહી હતી. મહિલા મંડળ દ્વારા ઘટકના દરેક ઘરમાંથી એક ભાગ ઘરે બનાવીને શ્રીરામજી ભગવાનને ૫૬ ભોગ ધરાવવામાં આવેલ હતો.

ત્યાર બાદ પોરે શ્રીરામજીની મહાઆરતી અને લાડુનો પ્રસાદ આપવામાં આવેલ હતો. સંપૂર્ણ કાર્યક્રમમાં ઘટક પ્રમુખ શ્રી ગોપાલભાઇ રાઠોડ અને ઉપપ્રમુખ શ્રી જયેન્દ્ર રાઠોડના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવક તરીકે તોરલ ખોડિયાર, જયશ્રી કાચા, હિમાની રાઠોડ, ખજાનચી શ્રી સંજય અને ભાવિકા પરમાર, મંત્રી શ્રી નિલેશ અને અર્ચના રાઠોડ, ચંદ્રે અને ભાવના રાઠોડ, રિટા જે. રાઠોડ, હર્ષિદા એચ. રાઠોડ, મોહિત પરમાર, લીલાબેન રાઠોડ, ટિરેન્દ્ર સોલંકી, તુષાર ચૌહાણ, નિખીલ અને લેખા રાઠોડ, શિતલ રાઠોડ, ભાવના કે. રાઠોડ, પલ્લવી રાઠોડ, કિશોર સોલંકી, જયશ્રી ડી. રાઠોડ, જયશ્રી ચૌહાણ, પુષ્પાબેન વાઢેર, હર્ષિદા એલ. રાઠોડ, રીટા એસ. રાઠોડ, દિપેશ પરમાર એ સંપૂર્ણ દિવસ ભાગ લીધો હતો.

શ્રી જલારામ સત્સંગ મંડળ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ શ્રી જગમાલભાઇ પરમાર અને શ્રી કિશનભાઇ રાઠોડનું વિશેષ માર્ગદર્શન પ્રાપ્ત થયેલ હતું.

## શહડોલ ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ, શહડોલ ઘટકની તથા મહિલા મંડળની એક સમાન્ય સભાનું આયોજન મહાકોશલ પ્રાદેશિક પ્રમુખ શ્રી લીલાધર રતિલાલ ખોડિયારની ઉપસ્થિતિમાં દિશા-નિર્દેશમાં તેમના નિવાસસ્થાને તારીખ : ૧૧/૨/૨૦૨૪ રવિવારના રોજે આયોજિત કરવા માં આવી હતી. જેમાં પ્રભુ પ્રાર્થના બાદ વર્ષ ૨૦૨૪થી૨૦૨૬ માટે નવીન પદાધિકારીની ચયન-વરણીની પ્રક્રિયા વિચારણા કરવામાં આવી હતી. જેમાં શહડોલ ઘટક અંતર્ગત આવતા વસાહવતો શહડોલ, બુઢાર, અનુપપુર આદિ થી ઉપસ્થિત રહયા હતા, જેમાં સર્વ સહમતિ થી નીચે મુજબ પદાધિકારીઓ ચયનીત થયા હતા.

પ્રમુખઃ-શ્રી જયશુખ લાલ નન્દલાલ ભાઈ ચાવડા, ઉપપ્રમુખઃ-શ્રી ગિરીશ ભાઈ વલમજીભાઈ રાઠોડ, મંત્રી : શ્રી નીતિન ભાઈ ભાણજી ભાઈ ચૌહાણ, સહ મંત્રી : શ્રી તનસુખ લાલ રણછોડભાઇ રાઠોડ, કોષાધ્યક્ષ : શ્રી વિવેકભાઈ લીલાધરભાઈ ખોડિયાર, નવપ્રમુખ શ્રી જયસુખભાઈ ચાવડાએ ઉદ્દબોધનમાં પૂર્વ પ્રમુખ શ્રી લીલાધરભાઈ ખોડિયારને ઘટકની પ્રવર્તીને વેગ આપવા, સમાજભાવના વિકસિત કરવા વિગેરે વિચારો વ્યક્ત કરી દિશા-નિર્દેશ આપવા કહેલ ! સભાના અંતે મહાકોશલ પ્રાદેશિક પ્રમુખ શ્રી લીલાધર ભાઈ ખોડીયારે પોતાની શુભકામના વ્યક્ત કરી,આભાર પણ વ્યકત કરેલ. સહુએ સ્વલ્પાહરનો આનંદ લઈ સભા સમાપ્ત કરી હતી.




## આદિપુર ઘટક

ભારતના ૭૫મા પ્રજાસત્તાક દિન નિમિત્તે તા. ૨૬ જાન્યુઆરી-૨૦૨૪ના રોજ સવારે ૯.૦૦ વાગે, આદીપુર ઘટક સમાજ ભવન મધ્યે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. ઉપરોક્ત ધ્વજવંદનના કાર્યક્રમમાં ઘટકના ત્રણેય પાંખના હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા ઘટકના બહોળી સંખ્યામાં સભ્યો, વડીલો, ભાઇ-બહેનો તથા યુવાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઘટકના પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ જે. સોલંકી સાથે કારોબારી સભ્યોના હસ્તે ત્રિરંગો ધ્વજ ફરકાવવામાં આવેલ. ધ્વજ ફરકાવ્યા બાદ ધ્વજને સલામી આપીને રાષ્ટ્રગીત ગાયા બાદ



ઘટક પ્રમુખશ્રીએ પોતાના ઉદ્‌બોધનમાં બધાને ગણતંત્ર દિવસની શુભેચ્છા પાઠવી હતી. સમાજ પ્રત્યેની લાગણી પ્રદર્શીત કરવા બદલ સભ્યોનો આભાર માન્યો હતો. આપણા સમાજમાં પણ સંપ અને એક્તા વધે, આપણે એકબીજાને મદદરૂપ થઇ શકીએ, સમાજ પ્રત્યે ઉમદા લાગણી રાખવી જોઇએ અને હર્ષોલ્લાસ સાથે રહીએ તેવો આપણે આ ત્રિરંગાની સાક્ષીએ સંકલ્પ કરવો જોઇએ.

ત્યાર બાદ પ્રસંગને અનુરૂપ ઘટક મંત્રી શ્રી દિપકભાઇ સી. રાઠોડ, મહામંત્રી શ્રી જેભાઇ વી. રાઠોડ, કારોબારી સભ્ય શ્રી લલીતભાઇ આર. ટાંક તથા યુવા મંડળના શ્રી ચેતન જશવંતભાઇ રાઠોડે પોતાનું પ્રવચન આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ઘટક મંત્રી શ્રી દિપકભાઇ સી. રાઠોડે કર્યું હતું. ત્યાર બાદ ભારત માતા કી જય... વંદે માતરમ્ બોલી વાતાવરણ ગુંજવી નાખ્યું હતું. ત્યાર બાદ બધાએ મીઠું મોઢું કરી છુટા પડ્યા હતા. તા. ૦૪-૦૨-૨૦૨૪, રવિવારના સાંજે ૪ વાગે આદીપુર ઘટકની સામાન્ય સભા, આદિપુર ઘટક સમાજ ભવનમાં મળેલ હતી.

સામાન્ય સભામાં નવી ટર્મ જાન્યુઆરી ૨૦૨૪થી



ડિસેમ્બર-૨૦૨૬ માટે ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ જયંતીલાલ સોલંકીને પુનઃ નિયુક્ત કરવામાં આવેલ. એજ પ્રમાણે મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અનિતાબેન એન. ટાંકને પણ નિર્વિવાદ મહિલા મંડળના પ્રમુખ તરીકે નવી ટર્મ માટે પુનઃ નિયુક્ત કરવામાં આવેલ. યુવા મંડળના પ્રમુખ શ્રી ચેતનભાઇ જશવંતભાઇ ચૌહાણને યુવા મંડળના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવેલ.

## અંગુલ ઘટક






અંગુલ ઘટકની સામાન્ય સભા તા. ૧-૨-૨૪, ગુરૂવારના રોજ યોજાયેલ હતી. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય કરીને, ગણપતિ વંદના તથા ભજન સાથે કરવામાં આવેલ હતી. આ સભા મધ્યે સત્ર ૨૦૨૪-૨૦૨૬ સુધીની ત્રણે પક્ષોની કારોબારી સભ્યોની ચુંટણી કરવામાં આવી હતી. જેમાં ઘટક પ્રમુખ - શ્રી દિલીપભાઇ નરસિંહભાઇ ટાંક, ઉપપ્રમુખ - શ્રી દિલીપભાઇ હેમરાજભાઇ વરૂ, મંત્રી - શ્રી ગોપાલભાઇ છગનભાઇ મારૂ, સહમંત્રી - શ્રી હર્ષદભાઇ ગીરધરભાઇ વરૂ, કોષાધ્યક્ષ શ્રી ઉદિતભાઇ નરસિંહભાઇ ટાંક, શ્રી હેમંતભાઇ છગનભાઇ મારૂને સર્વસંમતીથી ચુંટવામાં આવ્યા હતા. તા. ૧૪-૦૨-૨૦૨૪, બુધવારે સર્વે સભ્યો પોતાના માતા-પિતાનું પુજન કરી શાલ ઓઢાડી, માતૃ-પિતૃ દિવસ ઉજવ્યો તથા માતા-પિતાનો

આપણા જીવનમાં સ્થાન તથા તેમના આભારોની ચર્ચા કરી માતા-પિતાને સમ્માન આપેલ. વિવિધ કાર્યક્રમો, રમત-ગમત પછી ભોજનનો આનંદ લઇ સૌ છુટા પડ્યા હતા. સર્વેનો સહયોગ સહકારથી આ કાર્યક્રમ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો હતો.

## રાંચી ઘટક

રાયપુર ઘટક દ્વારા આયોજીત મહાસભાનું ત્રિ-વાર્ષિક અધિવેશનમાં મહાસભાના પુનઃ નિર્વાચીત પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાના અને નારીરત્ન એવોર્ડ શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા અંજારને અને મહિલા મહામંડળના નવનિર્વાચીત પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઇ ચૌહાણને રાંચી ઘટકના ઉપસ્થિત પ્રમુખ શ્રી દિલીપભાઇ મોહનભાઇ વાઢેર, પૂર્વ મંત્રી મહિલા મંડળ શ્રીમતી હંસાબેન દિલીપભાઇ વાઢેર તથા ઉપપ્રમુખ શ્રીમતી દીપાબેન દિપકભાઇ ચૌહાણ અને ઘટકના અન્ય સભ્યો દ્વારા સ્ટેજ પર જઇને ફુલહારથી સન્માન કરવામાં આવ્યુ હતું. અધિવેશનમાં સાંસ્કૃતિક પ્રોગ્રામમાં રાંચી ઘટકની નિમ્ન યુવતીઓએ સરસ લોકનૃત્ય રજુ કર્યું હતું. જેમાં આશા અશોકભાઇ રાઠોડ, વિજેતા ગીરીશભાઇ રાઠોડ, વિભુતિ ગીરીશભાઇ રાઠોડ, આધ્યા નિશાંતભાઇ રાઠોડ, નિશીતા હરીલાલભાઇ જેઠવા, રીશિતા શ્યામભાઇ ચૌહાણ.


**મેરેજને લગતી તમામ આઇટમ મેળવવા માટેનું એકમાત્ર સ્થળ એટલે જ**

**લગ્નસરા**



- લગ્નવિધિ આઇટમ
- ડેકોરેશન
- ગીફ્ટ આઇટમ
- કરિયાવર
- આણાની આઇટમ
- લગ્ન પ્રસંગની આઇટમ વગેરે

બહાર ગામ વસતા સમાજબંધુઓને કૂરીયરથી મોકલવાની વ્યવસ્થા છે

ટીપી-૩, ખીજડા મામા મંદિર રોડ, ખત્રી ચોક, ૧૨મી. રોડ, અંજાર (કચ્છ) મો.નં. : 8141968106

@lagansara the weddings studio


### :: પરત આવતા અંકોની યાદી ::

(૧) LM - ૪૮૬૯ - પુનિત એલ. ચાવડા - આદિપુર
(૨) LM-૫૮૯૩ -બાબુલાલ ખીમજી ચૌહાણ - ગાંધીધામ
(૩) LM - ૬૪૮ - કેશવજી જે. વેગડ - મુંબઇ
(૪) LM - ૪૧(એન) - ગીરીશભાઇ યાદવ - ભોપાલ
(૫) LM - ૧૨૮૯ - અરૂણકુમાર સી. યાદવ - ભોપાલ
(૬) LM- ૪૭૯૬ - કિરીટભાઇ કરમશી ચાવડા - જામનગર
(૭) LM - ૩૫૫૩ - સુધીર ધરમશીભાઇ જેઠવા - નાગપુર
(૮) LM- ૧૩૧૭ (એન) - ધર્મેન્દ્ર રતીલાલ વરૂ - નાગપુર
(૯) LM - ૧૩૨૨ - અર્પિતરાજ રાઠોડ - કટક
(૧૦) LM - ૨૮૬૭ - અમિત કિરણભાઇ ચાવડા - મુંબઇ
(૧૧) LM - ૫૪૦૫ - યશવંતભાઇ મારૂ - બિલાસપુર
(૧૨) LM - ૨૮૭૦ - હરીભાઇ મુલજી વાઘેલા - ભુજ
(૧૩) LM-૧૩૯૬ (એન) - ચેતન નરેન્દ્રભાઇ ટાંક - વર્ધા
(૧૪) LM - ૩૧૮૩ - મહેન્દ્રભાઇ ટાંક - ગાંધીધામ
(૧૫) LM - ૪૭૨૫ - રઘુરામ નાનજી ટાંક - નાસિક
(૧૬) LM - ૧૩૬૯ - વિમલ જે. જેઠવા - ગાંધીધામ


### ફોર્મ-૪


**નિયમ ૮ અંતર્ગત અપેક્ષિત પત્રિકાનું વિવરણ**

| | | |
|---|---|---|
| ૧. પ્રકાશન | : | સેતુ સમાજ સંદેશ કાર્યાલય<br>શ્રી ક.ગુ.ક્ષ. (મિસ્ત્રી) સમાજ ભવન<br>વરસામેડી નાકા, અંજાર<br>(કચ્છ-ગુજરાત) ૩૭૦૧૧૦. |
| ૨. પ્રકાશનાવધિ | : | માસિક |
| ૩. મુદ્રક, પ્રકાશક, તંત્રીનું નામ | : | યોગેશ મગનભાઇ ચાવડા |
| ૪. શું ભારતીય નાગરિક છે ? | : | હા |
| ૫. સરનામું | : | 'અંબર' વાત્સલ્ય ભૂમિ,<br>વાઠોડા, નાગપુર (મહારાષ્ટ્ર) ૩૫ |
| ૬. માલિકનું નામ | : | પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ<br>મહાસભા<br>શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા<br>રજી. ઓફીસ : ૨૨, હૈશામ રોડ,<br>પો. કોલકાતા - ૨૦<br>રજી. ટ્રસ્ટ નં. S/12386(72-73)<br>W.B.S.R. Act-XXVI of 1961 |

હું યોગેશ મગનભાઇ ચાવડા, આથી જાહેર કરું છું કે, ઉપરોક્ત વિવરણ મારી જાણકારી અને વિશ્વાસ અનુસાર સાચી છે.

(યોગેશ મગનભાઇ ચાવડા)
તંત્રી

॥ જય માતાજી ॥



# શ્રી હંસવાહિની બ્રહ્માણી માતાજી ચૌહાણ પરિવાર - રેહા

## :: ચૈત્રી અષ્ટમી નિમંત્રણ ::

આથી ભારતભરમાં વસતા ચૌહાણ નુખના ગોઠી પરિવારોને સહર્ષ જણાવવાનું કે, દર વર્ષની જેમ આ વરસે પણ માતાજીના સ્થાનક મધ્યે ચૈત્રી અષ્ટમીના રોજ હોમ-હવન, મહાઆરતી તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સહપરિવાર ઉપસ્થિત રહીને શ્રદ્ધા તથા ભક્તિભાવ પૂર્વક અવસરનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ છે.

**:: નવરાત્રી પ્રારંભ તથા ઘટઃ સ્થાપન ::**

વિક્રમ સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૧, તા. ૦૯/૦૪/૨૦૨૪, મંગળવાર, સવારે ૯.૦૦ કલાકે

**:: હોમ-હવન/મહાઆરતી તથા સમુહ મહાપ્રસાદ ::**

વિક્રમ સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૮, તા. ૧૬/૦૪/૨૦૨૪, મંગળવારના

| સ્થાપન તથા પૂજન | હોમ-હવન | મહાઆરતી | નૈવેદ્ય/મહાપ્રસાદ |
|---|---|---|---|
| સવારે ૮.૩૦ કલાકે | સવારે ૧૦.૦૦ કલાકે | બપોરે ૧૨.૦૦ કલાકે | બપોરે ૧.૦૦ કલાકે : |

**ખાસ નોંધ : હવનમાં યજમાન પરિવાર સિવાય ૪ જોડી નિયત સેવા શુલ્ક આપી વહેલા તે પહેલાના ધોરણે બેસી શકશે.**
**સંપર્ક : વિનોદભાઈ ચૌહાણ - મંત્રી - મો. ૯૮૭૯૧૫૦૧૧૩**

**:: મહાપ્રસાદ તથા મહાઆરતીના દાતાશ્રી ::**

**સ્વ. માધવજીભાઈ કરશનભાઈ ચૌહાણ પરિવાર - રેહા હસ્તે પૌત્રો**

| શ્રી કાન્તીલાલભાઈ | શ્રી જીતેશભાઈ | શ્રી કનૈયાલાલભાઈ | શ્રી અરૂણભાઈ |
|---|---|---|---|
| સામજીભાઈ ચૌહાણ | દામજીભાઈ ચૌહાણ | કેશવજીભાઈ ચૌહાણ | અમરશીભાઈ ચૌહાણ |

**:: નિમંત્રક ::**

**શ્રી અમરસીભાઈ ભીમજીભાઈ ચૌહાણ** - માતાજીના ભુવા (મો. ૯૪૨૯૨૯૮૮૯૮)

**શ્રી મોહનલાલ હીરજીભાઈ ચૌહાણ** - પ્રમુખ
**શ્રી બાબુલાલ સામજીભાઈ ચૌહાણ** - ઉપપ્રમુખ
**શ્રી નવિનભાઈ શીવજીભાઈ ચૌહાણ** - ઉપપ્રમુખ
**શ્રી વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ** - મંત્રી
**શ્રી હેમરાજભાઈ હરિલાલ ચૌહાણ** - સહમંત્રી
**શ્રી દિલીપભાઈ ખેતસીભાઈ ચૌહાણ** - ખજાનચી
**શ્રી સોમનભાઈ ભવાનજીભાઈ ચૌહાણ** - મુખ્ય વ્યવસ્થાપક
**તથા કારોબારી સમિતિના જય માતાજી...**

**:: બેંકમાં ઓનલાઈન ફાળો જમા કરાવવા માટે ::**

**Shri Hansvahini Brahmani Mataji Chauhan Parivar**
BARODA GUJARAT GRAMIN BANK ( Kukma Branch) A/c. No. 763510002261
IFSC CODE : BARB 0 BGGB XX( Fifth Digit is Zero ) Please Inform After Deposit & send Details..

**મનીઓર્ડરથી ફાળો મોકલવા માટે :** દિલીપ ખેતસી ચૌહાણ, પો. રેહા, તા. ભુજ (કચ્છ) ગુજરાત. ૩૭૦૧૦૫ મો. ૯૭૨૫૩ ૩૭૮૦૩

॥ જય મોમાય માતાજી ॥

શ્રી ગણેશાય નમઃ

॥ જય મોમાય માતાજી ॥

# શ્રી મોમાય માતાજી પરમાર પરિવાર-કુકમા
# ચૈત્રી નવરાત્રી મહોત્સવ-૨૦૨૪

# નિમંત્રણ

આદરણીયશ્રી, ____________________

સહર્ષ જણાવવાનું કે આપણા પરમ કૃપાળુ કુળદેવીશ્રી મોમાય માતાજીની અસીમ કૃપાથી દર વર્ષની જેમ ચૈત્રી નવરાત્રીના શુભ પ્રસંગે વાડી સ્થાપન, રાત્રે માતાજીના ગરબા ( રાસ ),હવનવિધી, તેમજ નવરાત્રી દરમ્યાન દસ દિવસ અખંડ ધૂપ-દીપ માતાજી પાસે કરવામાં આવશે.

આ પવિત્ર પ્રસંગે પરમાર ગોઠી ભાઈઓને માતાજીના સ્થાનકના દર્શન કરવા, માતાજીનો પ્રસાદ લેવા ''મોમાય માતાજી સ્થાનક વ્યવસ્થાપક સમિતિ-કુકમા'' વતી સહ કુટુંબ પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.


## નવરાત્રીના પાવન પ્રસંગો

**સવંત ૨૦૮૦ ચૈત્રી સુદ ૧ ને, તા. ૦૯-૦૪-૨૦૨૪, મંગળવાર**

**ઘટ/વાડી સ્થાપન : સવારે ૯-૦૦ કલાકે**

**હવનવિધિ**

સવંત ૨૦૮૦ ચૈત્રી સુદ ૧૦,
(દશેરા)
ગુરુવાર, તા. ૧૮-૦૪-૨૦૨૪,
સવારે ૭:૩૦ કલાકે



**નૈવદ ધરાવવા**

સવંત ૨૦૭૯ ચૈત્રી સુદ ૯,
(નોમ) ને બુધવાર, તા. ૧૭-૦૪-૨૦૨૪,
સવારે ૬:૩૦ થી ૯:૩૦ ની વચ્ચે
સવારે ૧૧:૦૦ થી ૧૨:૩૦ ની વચ્ચે

ઉપરોક્ત શુભ પ્રસંગે ઉપલબ્ધ તમામ સરનામાંઓ પર પરમાર ભાઈ-બહેનોને દર વર્ષે નિમંત્રણ પાઠવીએ છીએ. પણ સરનામાઓના અભાવે કોઈ ગોઠી ભાઈઓને નિમંત્રણ મળી શક્યું ના હોય તેવું આપણી જાણમાં હોય તો તે પરિવારનું નામ-સરનામું અમોને મોકલાવશો, જેથી અમો ભવિષ્યમાં નિમંત્રણ પત્રિકા, માતાજીનો પ્રસાદ મોક્લાવી શકીએ તેમજ અમારા વતી આપને તેવા પરિવારને નિમંત્રણ પાઠવવા વિનંતી. માતાજીના શુભ કાર્ય માટે, દિવેલ, ધુપ-પૂજાપા અને પ્રસાદ માટે અર્થિક સહયોગ પાઠવવો હોય તેઓ પોતાનો સહયોગ નીચેના સરનામે મોકલાવી શકે છે.

**...નોંધ...**

૧. મનીઓર્ડર મોકલાવતી વખતે સંદેશાની કાપલીમાં પોતાનું પુરું નામ, સરનામાંનો કોડ તથા પીન કોડ સહિતનું સરનામું લખી મોકલવા વિનંતી, તથા તમારો મોબાઈલ નંબર મુકવો.

૨. આપના ચેક તથા ડ્રાફ્ટ **શ્રી મોમાય માતાજી મંદિર** ના નામનો મોકલવા વિનંતી. અથવા **બરોડા ગુજરાત ગ્રામીણ બેંક** **AC. No. 763510000018 IFSC CODE : BARB0BGGBXX** માં ઓનલાઈન મોકલાવતી વખતે નીચે જણાવેલ ફોન નંબર પર જાણ કરવા વિનંતી છે. **IFSC CODE** માં પાંચમો અક્ષર જીરો **(ZERO)** છે.

૩. હવનમાં બેસવા ઈચ્છતા ગોઠીભાઈઓએ પોતાના નામ તા. ૧૫/૦૩/૨૦૨૪ સુધી મળી જાય તે રીતે મોકલી આપવા જેથી હવન માટે યોગ્ય આયોજન કરી શકાય તેમજ તમારો ફોન નંબર અવશ્ય મોકલવો.

આપના સહયોગની અપેક્ષા સહ.....

**સર્વે ગોઠી ભાઈઓને જણાવવાનું કે આપણા માતાજીના મંદિર મધ્યે અતિથી ભવનનું કામ ચાલુ છે.**
**તો નમ્ર વિનંતી કે હોલ માટે યથા યોગ્ય શકિત પ્રમાણે ફાળો આપી અને આ માતાજીના કામમાં ઉપયોગી થવા વિનંતી....**

## શ્રી સુરાપુરા ડાડાની પેડી

ચૈત્ર વદ ૧૪, (ચૌદસ) તા. ૦૭/૦૫/૨૦૨૪ ના રોજ ધાણેટી ખાતે શ્રી સુરાપુરા ડાડાની પેડી રાખેલ છે પેડીમાં હાજર રહેવા અંગે ગોઠીભાઈશ્રીઓને તા ૦૫/૦૫/૨૦૨૪ સુધીમાં દિક્ષીતભાઈ મો. નં. ૯૭૭૩૦૨૦૩૪૯ પર નામ નોંધાવવા વિનંતી છે. જેથી પ્રસાદ અંગેનું આયોજન થઈ શકે. ધાણેટી ખાતે પહોંચવાની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.

**પ્રમુખશ્રી - શ્રી મુકુન્દભાઈ જેઠાલાલ પરમાર**
Mo. 9825441687

**ઉપપ્રમુખશ્રી - નલીનભાઈ જેઠાલાલભાઈ પરમાર**
Mo. 9825189238

**મંત્રીશ્રી - રાજનભાઈ સુરેશભાઈ પરમાર**
Mo. 9429295806

**યજ્ઞ આચાર્ય : શ્રી જોષી પ્રફુલકુમાર અમૃતલાલ**
માનકુવાવાળા - Mo. 9879080652

**પુજારીશ્રી - શ્રી દિનેશભાઈ જીવરામભાઈ પરમાર**
Mo. 9925720810

**: FROM :**

**Momay Mataji Sthanak, Moti Seri, Vill. KUKMA Tal. Bhuj-Kutch. 370105**

શ્રી મોમાય માતાજીનું સ્થાનક, મોટી શેરી, કુકમા તા. ભુજ ( કચ્છ )

**WEB SITE : WWW.PARMARMEETS.WEEBLY.COM**

|| શ્રી પીઠડ માતાય નમઃ || || શ્રી ગણેશાય નમઃ || || જય માતાજી ||



# જય શ્રી પીઠડ માં (પરમાર)નાં કુળદેવી - હાજાપર

## || શ્રી નિમંત્રણ ||

જય માતાજી સાથે જણાવવાનું કે, **પરમાર નુખના ભાઈ-બહેનો જોગ, હાજાપર** જેમના કુળદેવી છે તેમને નિવેદન સાથે વિક્રમ સંવત ૨૦૮૦ **ચૈત્ર સુદ-૮, ને તા. ૧૬-૦૪-૨૦૨૪, મંગળવાર**ના માતાજીના હવનના દર્શન લાભ લેવા સર્વે ગોઠી ભાઈ-બહેનોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવે છે. તો સર્વે ગોઠી ભાઈઓને સહપરિવાર પધારવા માતાજીના દર્શન સાથે સમુહ પ્રસાદ, હવનનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.

**:: ચૈત્ર નવરાત્રીના પાવન પ્રસંગો ::**

**સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ–૮ ને, તા. ૧૬–૦૪–૨૦૨૪, મંગળવારના શુભ દિને**

**હવન સમય :** સવારે ૯.૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

હવનમાં ભાગ લેનાર ગોઠી ભાઈઓએ અગાઉથી જાણ કરવાની રહેશે.

**નામ નોંધાવવા માટે સંપર્ક સુત્રો : શ્રી ધીરજલાલ અરજણભાઈ પરમાર – ૯૧૦૬૩૨૦૫૦૬**

**:: પત્ર વ્યવહારનું સરનામું ::**


**પૂજારી શ્રી રાજેશ રસીકલાલ પરમાર – મો. ૯૭૨૪૫૮૩૭૫૭ C/o. સ્વ. શ્રી રસીકલાલ હરજીભાઈ પરમાર (ભુવા)**
**શ્રી હાજાપર નવા ગામ હરૂડી, વાયા કુકમા, તા. ભુજ (કચ્છ) ૩૭૦૧૦૫ (ગુજરાત)**

| ઓનલાઈન ફંડ જમા કરાવવા માટે : | બેંકની વિગત : શ્રી પીઠડ માતાજી મંદિર – હાજાપર, બેંકનું નામ : HDFC Bank, A/c. No. 50100675333480 IFSC Code - HDFC0004682 |
|---|---|

## જયશ્રી પીઠડ મા (પરમાર) પરિવારનું ગૌરવ – હાર્દિક અભિનંદન



**શ્રી સંજયભાઈ લીલાધરભાઈ પરમાર**
**અંજાર**
**પ્રભારી, સેતુ સમાજ સંદેશ સંચાલન સમિતિ**



**શ્રી ધીરજલાલ અરજણભાઈ પરમાર**
**લોહારીયા**
**ચેરમેન, કચ્છ પ્રાદેશિક સમિતિ**

આપશ્રીઓની ઉપરોક્ત ગૌરવવંતા પદે વરણી થવા બદલ શ્રી પીઠડ મા (પરમાર) સમસ્ત કુટુંબ – હાજાપર હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે. સમાજ સેવા ક્ષેત્રે વધે તમારી નામના એવી અમારી શુભકામના... આપશ્રી સમાજસેવા ક્ષેત્રે ખૂબ પ્રગતિ કરતા રહો એવી કુળદેવી શ્રી પીઠડ માતાજી પ્રાર્થના સહ શુભેચ્છાઓ....

**:: શ્રી પીઠડ માતાજી પરમાર કુળદેવી મંડળના પ્રતિનિધિશ્રીઓ ::**

(૧) શ્રી સંજય નારણભાઈ પરમાર - નાગલપર
(૨) શ્રી પ્રદિપભાઈ પ્રાગજીભાઈ પરમાર - નાગલપર
(૩) શ્રી રમેશભાઈ રતીલાલ પરમાર - લોહારીયા
(૪) શ્રી હરીશભાઈ મોહનલાલ પરમાર - લોહારીયા
(૫) શ્રી કિશોરભાઈ દેવરામભાઈ પરમાર - લોહારીયા
(૬) શ્રી નારાયણભાઈ કરમશીભાઈ પરમાર - લોહારીયા
(૭) શ્રી અતુલભાઈ કાનજીભાઈ પરમાર - અંજાર
(૮) શ્રી મહેશભાઈ ગોકળદાસ પરમાર - ભુજ
(૯) બ્ર.કુ. શ્રી બાબુભાઈ અરજણભાઈ પરમાર - માધાપર
(૧૦) શ્રી રમેશભાઈ કાન્તીલાલ પરમાર - ખંભરા

**:: રાજ્યના પ્રતિનિધિશ્રીઓ ::**

(૧) શ્રી મનિષભાઈ ધારશીભાઈ પરમાર - ઔરંગાબાદ, બૈજનાથ (મહા.)
(૨) શ્રી ત્રિકમભાઈ ભાણજીભાઈ પરમાર - પરલી,બૈજનાથ (મહા.)
(૩) શ્રી અરજણભાઈ ભાણજીભાઈ પરમાર - પરલી,બૈજનાથ (મહા.)
(૪) શ્રી લીલાધરભાઈ કરમશીભાઈ પરમાર - પરલી,બૈજનાથ (મહા.)

**શ્રી પીઠડ માતાજી પરમાર કુળદેવી સમસ્ત ગોઠી ભાઈઓ-બહેનોના જય માતાજી**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય ખોડિયાર (ચુડાસમા) પરિવાર - અંજાર દ્વારા સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ યોજાયો



અંજાર મધ્યે શ્રી ખોડિયાર કુટુંબના ગોઠી ભાઇઓ દ્વારા સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ. આ આયોજન માત્ર ખોડિયાર નુખના સ્વજનોના મોક્ષાર્થે જ કરવામાં આવેલ હતું. ખોડિયાર કુટુંબ ઘણા સમયથી સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ યોજવા માટે વિચારી રહ્યું હતું. આખરે આ શુભ પ્રસંગ યોજવાનું નક્કી થયું અને મીટીંગો યોજવામાં આવી. જેમાં ત્રણ થી ચાર મહિનામાં ૫૧ પોથી નોંધાઇ ગઇ. અને કથાની તા. ૩૧-૧૨-૨૩ થી તા. ૬-૧-૨૦૨૪ નક્કી કરવામાં આવી. કથાકાર શ્રી દિનેશચંદ્ર જયંતિલાલ રાવલ જેઓએ વ્યાસપીઠ પરથી કથાનું રસપાન કરાવી અને સમગ્ર વાતાવરણ શ્રી કૃષ્ણમય બનાવી દીધું હતું. કથાના પ્રારંભે પોથી યાત્રા ખોડિયાર માતાજીના મંદિરથી શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઇ સમાજ ભવન (ખોડલધામ) મધ્યે પહોંચી હતી. આ પોથીયાત્રા સાથે ખોડિયાર માતાજીની જાંખી, વેદવ્યાસ, દિકરીઓના રાસગરબા, ઘોડેસવાર ધજા સાથજે પનિહારીઓ, ડંબેલ્સ ટીમ, સાધુસંતોની સવારી, ઢોલ-નગાર સંગીત સાથે પોથી યાત્રા યોજવામાં આવી હતી. યાત્રામાં સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકી, સંત શ્રી વાસુદેવદાસજી મહારાજ, મહંતશ્રી ત્રિકમદાસજી મહારાજ, મહંતશ્રી કિર્તીદાસજી મહારાજ, મહંતશ્રી અમરદાસજી મહારાજ તથા સમાજ અગ્રણીશ્રીઓ તથા સર્વે કુટુંબજીનોએ હાજરી આપી આ પ્રસંગને શોભાવ્યો હતો.

દિપ પ્રાગટ્ય સંતો-મહંતો, સમાજરત્ન શ્રી વિનોદભાઇ, પ્રમુખશ્રી અને સમિતિના સભ્યો, હોદ્દેદારો, વડીલોના હસ્તે કરવામાં આવ્યું હતું. કથામાં નૃસિંહ પ્રાગટ્ય, શ્રીરામ પ્રાગટ્ય, શ્રી કૃષ્ણ પ્રાગટ્ય, શ્રી ગોવર્ધન મહોત્સવ, શ્રી રૂક્ષમણી વિવાહ, શ્રી સુદામા ચરિત્ર જેવા પ્રસંગો ખૂબજ ધામધૂમથી હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યા હતા. આધ્યાત્મિક પ્રવચન સ્વામી શ્રી પ્રદિમાનંદ સરસ્વતીજી - ભુજ  તેમજ ડૉ. શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપર દ્વારા અલગ-અલગ દિવસે રાખવામાં આવેલ. નોંધનીય છે કે, આ પ્રવક્તાઓએ લોકોને જીવનના મૂળ રહસ્યો, જીવન જીવવાની કળા, દુઃખના કારણો, સંયમના માર્ગો, અભિમાન અને સ્વાભીમાન જેવી અનેક બાબતોને જીણવટપૂર્વક સમજાવી હતી. આ પ્રસંગનો લાભ લેવા લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. દરરોજ  રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમમાં નાટકની અનેક શ્રેણીઓ, રાસોત્સવ, સુંદરકાંડ, ભજનસંધ્યા, સંગતીમય શૈલીમાં હનુમાન ચાલિસા જેવા પ્રોગ્રામો યોજાયા હતા.

આ પ્રસંગે પોથી બેસાડનાર કોઇ ગોઠી ભાઇની આર્થિક પરિસ્થિતિ નબળી હોય તેઓએ ૫૦% રૂપીયા ભરી અને ભાગ લઇ શકે એવી પણ એક યોજના રાખેલ હતી. જેમાં ૫૦% રકમ યજમાન આપે અને બાકીના ૫૦% રકમ શ્રી રસીકભાઇ ગોવિંદભાઇ ખોડિયાર પરિવાર ગાંધીધામ અને ખોડિયાર કુટુંબના પ્રમુખશ્રી શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર પરિવાર - અંજાર આ બન્ને પરિવારો મળીને ૫૦% રકમ કુટુંબમાં ભાગવત પોથી નિમિત્તે જમા કરાવેલ. જેમાં કુલ ૬ યજમાનોએ લાભ લીધો હતો.

આ ૫૧ પોથી સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ પ્રસંગ દરમ્યાન આઠેય દિવસ દરરોજ ત્રણેય ટાઇમ પ્રસાદનું આયોજન



રાખેલ હતુંઉ જેમાં ગમે તેટલા વ્યક્તિઓ આવે તેમણે કોઇપણ જાતનો ચાર્જ ચુકવ્યા વિના પ્રસાદ લેવાનો હતો. આ પ્રસંગ માટે નાણાંકીય ભંડોળમાં માત્ર ખોડિયાર પરિવાર જ અનુદાન આપી શકે એવું ખાડિયાર કુટુંબે નક્કી કરેલ હતું તેમજ દરેક પરિવારને સુચના હતી કે કથાના આઠેય દિવસ કોઇએ પોતાના ઘરે રસોઇ કરવી નહીં. કથા પ્રસંગે આવનાર મહેમાનશ્રીઓ એવં સર્વે માટે દરરોજ મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. પોથી દિઠ ૧૦૦૦ના હિસાબે ગાયોને ચારા માટે રૂા. ૫૧,૦૦૦ નું અનુદાન કુટુંબ વતીથી કરવામાં આવ્યું તેમજ સમાજમાં ચાલીત વિવિધ સહાય યોજનામાં પણ ખોડિયાર કુટુંબે ફુલની પાંખડી સમાન અનુદાન નોંધાવી સમાજ ઋણ અદા કર્યું હતું.

કથા પૂર્ણ થયાના બીજા દિવસે નારાયણ યજ્ઞ અને બપોર બાદ મહા સંમેલનો, પ્રોગ્રામ રાખેલ હતો. જેમાં બધા ગોઠી ભાઇઓએ કથા પ્રસંગની વિતેલી ક્ષણો અંગે માહિતિ આપી અને સૌએ પોત-પોતાના વિચારો રજુ કર્યા હતા. સંમેલન પ્રસંગે શ્રીમતી કંચનબેન અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર તરફથી કથાની યાદગીરી રૂપે મોમેન્ટો આપી અને પરિવારજનોને સન્માનીત કરવામાં આવેલ. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ, સમાજ અગ્રણીશ્રીઓ, મહેમાનો, પ્રતિષ્ઠિત વ્યક્તિઓ, સમિતિના અધ્યક્ષો તથા તમામ કાર્યકર્તાઓ, દાતાશ્રીઓ વગેરેનું કુટુંબ વતિથી સાલ અને મોમેન્ટોથી સન્માન કરવામાં આવ્યું હતું. આ કથાના ખર્ચને પહોંચી વળવા આર્થિક ભંડોળ પણ ખુબ મહત્વનું છે. દાન-દાતાશ્રીઓએ પ્રસંગોના ચડાવા (ઉછામણી), સાંસ્કૃતિક કાર્યક્રમો માટેનું અનુદાન, પ્રોત્સાહન ઇનામો માટેનું દાન, ભજન-સંધ્યા દાન, અલગ-અલગ કૃતિઓનું દાન, કથા માટનું અનુદાન વગેરેમાં સહયોગ આપી અને પિતૃઓના મોક્ષાર્થે સહભાગી બન્યા હતા.

કથાના આયોજનને સફળ બનાવવા કુટુંબના પ્રમુખ શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર, શ્રી રસિકભાઇ ગોવિંદભાઇ ખોડિયાર (સ. પ્રમુખશ્રી), શ્રી કાનજીભાઇ વાઘજીભાઇ ખોડિયાર (સ. સભ્યશ્રી), શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર (મંત્રીશ્રી), શ્રી વિનોદભાઇ વિસનજીભાઇ ખોડિયાર (ઉપપ્રમુખશ્રી), શ્રી મિતેષભાઇ જીતેન્દ્રભાઇ ખોડિયાર (ખજાનચીશ્રી), શ્રી જેન્તીલાલ કરસનભાઇ ખોડિયાર (ઉપપ્રમુખશ્રી), શ્રી જૈનેશભાઇ રામજીભાઇ ખોડિયાર (સહમંત્રીશ્રી), શ્રી મયુરભાઇ અમૃતલાલ ખોડિયાર (સહમંત્રીશ્રી), શ્રી અશોકભાઇ ધનજીભાઇ ખોડિયાર (સહમંત્રીશ્રી), શ્રી દયારામભાઇ રામજીભાઇ ખોડિયાર (સહમંત્રીશ્રી), શ્રી જયપ્રકાશભાઇ હેમરાજભાઇ ખોડિયાર (સહમંત્રીશ્રી), શ્રી મુકેશભાઇ હરિલાલ ખોડિયાર, શ્રી પ્રતિકભાઇ કાનજીભાઇ ખોડિયાર, શ્રી અનિલભાઇ કરસનભાઇ ખોડિયાર, શ્રી કિશનભાઇ ભગવાનભાઇ ખોડિયાર, શ્રી ભરતભાઇ રતિલાલ ખોડિયાર, શ્રીમતી દક્ષાબેન મગનભાઇ ખોડિયાર તથા નામી-અનામી સર્વે ગોઠી ભાઇ-બહેનોને જહેમત ઉઠાવી હતી.

## સમાજ ગૌરવ



મુળ ગામ દેવળીયા હાલે સુરત નિવાસી શ્રીમતી શીતલ બેન લિતિનભાઇ રાઠોડની સુપુત્રી તથા શ્રીમતી નિલાબેન પ્રવિણભાઇ રાઠોડની પૌત્રી કુમારી રાશી લિતિનભાઇ રાઠોડે તા. ૨૬-૦૧-૨૦૨૪ના દિલ્હી મધ્યે રાજપથ માર્ગમાં યોજવામાં આવેલ ધ્વજવંદન કાર્યક્રમ દરમિયાન ભારત સરકારની સાંસ્કૃતિક મંત્રાલય અંતર્ગત ‘વંદેમાતરમ્’ નૃત્ય ઉત્સવમાં ગુજરાત રાજ્ય તરફથી ‘કથક’ નૃત્યની પ્રસ્તુતિ કરી રાઠોડ પરિવાર તથા સમાજનું ગૌરવ વધારેલ છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન તથા ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામના...



દેશમાં ગામ કુંભારીયા હાલ રાંચી નિવાસી શ્રી રાજ કિશોર ભાઇ કમલેશભાઇ સોલંકી તથા મીનાબેન સોલંકીની સુપુત્રી ચિ. ધ્રુવી રાજ સોલંકીએ ભિલાઇની રૂંગટા ડેન્ટલ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ ની બી.ડી.એસ.ની ડીગ્રી સારા માર્કથી પાસ થઇને હાલ શરદ પવાર ડેન્ટલ કોલેજ અને રીસર્ચ સેન્ટર - વર્ધા (મહારાષ્ટ્ર)થી એમ.ડી.એસ. ફાઇનલ યરમાં અભ્યાસ કરે છે. તેમને પરિવાર અને રાંચી ઘટકનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન... ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી હાર્દિક શુભકામના...




મુળ હાજાપર હાલે આદીપુર નિવાસી શ્રી દિપેશભાઇ મોહનલાલ પરમાર તથા લતાબેન પરમારના પુત્ર શ્રી અનમ પરમાર, મુન્દ્રા ખાતે મુન્દ્રા પોલીસ દ્વારા આયોજીત યોજાયેલ મીની મેરેથોન દોડમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. પરિવાર તેમજ ઘટકનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન... ઉત્તરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના....

# સમાજ ગૌરવ-હાર્દિક અભિનંદન

## આર્યન યતીનભાઈ રાઠોડ

12મી ના લાખો વિદ્યાર્થીઓ ભાગ લે તેવી ભારત સરકારની કિશોર વૈજ્ઞાનિક પ્રોત્સાહન યોજનાની કમ્પીટીશનની પરીક્ષા વર્ષ 2019 માં ભાગ લઈ 198 રેંક પ્રાપ્ત કરેલ. (JEE Main) પરીક્ષામાં 635 રેંકિંગ સાથે 99.952 પ્રતિશત અને (JEE Adv.) માં 542 રેંકિંગ પ્રાપ્ત કરેલ.

I.I.T. Gouhati થી વર્ષ 2023માં B. Tech. in Computer Science માં ગ્રેજુએશન કરી Bangalore માં Nutanix (U.S.Based Co. on Cloud Computing ની R & D Security) માં Designer-I ના પદે જુલાઇ 2023 માં જોડ઼ાયા છે.



# Aryan Yatin Rathod

Birth Date : 09 January 2001

**આર્યન રાઠોડ,** યતીનભાઈ રાઠોડ B.E. Civil અને શ્રીમતી હીનાબેન યતીન રાઠોડ B.A. (Hons.) Delhi અને Diploma in Interior Design નાં સુપુત્ર છે. શ્રી યતીન હંસરાજભાઈ રાઠોડ (I.R.S.E.) હાલમાં S.E.C. Rly. Zone Bilaspur ના Nagpur Metro Pashe-II માં G.M./Design ના પદે સેવા આપી રહ્યા છે. શ્રીમતી હીનાબેન રાઠોડ was former VP and also Editorial Writer at Women's Welfare Organization, South Eastern Central Railways Nagpur.

દાદાશ્રી હંસરાજભાઇ વૃજલાલભાઇ રાઠૌડ઼ B.E.Civil અને દાદી અનુસૂયાબેન હંસરાજ રાઠૌડ઼ M.A. (Hons.) મુળવતન દીવરીયા (કચ્છ) હાલ મુકામે રાયપુર, છત્તીસગઢ શાસનના સિંચાઇ વિભાગમાં વર્ષ 2003 સુધી પ્રમુખ અભિયંતા (HDO) ના પદે સેવા આપી, સેવા નિવૃત્ત ઉપરાંત વર્ષ 2007 સુધી છ.ગ. શાસનની આર્બિટ્રેશન ટ્રાયબ્યુનલ રાયપુરમાં તકનીકી મેમ્બરના રૂપે સેવારત રહ્યા. વર્ષ 2004 થી માર્ચ 2023 સુધી 19 વર્ષો સુધી સમાજની પ્રમુખ શિક્ષા સહાય સંસ્થાન યથા શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ રાયપુરના પ્રમુખ પદ ધરાવતા સમાજના ઉચ્ચ શિક્ષારત વિત્તીય ધોરણે નબળા પરિવારનાં લગભગ 4000 વિદ્યાર્થીઓંને લગભગ રૂા. 56.50 લાખની શિક્ષણ સહાય આપવામાં આવી છે.

**આર્યન રાઠૌડ઼** દ્વારા જીવનનાં પ્રારંભિક પડ઼ાવથી જ પ્રાપ્ત કરેલ સિદ્ધિ માટે પરિવાર તથા સમાજનું ગૌરવ વધારવા બદલ ખૂબ-ખૂબ હાર્દિક અભિનંદન...

*All the Best for your Future Career*

**Dada -** Shri Hansrajbhai Vrijilalbhai Rathod (Raipur)
**Dadi -** Smt. Anusuyaben Hansrajbhai Rathod

**Papa :** Yatin Hansrajbhai Rathod (Nagpur)
**Mummy :** Smt. Heenaben Yatin Rathod

**Younger Sister :** Ku. Anoushka Rathod (Nagpur)
**Cousin Sister :** Ku Kashvi Jayesh Taunk (Tata Nagar) B.Tech (Com.Sc.)

**Nana :** Shri Uday Kumar Chawda (Bilaspur)
**Nani :** Smt. Meenakshiben Chawda

**Fai :** Smt. Geeta Jayesh Taunk (Tatanagar)
**Fai :** Smt. Deepshikha Amarish Chauhan (Mumbai)
**Cousin Sister :** Tanishka & Hiyasha Chauhan (Mumbai)



**સુનહરો અવસર :** ખુબજ ખુશી સાથે જણાવતાં હર્ષ થાય છે કે, ઈશ્વર કૃપાથી જે સ્કુલમાં શિક્ષણ મેળવ્યું એજ સ્કુલમાં મુખ્ય અતિથિ રૂપે આમંત્રણ મળેલ અને અમૃત મહોત્સવની ૭૫મા ગણતંત્ર દિવસ ૨૬ જાન્યુઆરી-૨૦૨૪ના ઝંડાતોલનનો લાભ મળેલ. મારા જેવા માટે ખૂબજ મોટી ઉપલબ્ધી છે. જય સમાજ. **– પિયુશ મોહનલાલ વેગડ–ધનબાદ**




*आत्मिय प्रियजन,*

मैं आपका किमती समय लेना चाहता हु मेरा परिचय देने हेतु, मेरा नाम ***मितेष जे. खोडियार*** है। मैं अल.आई.सी., मेडीक्लेम एवं जनरल बीमा पोलीसी के माध्यम द्वारा बचत करना, बच्चो की उच्च शिक्षा हेतु बचत, रीटार्यमेन्ट पेन्सन का आयोजन एवं इनकम टेक्समे लाभ हेतु लोगो की और उनके परिवारजनोकी मदद करता हु। मैं पिछले 15 वर्षो से लगभग 1800 जीतने लोगो की और उनके परिवारजनोकी मदद करता आया हु। जिसकी S.A.U.M 48 Cr. से अधीक है। मैं मेरे अनुभव द्वारा अपने समाजके लोगो का भविष्य सुरक्षीत करना चाहता हु। कृप्या मुजे आपकी सेवा का अवसर प्रदान करने का मोका दे।

**भविष्य सुरक्षा हेतु सुझाव**

- संपूर्ण परिवार सुरक्षा बीमा
- स्वास्थ बीमा केशलेश सुविधा के साथ
- जिवनभर आय की बचत योजना
- बच्चो की उच्च शिक्षा और विवाह कि बचत योजना
- स्पेश्यल कन्यादान बीमा योजना
- पेन्शन बीमा बचत योजना
- वाहन, मकान एवं दुकान का बीमा
- करोड़पति योजना
- विदेश यात्रा बीमा

***घर बेठे आनलाईन, पेपरलेश, टाईमलेश बीमा पोलीसी की सेवा अपलब्ध है।****

FINANCIAL PEACE PRODUCER
TRANSFORMING STRESS IN TO PEACE

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

MDRT®

Insurance for NRI & FNIO*

STAR Health Insurance — The Health Insurance Specialist
HDFC ERGO — Take it easy!
IFFCO-TOKIO GENERAL INSURANCE — Muskurate Raho

Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110. +91 94298 15099 mitesh.khdiar@gmail.com
Facebook.com/insurancebimapolicy insurance_bima_policy YouTube @InsuranceBimaPolicy
Jd Mitesh J. Khodiar Gandhidham




શ્રી પિઠળ માતાજીની અસીમ કૃપાથી તથા
વડિલોના તેમજ પરિવારજનોના શુભ આશિર્વાદથી

**સૌ. પૂજા પિયુષ પરમાર**

એ NMIMS, Hyderabad થી MBA (Marketing) ની
Degree 81 % માર્કસ્ મેળવીને પરમાર પરિવારનું
તેમજ નિઝામાબાદ ઘટકનું ગૌરવ વધારેલ છે.
તે બદ્દલ ખુબ ખુબ અભિનંદન અને આશિર્વાદ...

તેમજ અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા
સત્ર 2024-26 માટે " મિડીયા સમિતિ મંત્રી "
તરીકે સૌ. પૂજા પિયુષ પરમાર ની
નિમણૂંક કરવામાં આવેલ છે,
તે બદ્દલ અભિનંદન અને હાર્દિક શુભેચ્છા.

**✻ શુભેચ્છક પરિવારજનો ✻**

| | |
|---|---|
| સૌ. રિટાબેન ભુપેન્દરભાઇ પરમાર | (સાસુજી) |
| શ્રી. ભુપેન્દરભાઇ ભવાનભાઇ પરમાર | (સસરાજી) |
| સૌ. સ્વાતીબેન અને શ્રી. હર્ષદભાઇ પરમાર | (જેઠાણી-જેઠ) |
| શ્રી. પિયુષભાઇ ભુપેન્દરભાઇ પરમાર | (પતી) |
| ચિ. વિહાના અને ચિ. પ્રિશા હર્ષદ પરમાર | (ભત્રીજી) |
| સૌ. મંજુલા અને ધિરજલાલ રાઠોડ, કલ્યાણ | (બા-બાપા) |
| સૌ. પલ્લવી અને ગોપાલ રાઠોડ, કલ્યાણ | (મમ્મી-પપ્પા) |
| સૌ. લેખા અને નિખીલ રાઠોડ, કલ્યાણ | (ભાભી-ભાઇ) |
| ચિ. ક્રિશીવ નિખીલ રાઠોડ, કલ્યાણ | (ભત્રીજો) |

પરમાર અને રાઠોડ પરિવાર ના જય શ્રીકૃષ્ણ




# CA મહેક વાઘેલા

શ્રી રાજશ્યામજી ની અસીમ કૃપાથી તથા વડિલોના
તેમજ પરિવાર જનોના શુભ આશિર્વાદથી દુર્ગ નિવાસી
શ્રી હેમરાજભાઈ તથા શ્રીમતી વનીતા બેનની પૌત્રી તથા
શ્રી કૃષ્ણાભાઈ તથા શ્રીમતી શીતલ બેનની સુપુત્રી તથા
ભાઈશ્રી સર્વેશ વાઘેલાની બેન

કુ. મહેક વાઘેલા એ Chartered Accountant ની ડિગ્રી
મેળવેલ છે સમાજ અને કુટુંબનુ ગૌરવ વધારવા બદલ
ખુબ ખુબ અભિનંદન અને ભવિષ્યમાં ઉત્તરોતર પ્રગતીની
શુભકામના સહ આશિર્વાદ

**શુભેચ્છુક પરિવારજનો**

સ્વ. અ. સૌ. અન્નપુર્ણાબેન મેઘરાજભાઈ રાઠોડ, કલ્યાણ (નાની-નાના)
શ્રીમતી તરૂણાબેન રાજકુમારભાઈ સોલંકી, દુર્ગ (ફઈ-ફુવા)
શ્રીમતી વર્ષાબેન પ્રભાતભાઈ ચૌહાણ, કુમ્હારી (માસી-માસા)
શ્રીમતી વિભુતીબેન હેમલભાઈ ચૌહાણ, કલ્યાણ (માસી-માસા)

**સમસ્ત વાઘેલા પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા**



# BHAVI CHANDRAKANT SOLANKI

DIVYAPRABHA, Plot No. 188, Ward 4/A, Rambaug Road.
ADIPUR(Kutch) – 370205(Taluka : Gandhidham, Gujarat)

## EDUCATION & OCCUPATION

**B.E. COMPUTER ENGINEERING**
SVIT, Vasad (Vadodara) – Gujarat.

**Presently Working as: Solution Manager SAP (IT Software Services) in Triumph International GmbH – Munich City (Germany)**

**DATE OF BIRTH**
5th JANUARY 1992

**PLACE OF BIRTH**
KORBA(CHHATTISGARH)

**TIME OF BIRTH**
13:47 Hours

**HEIGHT**
5' 8"

**COMPLEXION**
FAIR

**DESH MA GAM**
KUMBHARIYA

**GOTRA**
BHARADWAJ

**KULDEVI**
CHAWAL MAA(DEVADIYA)

**CONTACT(FATHER)**
PHONE:
+91 – 9428080448(WatsApp), 6351189039

**CONTACT(MOTHER)**
PHONE:
+91 – 9586119484(WatsApp)

**EMAIL:**
cjsolanki@ymail.com

**ABOUT ME**
I have a very simple, active and social lifestyle and keen on trying new things every time. My passion is **Photography & Travelling** which gives me immense pleasure. For fitness, like to play Lawn Tennis, running and other sports. Love to Ride Motorbikes! I am a progressive thinker & respect each person's space & values. share a very special bond with all my friends & family who hold a special place in my life.

## FAMILY BACKGROUND

**CHANDRAKANT JAYANTILAL SOLANKI**
FATHER
Retired Lecturer from Tolani Polytechnic(Electrical Dept.), Adipur
Adipur Ghatak Pramukh – KGK Samaj

**CHETNA CHANDRAKANT SOLANKI**
MOTHER
Working as an English Teacher in a Higher Secondary School, Adipur.

**URJA CHANDRAKANT SOLANKI**
YOUNGER SISTER – B.E Information Technology
Presently working as a Software Engineer at Meta (FACEBOOK), Zurich City (Switzerland - Europe)

**PATERNAL FAMILY**

1. MOTA PAPPA - VINAYKANT J. SOLANKI - Gaurav Photo Studio, Aurangabad - MH. (**Mob** : 9422202902, 8999857796)
2. KAKA - BAKUL J. SOLANKI, Retired Project Manager, IOC Refinery, Vadodara - GJ. (**Mob** : 9428973671)

**MATERNAL FAMILY**
**DEEPAK AMARSHI CHAUHAN – MAMA**
Deepak Opticals, Deendayal Market, Korba ( C.G. )
Grandson of Late Amarshi Rajaram Chauhan, Sambalpur (Orissa).

## PARTNER PREFERENCES

Looking for a life partner who is active, open minded, ambitious, energetic who can effectively balance professional and personal life with moral values & ethics. She should be able to enjoy every moment of life and try new things out. Should be willing to settle abroad as well.



## Arpita Vegad

| | |
|---|---|
| Date of Birth | : 11-06-1999 |
| Birth Time | : 7:55 pm |
| Birth Place | : Gandhidham |
| Height | : 5'Ft. |
| Education | : MBA in Marketing |
| Occupation | : Working in Globelink WW India Pvt.Ltd. |
| **Father** | **: Bharat G. Vegad** (Businessman) |
| **Mother** | **: Krishna B. Vegad** |
| **Ygr. Brother** | **: Prince B. Vegad** (Graduation) |
| Native Place | : Lohariya |
| Kuldevi | : Shri Brahmani Maa |
| Gotra | : Kashyap |
| **Grand Father** | **: Lt. Govindbhai V. Vegad** |
| **Grand Mother** | **: Lt. Pushpa G. Vegad** |
| **Nana** | **: Lt. Ramniklal G. Chawda** |
| **Mama** | **: Bharat R. Chawda** |
| Address | : SHX-201, Janta Colony, Ward-11/B, Gandhidham (Kutch) |
| **Contact** | **: Father - 9909669393**<br>**Mother - 9727999890** |



## Shruti Rathod

| | |
|---|---|
| Date of Birth | : 25.03.1998 |
| Birth Time | : 2:10 pm |
| Birth Place | : Junnardeo, Chhindwara (MP) |
| Height | : 5 Ft. |
| Kuldevi | : Shri Momay Chamunda Mataji (Madhapar) |
| **Father** | **: Hitesh Rathod** |
| **Mother** | **: Damayanti Hitesh Rathod** |
| **Grand Father** | **: Lt. Khengar Ananda Rathod** |
| **Grand Mother** | **: Lt. Kashi Khengar Rathod** |
| Native Place | : Madhapar (Kutch) |
| Quialification | : M.Sc., B.Ed., PGDCA |
| Occupation | : Teacher in Private School |
| **Nana** | **: Lt. Shivlal Yadav** (Chhindwara-MP) |
| **Brother** | **: Kushal Hitesh Rathod** |
| **Mobile No.** | **: 9407380874 (Father)** |
| Address | : Hitesh K. Rathod<br>New Aabadi, B/h. Handa Saw Mill,<br>Mohanbhai Gohil Wada,<br>Po. Chhindwara (MP) 480001 |



## Dr. Dhruvi Solanki

| | | |
|---|---|---|
| Date of Birth | : | 10/04/1996 |
| Place of Birth | : | Wardha (M.H.) |
| Time of Birth | : | 12:00 pm |
| Rashi | : | Dhanu (Saggitarius) |
| Complexion | : | Fair |
| Height | : | 5 Feet 2 inches |
| Weight | : | 46 Kgs. |
| Education | : | BDS (RCDSR, Bhilai)<br>MDS, Pedodontics (III year)<br>(SPDC, Wardha) |
| Hobbies | : | Dancing, Travelling |
| Languages Kn. | : | English, Hindi, Gujarati, Marathi |
| Manglik Status | : | No |
| Kuldevi | : | Shri Chamunda Mataji - Kumbharia |
| Native Place | : | Kumbharia |
| Gotra | : | Vishwamitra |
| **Grand Father** | **:** | **Lt. Kamlesh Varjang Jiwa Solanki** |
| **Grand Mother** | **:** | **Lt. Gauriben K. Solanki** |
| **Father** | **:** | **Mr. Rajkishor K. Solanki** |
| Father's Occp. | : | Business |
| **Mother** | **:** | **Mrs. Meena R. Solanki** |
| Mother's Occp. | : | Principal |
| **Contact** | **:** | **Raj Kishor Solanki - 9431771833**<br>**Meena R. Solanki - 7004556747** |
| E-mail | : | rajkishorsolankimukul@gmail.com |
| Resi. Adrs. | : | Blooming Buds School,<br>Pinjra Pole, Gaushala,<br>Ranchi (Jharkhand) 834001 |



## Palas Rathod

| | | |
|---|---|---|
| Date of Birth | : | 27-09-1992 |
| Birth Time | : | 12.36 am |
| Place of Birth | : | Seoni (MP) |
| Mangal | : | No |
| Gotra | : | Gautham |
| Kuldevi | : | Shri Momai Maa<br>(Chamunda Maa) |
| Complexion | : | White |
| Height | : | 5'6" |
| Education | : | Computer Sci. Engn. (B.Tech) |
| Occupation | : | Performance Marketer |
| Company | : | BE10x |
| Designation | : | Senior Campaign Manager |
| **Father** | **:** | **Arun Rathod (Retired)** |
| **Mother** | **:** | **Jyoti Rathod** |
| **Brother** | **:** | **Jai Rathod (Younger)** |
| **Mama** | **:** | **Khushalbhai Tank - Seoni**<br>**9425175795** |
| **Mama** | **:** | **Narendra Taunk - Seoni (MP)**<br>**9425888701** |
| **Mami** | **:** | **Amitaben Tank - Seoni**<br>**7067782016** |
| **Contact No.** | **:** | **9703328381**<br>**Mother - 9059328381** |
| Resi. Adrs. | : | Aravalli Apt. 1st Floor Flat No. 3,<br>Secunderabad - 500003 Telangana<br>(Near Paradise) Sindhi Colony) |



## Vyom Tank

Date of Birth : 02/06/1992
Birth Time : 00.50 am (Mid Night)
Place : Bhuj
Height : 5'5"
Complexion : Fair
Edu./Quali. : M.B.A. (H.R.)
Job : Sr. Officer HR, Adani Group, Ahmedabad
Gotra : Kashyap
Kuldevi : Shri Brahmani Mataji (Kukma)
**Father : Dhirenbhai Dayarambhai Tank**
**Mother : Chandrikaben Dhirenbhai Tank**
**Ygr. Brother : Het Dhirenbhai Tank**
(M.Sc. Giology) at present working GMDC Bhatia (Dwarka)
**Grand Father : Lt. Dr. Dayarambhai Jivram Tank**
**Grand Mother : Lt. Mayaben Dayarambhai Tank**
Native Place : Bhuj (Kutch)
**Mosad : Lt. Ramjibhai Ladhabhai Chauhan**
**Rudiben Ramjibhai Chauhan**
Nagor, Tal. Bhuj (Kutch)
Address : "Swati", 5-A, Himmatnagar Colony, Bhuj (Kutch)
**Contact No. : 9824553154 (Father)**
**9825653154 (Mother)**
E-mail : vyomtank8@gmail.com
Hobby : Listening Music, Reading



## Yashika Chawra
(Hoshangabad)

Father : Mr. Durgesh Damodarbhai Chawra
Occp. : Business
Mother : Mrs. Kalpana Durgesh Chawra
Brother : Mehul Chawra (Younger)
Date of Birth : 21st February 1998
Time : 12:50 am Birth Place : Rajnandgaon
Height : 5'2" Blood Group : O+ve
Education : BBA (Business Adminisration) from Girls Home Science College H'bad. , MBA (HR & Banking) from Sage University, Bhopal
Gotra : Kashyap Native : Madhapar (Kutch)
Kuldevi : Shri Chamunda Maa (Chandiya Chawra)
**Grand Father : Lt. Damodarbhai Maoji Chawra**
**Grand Mother : Lt. Pushpaben Damodar Chawra**
**Bade Papa 1 : Shri Kirit Damodar Chawra**
**Badi Mummy 1 :Mrs. Preeti Kirit Chawra**
**Bade Papa 2 : Mr. Dinesh Damodar Chawra**
**Badi Mummy 2 :Lrs. Bhawana Dinesh Chawra**
**Brother (Cous.) :Kushal Chawra (Elder Married)**
**Bhabhi : Shruti Pathak Chawra**
**Sister (Cous.) : Poorvi Chawra (Married Pune)**
**Brother in Law :Rounak Taunk (Pune)**
**Mosad : Rajnandgaon (C.G.)**
**Nana : Shri Manhar Amritlal Rathod**
**Nani : Smt. Mohiniben Manhar Rathod**
**Mama : Mr. Devesh Manhar Rathod**
**Mami : Mrs. Harshida Devesh Rathod**
Address : Opp. Bus Stand, Hotel Krishna Lodge Hoshangabad (M.P.) 461001
**Contact No. : Father : 9993004939**
**Mother : 9300272481**
**Mota papa 1 : 9993379144**
**Mota papa 2 : 9827265044**

## શ્રી ક.ગુ.ક્ષ. ખોડિયાર (ચુડાસમા) પરિવાર - અંજાર દ્વારા આયોજીત સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞની તસ્વીરો...



## શ્રી ક.ગુ.ક્ષ. ખોડિયાર (ચુડાસમા) પરિવાર - અંજાર દ્વારા આયોજીત સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞની તસ્વીરો...




## શ્રી ક.ગુ.ક્ષ. ખોડિયાર (ચુડાસમા) પરિવાર - અંજાર દ્વારા આયોજીત સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞની તસ્વીરો...





























## Mehul Rathod

| | | |
|---|---|---|
| **Father** | : | **Pankajbhai Mohanbhai Rathod** |
| **Mother** | : | **Chhayaben Pankajbhai Rathod** |
| **Grand Father** | : | **Mohanbhai Pragjibhai Rathod** |
| **Grand Mother** | : | **Geetaben Mohanbhai Rathod** |
| DOB | : | 28/06/1998 |
| Time of Birth | : | Evening 8:30 pm |
| Place of Birth | : | Jaipur (Raj) |
| Height | : | 5'4" |
| Blood Group | : | O negative |
| Edu. Quali. | : | Masters in Mechanical Engineering |
| Candi. Occp. | : | Technical Trainer at ArcelorMittal Tailored Blanks, Canada |
| Father's Occp. | : | Self employed |
| Languages Kn. | : | Hindi, Gujarati, English |
| Native Place | : | Nagalpar |
| Kuldevi | : | Momai Maa, Chamunda Maa |
| Gotra | : | Gautam |
| **Sister** | : | **Jharna Pankajbhai Rathod** |
| **Mosad** | : | **Mr. Amritlal Chaoundabhai Taunk** Bandikui (Rajasthan) |
| Home Address | : | 8, Ambica Tenament, Jaswantlal Park Society, Nr. Cadila Bridge, Ghodasar, Ahmedabad - 380050 |
| State/City/Cou. | : | Ontario, Woodstock, Canada (Currently living) |
| **Contact No.** | : | **+1 5197314625 (Mehul's No.)** **+91 9979532571 (Father's No.)** |
| **Whatsapp** | : | **+1 5197314625** |



## Mayur Rathod

| | | |
|---|---|---|
| Date of Birth | : | 23/12/1994 |
| Place of Birth | : | Amravati (MH) |
| Time of Birth | : | 10:24 am |
| Height | : | 5'6" |
| Qualification | : | B.Com., M.Com. |
| Occupation | : | HDFC Bank Raipur (C.G.) (CIC Officer) |
| **Father** | : | **Yogesh Deorambhai Rathod** |
| **Mother** | : | **Deena Yogeshbhai Rathod** |
| **Grand Father** | : | **Lt. Deoram Ramji Rathod** |
| **Grand Mother** | : | **Lt. Saraswatiben Rathod** |
| Native Place | : | Khambhara |
| Gotra | : | Goutam |
| Kuldevi | : | Shree But Bhawani Maa |
| **Nanaji** | : | **Lt. Amrutlal Deoram Varu** |
| **Naniji** | : | **Smt. Kiranben Amrutlal Varu** |
| **Mamaji** | : | **Shri Vijay Amrutlal Varu** |
| **Ygr. Sister** | : | **Miss Bhavika Rathod (Job at Pune)** |
| Address | : | Yogesh Deorambhai Rathod Fafadih Chhoti Line Street No. 02, Opp. Maa Ambey Aata Chakki, Raipur (C.G.) 492009 |
| **Contact** | : | **Father - 9893091986** **Mother - 8517001959** |







## Unnati Rathod

| | | |
|---|---|---|
| Date of Birth | : | 16th April, 1994 |
| Complexion | : | Fair |
| Height | : | 4'11" |
| Kuldevi | : | Shri Chamunda Mataji |
| Gotra | : | Gautam |
| Native | : | Anjar (Kutch) |
| Address | : | 2/19-E, Vardhman Nagar, Anjar |
| E-mail | : | caunnatirathod@gmail.com |
| Education | : | Chartered Accountant (CA) |
| | : | B.Com |
| Occupation | : | Working at PWC - Bangalore |
| **Grandfather** | : | **Lt. Khimjibhai Devramji Rathod** |
| **Grand Mother** | : | **Smt. Kantaben Khimjibhai Rathod** |
| **Father** | : | **Chetanbhai Khimjibhai Rathod** |
| Occupation | : | Retd. from Government Service (IOCL) (M) 9426997460 |
| **Mother** | : | **Kavitaben Chetanbhai Rathod** Home maker (M) 8866592345 |
| **Brother** | : | **Ashish Chetanbhai Rathod** (Elder Brother - Married) |
| Occupation | : | Business |

## Shivani Khodiyar

| | | |
|---|---|---|
| Date of Birth | : | 11-08-1998 |
| Place of Birth | : | Anjar |
| Birth Time | : | 3:22 am |
| Gotra | : | Atri |
| Native Place | : | Anjar (Kutch) |
| Height | : | 5'.3" |
| Qualification | : | B.E. (Computer Engineering) |
| Occupation | : | Software Developer |
| Company | : | Radixweb, Ahmedabad |
| **Father** | : | **Rameshbhai Keshavjibhai Khodiyar** |
| **Mother** | : | **Sushma Rameshbhai Khodiyar** |
| **Gr. Father** | : | **Keshavjibhai Khodiyar** |
| **Gr. Mother** | : | **Gauriben Khodiyar** |
| **Brother** | : | **Rudra Rameshbhai Khodiyar** |
| Contact No. | : | 9426139280 |
| Address | : | 77, Swami Vivekanand Society, Anjar (Kachchh) 370110. |



## Pranjal Chauhan

| | | |
|---|---|---|
| Date of Birth | : | 10/04/1998 |
| Time of Birth | : | 1.30 pm |
| Place of Birth | : | Vadodara |
| Resi. Adrs. | : | Mississauga, Ontario, Canada |
| Native Place | : | Reha |
| Rashi | : | Kanya |
| Height | : | 5'3" |
| Languages | : | English, Gujarati, Hindi |
| Education | : | Mohawk College<br>Computer Science<br>Software Development 2016-2020 |
| **Father** | **:** | **Kumar Chauhan** |
| Father's Prof. | : | Business Owner |
| **Mother** | **:** | **Neema Chauhan** |
| **Brother** | **:** | **Taneesh Chauhan**<br>**(Elder, Canadian Ci**tizen) |
| Brother's Prof. | : | Electric Engineer |
| Family Resi. | : | Vadodara (Guj.) |
| Occupation | : | Platform Engineer at Guidewire<br>Software<br>(Canadian Permanent Resident) |
| **Contact** | **:** | **Father - 9824035090**<br>**Mother - 9824443523** |



## Devashish Rathod

| | | |
|---|---|---|
| DOB | : | 14/05/1996 |
| Birth Time | : | 7:52 am |
| Blood Group | : | B+ |
| Height | : | 5'6" |
| Weight | : | 67 Kg |
| Education | : | Bachelor's of Commerce from Genesis College of Higher Education Dhamtari<br>Diploma in Civil from Aryabhatt Inst. of Technology |
| Occupation | : | Project/Construction Manager at Vardhaman Construction Company (Office Nagpur) |
| Languages | : | Hindi, English, Gujarati |
| **Father** | **:** | **Shri Rajendra Rathod** |
| Occupation | : | Business |
| **Mother** | **:** | **Smt. Anju Rathod (Housewife)** |
| **Brother** | **:** | **Mr. Nehil Rathod (Married)** |
| **Gr.Father** | **:** | **Lt. Jayrambhai Rathod** |
| **Gr.Mother** | **:** | **Lt. Rambhaben Rathod** |
| **Nana** | **:** | **Lt. Shivlal Devrambhai Chawda** |
| **Nani** | **:** | **Lt. Savitaben Chawda** |
| Gotra | : | Gautam |
| Kuldevi | : | Shri Chawal Maa |
| Native | : | Kukma |
| Adrs. | : | 62, B/s. Dena Bank, Bastar Road,<br>Lal Bagicha Ward,<br>Dhamtari (C.G.) 493773 |
| E-mail | : | rathod.devashish07@gmail.com |
| **Contact** | **:** | **7974412394**<br>**6264390392** |




| | |
|---|---|
| **Gr. Father** | **: Lt. Morarji Meghjibhai Rathod** |
| **Gr. Mother** | **: Lt. Shantaben M. Rathod** |
| **Father** | **: Harishbhai Morarjibhai Rathod** |
| **Mo.No.** | **: 9726707734** |
| **Mother** | **: Ushaben Harishbhai Rathod** |
| **Mo.No.** | **: 9979738634** |
| **Sister** | **: Bhavika Nitinbhai Chawda** |
| D.O.B. | : 01-08-1997 |
| Height | : 5 Feet 9 Inch |
| Education | : B.E. Electrical |
| Present Job | : Nilkanth Concast Pvt. Ltd. |
| Kuldevi | : Shree Chamunda Mataji (Khedoi) |
| Gotra | : Gautam |
| Mangal | : Yes |
| Birth Time | : 04:25 am |
| Birth Place | : Gandhidham |
| Native Place | : Khedoi (Anjar) |
| **Mama** | **: Harish Valamji Padhiar 9725787342** |
| Permt. Adrs. | : P-58, Om Nagar, Dabda, Anjar (Kutch) 370110 |
| **Contact No.** | **: 9913951035** |
| E-mail | : krutakrathod@gmail.com |




| | |
|---|---|
| Date of Birth | : 23rd March 1994 (06:34 am) |
| Place of Birth | : Katrashgarh (Jharkhand) |
| Height | : 5'6" |
| Native Place | : Anjar (Kutch) |
| Kuldevi | : Shri Khodiar Mata |
| Gotra | : Atri |
| Qualification | : M.Com. (Finance) |
| Present Job | : Accountant under WCD&SW. Govt. of West Bengal |
| **Father** | **: Shri Naresh ch. Khodiar** (Service Man) |
| **Mother** | **: Smt. Rita Khodiar** (Home maker) |
| **Gr. Father** | **: Lt. Premji Jairam Khodiyar** |
| **Gr. Mother** | **: Lt. Harikuwarben P. Khodiyar** |
| **Sister** | **: Smt. Dalia Rathor** (Married) |
| **Brother in Law** | **: Shri Yogesh Hemant Rathor** |
| **Mama** | **: Shri Dharmesh Natwarlal Rathore** Katrasgarh, Dhandab (Jharkhand) |
| Address | : Kamrarmath Behind Ram Balram Lodge Po. Bankura, Dist. Bankura (W.B.) Pin - 722101 |
| **Contact** | **: 9547044627, 9474142119** |
| E-mail | : hkhodiar9547@gmail.com |



## Amit Tank

| | |
|---|---|
| **Father** | **: Shri Virendrabhai Liladhar Tank** |
| **Mother** | **: Smt. Sandhyaben Virendrabhai Tank** |
| Kuldevi | : Shri Chamunda Maa |
| Gotra | : Vatsa |
| Native Place | : Sinogra |
| Date of Birth | : 23/04/1993 |
| Height | : 5'8" |
| Edu. Quali. | : B.Com. |
| Occupation | : Senior Officer, I. Process Service India Pvt. Ltd. (ICICI Bank Subsidiary) |
| Income | : Rs. 35,000/- per month |
| **Gr. Father** | **: Lt. Liladhar Mepabhai Tank** |
| **Gr. Mother** | **: Lt. Premilaben Liladharbhai Tank** |
| **Elder Sister** | **: Smt. Nayanaben Nileshbhai Chauhan** Kukma |
| **Nani Maa** | **: Smt. Indiraben Bakulbhai Chauhan** Nagpur |
| Address | : House No. 118-B, Ravechi Nagar, Antarjal, Adipur (Kutch) |
| **Contact** | **: Mother - 9327184879**<br>**Mota Bapa - 8469048280** |

# ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
16/07/1957

ધામ ગમન
15/01/2024

## શરદભાઈ રમણીકલાલભાઈ ચૌહાણ

દેશ મા ગામ : દેવળીયા

હાલ મુકામ : રાયપુર

**સાદગી, સંયમ, સામર્થ્ય અને સદવિચાર જેના જીવન મંત્ર હતા,
એવા અમારા પરિવાર ના મોભી ની અણધારી વિદાય થી
અમારા પરિવાર ને ન પુરાય એવી ખોટ પડી છે.
તેમની પ્યારભરી છત્રછાયા ની કમી અમને હર-હંમેશ માટે રહેશે.
||| તેમને પરમ કૃપાળુ પરમાત્મા ના ચરણો મા અખંડ સ્થાન મળે
એજ પ્રભુ પ્રાર્થના |||**

### શોકમગ્ન પરિવારજનો

ઉર્મિલાબેન શરદભાઈ ચૌહાણ (પત્ની)

હર્ષિલ શરદભાઈ ચૌહાણ (પુત્ર)
સ્મૃતિ હર્ષિલ ચૌહાણ (પુત્રવધુ)
ધવલ શરદભાઈ ચૌહાણ (પુત્ર)
પ્રણાલી ધવલ ચૌહાણ (પુત્રવધુ)
નેહા શરદભાઈ ચૌહાણ (પુત્રી)
આન્યા હર્ષિલ ચૌહાણ (પૌત્રી)
નિર્વી ધવલ ચૌહાણ (પૌત્રી)

દક્ષાબેન ધીરજલાલ વરુ (બેન-બનેવી)
ગીતાબેન ઉત્તમભાઈ રાઠોડ (બેન-બનેવી)
ભૂમિક, રીતિકા (ભાણેજ- ભાણેજી)
ભાવિશા, દિશા (ભાણેજી)

|| તથા સમસ્ત ચૌહાણ પરિવાર ના રામ રામ ||

**FIRM :
SHRI GITA HOTEL, STATION ROAD, RAIPUR.
(M): 8349187744**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



**જન્મ**
**૦૭/૦૫/૧૯૩૯**
**ચૈત્ર સુદ-૭, રવિવાર**

**સ્વર્ગવાસ**
**૧૫/૦૨/૨૦૨૪**
**મહા સુદ-૬, ગુરૂવાર**

## સ્વ. કાન્તાબેન રણછોડભાઈ વરૂ

**(સ્થાપક પ્રમુખશ્રી, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અંજાર મહિલા મંડળ)**
**મુળ ગામ : નાગલપર, હાલ મુકામ : અંજાર (કચ્છ)**

**નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ । ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારૂતઃ ॥**

પ્રેમ અને પરિત્યાગની આ પુણ્યસ્મૃતિ કદી નહીં ભૂલાય, પુષ્પ આજે ખરી પડ્યું, પણ યાદ પરિમલની કદી નહીં ભૂલાય.
**માતાનું ઋણ અનેકવિધ હોય છે, તેના વેણવેણમાં વરદાન હોય છે,**
**જે માતૃસ્મૃતિમાં જ શ્રદ્ધા પ્રગટતી હોય છે, તેના ખોળામાં જગતના બધા જ તિર્થ વિરામ પામે છે.**
આપનો સંસ્કાર વારસો અમારી પ્રેરણા બની રહેશે.

અંજાર મહિલા મંડળના સ્થાપક પ્રમુખ અને અંજાર નગરપાલિકાની શિક્ષણ સમિતિના પાંચ વર્ષ સુધી સદસ્ય રહી, આજીવન સમાજસેવક તરીકે કાર્ય કરતા રહીને અંતે પરમધામ પ્રયાણ કરનાર સ્વ. કાન્તાબેન રણછોડભાઇ વરૂના દુ:ખદ અવસાનથી પરિવાર અને અંજાર સમાજે એક સાચા માર્ગદર્શક અને મહિલા કાર્યકર્તા ગુમાવેલ છે. તેઓના અવસાનથી પરિવાર પર આવેલ દુ:ખ સહન કરવાની શક્તિ પ્રદાન કરે અને સ્વર્ગસ્થ આત્માને ચિર: શાંતિ અર્પે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના....

**:: આપના પરિવારજનો ::**

| | | | |
|---|---|---|---|
| રણછોડભાઇ હિરજીભાઇ વરૂ (વરૂ સાહેબ) | પતિ | નીલીમા હાર્દિક ટાંક (હૈદ્રાબાદ) | દોહિત્રાવહુ-દોહીત્ર |
| રૂપલબેન સુશીલભાઇ વરૂ (અમદાવાદ) | પુત્રવધુ-પુત્ર | યશ્વી મૌનાંગ શાહ (યુ.કે.) | પૌત્રી-જમાઇ |
| સુષ્પાબેન રાજેશભાઇ વરૂ (અંજાર) | પુત્રવધુ-પુત્ર | મેઘા તથા ગાર્ગી સુશીલકુમાર વરૂ (અમદાવાદ) | પૌત્રી |
| સ્નેહલતાબેન રણછોડભાઇ વરૂ (હૈદ્રાબાદ) | પુત્રી | સ્વરૂપ રાજેશભાઇ વરૂ (અંજાર) | પૌત્ર |
| કુસુમબેન કૃણાલભાઇ ટાંક (માર્કાપુર) | પુત્રી-જમાઇ | નિત્યા અંકિતભાઇ (પુના) | દોહિત્રી-જમાઇ |
| ધૈર્યા હિતેશકુમાર ચૌહાણ (અમદાવાદ) | દોહિત્રી-જમાઇ | કાન્તા કુણાલભાઇ ટાંક | દોહિત્રી |

**સમસ્ત વરૂ પરિવારના જયશ્રી કૃષ્ણ**

**R.R. Varu Construction** (Govt. App.Contractor)

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

# નારી દર્પણ

C/o.શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ એમ.ઇ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999

# અખિલ ભારતીય મહિલા મહામંડળની કાર્યવાહક સમિતિની બેઠકનો અહેવાલ



રાયપુર ઘટકના સ્નેહમય નિમંત્રણથી આયોજીત મહાસભાના ત્રિ-વાર્ષિક અધિવેશન અવસરે તા. ૨૩-૧૨-૨૦૨૩ના રોજ અખિલ ભારતીય મહિલા મહામંડળની કાર્યવાહક સમિતિની બેઠક મારૂતિ મંગલ કાર્યાલય સ્થળે અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ હતી. તેમની સાથે સલાહકાર પ્રમુખ શ્રીમતી વેલુબેન ચાવડા, ચેરપર્સન શ્રીમતી જ્યોતિબેન રાઠોડ, ઉપપ્રમુખો શ્રીમતી મીનાબેન ચાવડા, શ્રીમતી માધવીબેન જેઠવા, શ્રીમતી બીનાબેન પરમાર, શ્રીમતી મીતાબેન રાઠોડ, શ્રીમતી ચિત્રાબેન ખોડિયાર, સંરક્ષક શ્રીમતી કંચનબેન જેઠવા, શ્રીમતી દિપ્તીબેન ટાંક, મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી નિશાબેન ચાવડા, રાયપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી પુનમબેન ટાંક, યુવતી મંડળના પ્રમુખ શ્રીમતી નીતાબેન રાઠોડએ મંચ પર સ્થાન ગ્રહણ કરી દીપ પ્રાગટ્ય કરેલ હતું.

પ્રારંભમાં રાયપુર મહિલા મંડળ, યુવતી મંડળ તથા પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા મંચસ્થ પદાધિકારીશ્રીઓનું અતિથી સન્માન કરવામાં આવેલ હતું. મીટીંગનો દોર આગળ વધારતાં મહામંત્રીઓ શ્રીમતી રીટાબેન ચૌહાણ તથા શ્રીમતી ગીતાબેન ચૌહાણે બહેનોને શાબ્દિક આવકાર આપેલ હતો. બહેનો દ્વારા મધુર સ્વરે પ્રભુ પ્રાર્થના રજુ કરવામાં આવેલ હતી. ત્યાર બાદ અ.ભા.મહિલા મહામંડળ દ્વારા છત્તીસગઢ મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી નિશાબેન ચાવડા, રાયપુર મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી પુનમબેન ટાંક તથા યુવતી મંડળ પ્રમુખ શ્રીમતી નીતાબેન રાઠોડનું સન્માન કરવામાં આવેલ હતું.

બેઠકમાં સારી એવી સંખ્યામાં ઉપસ્થિત બહેનોને સંબોધન કરતાં પ્રાસંગીક પ્રવચનમાં ચેરપર્સન શ્રીમતી જ્યોતિબેન રાઠોડ તથા સલાહકાર પ્રમુખ શ્રીમતી વેલુબેન ચાવડા એ પુર્ણ થયેલ સત્રમાં ઉર્જાવાન પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકીના નેતૃત્વ હેઠળ થયેલ સેવા કાર્યો અને આયોજનોને બિરદાવ્યા હતા. ઇન્ટરનેટના માધ્યમથી કોરોના કાળમાં પણ બહેનોને સાથે જોડી સતત પ્રવૃત્તિમય રાખેલ તેની પ્રશંસા કરેલ હતી. અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકીએ 'નારી શક્તિ જીંદાબાદ'ના સુત્રને સાર્થક બનાવવા માટે અ.ભા.મહિલા મહામંડળના પદાધિકારીશ્રીઓ, વિવિધ સમિતિઓના હોદ્દેદારો અને સમસ્ત સમાજના મહિલા સમુદાયે દર્શાવેલ ઉત્સાહ બદલ હર્ષની લાગણી વ્યક્ત કરેલ હતી. અ.ભા.મહિલા મહામંડળની ૯ જેટલી વિવિધ સમિતિઓએ સતત સક્રિય રહીને ઓનલાઇન તથા ઓફલાઇન માધ્યમથી સારૂં એવું કાર્ય કર્યાનું જણાવ્યું હતું. આ સિવાય ૪ જેટલી સંસ્કાર શિબીરો, ૩ પ્રિયદર્શીની એવોર્ડસ, સમારોહ તથા કોરોના કાળ દરમિયાન ઓનલાઇન મ્યુઝીકલ હાઉઝીનું આયોજન કરી, સમાજના પરિવારોને ઘેર બેઠા મનોરંજન પુરૂં પાડી વર્લ્ડ રેકોર્ડ સ્થાપવા બદલ ગૌરવની લાગણી વ્યક્ત કરેલ હતી. તેમના દરેક આયોજનોમાં ઉત્સાહી બહેનોની ટીમ સાથે દાનદાતાશ્રીઓ તરફથી મળેલ આર્થિક સહયોગ બદલ આભાર વ્યક્ત કરેલ હતો. તેમજ પુરા થતાં સત્રમાં થયેલ કાર્યોની જાણકારી સ્મારિકા 'અનન્યા'માં પ્રકાશિત થયાનું તથા ૯૦

જેટલા મહિલા મંડળોની રૂબરૂ અથવા ઓનલાઇન મુલાકાત કર્યાનું જણાવેલ હતું. ત્યાર બાદ સભામાં અ.ભા.મહિલા મહામંડળ દ્વારા થયેલ વિવિધ પ્રવૃત્તિઓ અને આગામી સત્રમાં કરવાની થતી પ્રવૃત્તિઓ બાબતે વિચાર વિમર્શ અને ચિંતન કરવામાં આવેલ હતું. ત્યાર બાદ અ.ભા.મહિલા મહામંડળના આગામી સત્ર ૨૦૨૪ થી ૨૦૨૬ માટેના નવા પ્રમુખશ્રીના નામની ચર્ચા કરવામાં આવેલ હતી. ત્યાર બાદ શ્રીમતી અમિતાબેન સોલંકી દ્વારા પુરા થતાં સત્રમાં મહામંત્રીશ્રી તરીકે ખુબજ ઉમદા અને પ્રશંસનીય જવાબદારી નિભાવનાર મહિલા અગ્રણી શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ – નાસિકરોડના નામની નવા સત્ર માટેના પ્રમુખશ્રી તરીકેની દરખાસ્ત મુકેલ હતી. આ પ્રસ્તાવને મંચસ્થ હોદ્દેદારો તથા સભામાં ઉપસ્થિત બહેનો દ્વારા સર્વાનુમતે વધાવવામાં આવેલ હતી તેમજ બહેનો દ્વારા પ્રસ્તાવિત નવનિયુક્ત પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણને અભિનંદન આપવામાં આવેલ હતા. નવનિયુક્ત પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણે પ્રમુખ શ્રીમતી અમિતાબેન તથા તેમની ટીમનો આભાર વ્યક્ત કરેલ હતો. મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણના આભારદર્શન બાદ ખુબજ સ્નેહિલ અને ખુશહાલ વાતાવરણમાં બેઠક પુરી થયેલ હતી.

– શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ – મહામંત્રી

# અખિલ ભારતીય મહિલા મહામંડળની સામાન્ય સભાનો અહેવાલ



શ્રી ક.ગુ.ક્ષ. સમાજ – રાયપુર ઘટકના સ્નેહમય નિમંત્રણથી આયોજીત મહાસભાના ત્રિ-વાર્ષિક અધિવેશન અવસરે તા. ૨૪/૧૨/૨૩ના રોજ અ.ભા.મહિલા મહામંડળની સામાન્ય સભાનું આયોજન પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ હતું. તેમની સાથે સલાહકાર પ્રમુખ શ્રીમતી વેલુબેન ચાવડા, ચેરપર્સન શ્રીમતી જ્યોતિબેન રાઠોડ, ઉપપ્રમુખો શ્રીમતી મીનાબેન ચાવડા, શ્રીમતી માધવીબેન જેઠવા, શ્રીમતી બીનાબેન પરમાર, શ્રીમતી મીતાબેન રાઠોડ, શ્રીમતી ચિત્રાબેન ખોયિર, સંરક્ષક શ્રીમતી કંચનબેન જેઠવા, શ્રીમતી દિમીબેન ટાંક, મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી નિશાબેન ચાવડા, રાયપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી પુનમબેન ટાંક, યુવતી મંડળના પ્રમુખ શ્રીમતી નીતાબેન રાઠોડએ મંચ પર સ્થાન ગ્રહણ કરી દીપ પ્રાગટ્ય કરેલ હતું.

પ્રભુ પ્રાર્થના બાદ મહામંત્રી શ્રીમતી ગીતાબેન ચૌહાણે સભા હોલમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત બહેનોનું શાબ્દિક સ્વાગત કરેલ હતું. મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણે સભાની કાર્યવાહી આગળ વધારેલ હતી. સૌ પ્રથમ અ.ભા.મહિલા મહામંડળ દ્વારા આપવામાં આવતા અતિ મહત્વના અને ગૌરવાન્વિત એવા લાઇફ ટાઇમ એચિવમેન્ટ 'નારીરત્ન' એવોર્ડ દ્વારા આપણા સમાજના વરિષ્ઠ, સેવાભાવી તથા નારી સમુદાયના પ્રોત્સાહક એવા અંજાર નિવાસી શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા (અ.ભા.મહિલા મહામંડળના સંરક્ષકશ્રી)ને સન્માનિત કરવાની જાહેરાત પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી દ્વારા કરવામાં આવી હતી. તેમજ આટલી જૈફ ઉંમરે પણ અ.ભા.મહિલા મહામંડળના દરેક આયોજનોમાં ઉત્સાહભેર હાજર રહીને બહેનોનો ઉત્સાહ વધારવાની સાથે સહયોગ આપતા આદ. શ્રીમતી કંચનબેન જેઠવાના સમર્પણભાવની જાણકારી આપેલ હતી. જેને સભામાં ઉપસ્થિત બહેનો દ્વારા તાડીઓના ગડગડાટથી વધાવવામાં આવેલ હતી. આ પ્રતિષ્ઠિત એવોર્ડ સન્માન તેઓશ્રીને ગત તા. ૨૩/૧૨ના રાત્રે આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમમાં બહોળા જનસમુદાયની ઉપસ્થિતિમાં એનાયત કરવામાં આવેલ તેની સહર્ષ જાણકારી આપવામાં આવેલ હતી.

ત્યાર બાદ વર્તમાન સત્રમાં નોંધપાત્ર સેવા કાર્યો કરનાર મહિલા પ્રાદેશિક સમિતિઓ અને મહિલા મંડળોનો પારિતોષિક વિતરણ સમારોહ યોજવામાં આવેલ હતો. જેમાં નિમ્નદર્શિત યાદી મુજબના પારિતોષિક એવોર્ડ આપવામાં આવેલ હતા.

**બેસ્ટ પ્રાદેશિક સમિતિ :** પ્રથમ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મરાઠવાડા મહિલા પ્રાદેશિક સમિતિ, દ્વિતીય : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ કચ્છ મહિલા પ્રાદેશિક સમિતિ, તૃતિય : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ગુજરાત મહિલા પ્રાદેશિક સમિતિ, **બેસ્ટ મહિલા મંડળો (૧૫૦૦થી ઉપરની વસ્તી) :** પ્રથમ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ માધાપર તથા દુર્ગ મહિલા મંડળ (સંયુક્ત), દ્વિતીય : શ્રી

ક.ગુ.ક્ષ. સમાજ કુકમા તથા રાયપુર મહિલા મંડળ (સંયુક્ત), તૃતિય : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અંજાર મહિલા મંડળ, **બેસ્ટ મહિલા મંડળો (૫૦૧ થી ઉપરની વસ્તી) :** પ્રથમ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ વડોદરા તથા હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ, દ્વિતીય - શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ગોંદિયા મહિલા મંડળ, તૃતિય - શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ગાંધીધામ મહિલા મંડળ, **બેસ્ટ મહિલા મંડળો (૫૦૦ સુધીની વસ્તી) :** પ્રથમ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ રાયગઢ અને ગુલબર્ગા મહિલા મંડળ (સંયુક્ત), દ્વિતીય : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ નિઝામાબાદ અને જમશેદપુર મહિલા મંડળ (સંયુક્ત), તૃતિય : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ધનબાદ અને મુંબઇ (બંને મહિલા મંડળ) સંયુક્ત, **વિશિષ્ટ :** શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ખરિયાર રોડ મહિલા મંડળ, ખુબજ સુંદર સેવા કાર્યો કરીને એવોર્ડસ મેળવનાર ઉપરોક્ત તમામ વિજેતાઓને સભા દ્વારા તાડીઓથી વધાવી અભિનંદન આપવામાં આવેલ હતા. આ પ્રસંગે સત્ર દરમિયાન અ.ભા.મહિલા મહામંડળની વિવિધ ૯ સમિતિઓ દ્વારા થયેલ સુંદર સેવાકાર્યો બદલ તેમના અધ્યક્ષ અને મંત્રીઓને સન્માનિત કરવામાં આવેલ હતા.




ત્યાર બાદ પુરા થતાં સત્રમાં ખુબજ નેત્રદિપક કામગીરી કરીને બહેનોનો અપાર સ્નેહ પ્રાપ્ત કરનાર અ.ભા.મહિલા મહામંડળના હોંશિલા-જોશીલા અને ઉર્જાવાન પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકીનું મંચસ્થ મહાનુભાવ પદાધિકારીઓ દ્વારા ફુલહાર, શાલ અને સ્મૃતિ ચિન્હ અર્પણ કરીને વિદાય સન્માન કરવામાં આવેલ હતું. નારી શક્તિ જીંદાબાદના નારા સાથે શ્રીમતી અમિતાબેને ત્રણ વર્ષ દરમિયાન આપેલ સેવાઓને બહેનો દ્વારા તાડીઓથી વધાવવામાં આવેલ હતી. સન્માનના પ્રત્યુત્તરમાં શ્રીમતી અમિતાબેન સોલંકીએ ભાવવિભોર બની પોતાના કાર્યકાળમાં બહેનોએ આપેલ અપાર સ્નેહ અને સહયોગ બદલ આભાર વ્યક્ત કરેલ હતો તેમજ નવા સત્ર ૨૦૨૪થી ૨૦૨૬ માટેના પ્રમુખ તરીકે કારોબારી સમિતિ દ્વારા પ્રસ્તાવિત શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ - નાસિકરોડના નામની દરખાસ્તે મુકેલ. જેને સભામાં હાજર રહેલ તમામ બહેનોએ તાડીઓના ગડગડાટથી સમર્થન આપી વધાવેલ હતી. શ્રીમતી ગીતાબેન ચૌહાણને સહસન્માન મંચ પર સ્થાન ગ્રહણ કરાવી નિવર્તમાન પ્રમુખશ્રી દ્વારા બેચ અર્પણ કરી સન્માનિત કરવામાં આવેલ હતા. પોતાના પુરોગામી પ્રમુખશ્રીઓની પ્રેરણાથી વધુને વધુ સેવા કાર્યો દ્વારા નારી વર્ગને જાગૃત અને ઉત્સાહીત રાખવાની નેમ વ્યક્ત કરી હતી. સભામાં ઉપસ્થિત મહિલા અગ્રણીઓ અને બહેનો દ્વારા નિવર્તમાન અને નવનિયુક્ત પ્રમુખશ્રીઓને સન્માનિત કરવામાં આવેલ હતા.

આ સભામાં ખાસ ઉપસ્થિત રહેલા મહાસભાના આદરણીય પ્રમુખ શ્રી યોગેશભાઇ ચાવડાએ શુભેચ્છા પાઠવતાં સમાજના મહિલા વર્ગનું નેતૃત્વ કરતા અ.ભા.મહિલા મહામંડળની પ્રવૃત્તિઓને બિરદાવી હતી તેમજ શ્રીમતી અમિતાબેન સોલંકીના સમયગાળામાં થયેલ પ્રશંસનીય કાર્યોનો ઉલ્લેખ કરી નવનિયુક્ત પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ પણ ખુબજ સારા કાર્યો કરે તેવી શુભેચ્છા પાઠવી સન્માન કરેલ હતું.

ત્યાર બાદ મંચસ્થ મહાનુભાવોના હસ્તે સત્ર ૨૦૨૧-૨૩ દરમિયાન અ.ભા.મહિલા મહામંડળના કાર્યોને ઉજાગર કરતી સ્મારિકા 'અનન્યા'નું વિમોચન કરવામાં આવેલ હતું. સંપાદક મંડળ તરફથી શ્રીમતી અમિતાબેન સોલંકીએ આ સ્મારિકા તૈયાર કરવામાં વિશેષ સહયોગ આપનાર મહાસભાના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ ચૌહાણ - ભુજનો આભાર માનેલ હતો.

સામાન્ય સભાના સંચાલનમાં મંત્રી શ્રીમતી ઉષાબેન ચૌહાણ - કુકમા, શ્રીમતી પ્રિતીબેન ચૌહાણ - કોરબા, શ્રીમતી ચંદ્રીકાબેન ટાંક - ભુજ તથા રાયપુર મહિલા મંડળના બહેનોનો વિશેષ સહયોગ મળેલ હતો. સંચાલન અને આભાર દર્શન મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણે કરેલ હતું.

– શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ - મહામંત્રી

# અખિલ ભારતીય મહિલા મહામંડળની ઓનલાઇન મીટીંગનો અહેવાલ



અખિલ ભારતીય મહિલા મહામંડળની ઓનલાઇન મીટીંગ યોજાઇ હતી. જેમાં સર્વે હોદ્દેદારશ્રીઓ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ તથા તેમના મંત્રીશ્રીઓની ઓનલાઇન ઝુમ મીટીંગ તા. ૧૭-૧-૨૦૨૪ના રોજ પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણના અધ્યક્ષ સ્થાન મળેલ હતી. આ મીટીંગનો મુખ્ય એજન્ડા નવા સત્ર ૨૦૨૪-૨૦૨૬ દરમિયાન યોજવાના કાર્યક્રમોની ચર્ચા સાથે વિવિધ સમિતિઓએ શું કાર્ય કરવું તે રહ્યો હતો. તા. ૩૧/૧/૨૦૨૪ની બીજી મીટીંગમાં તે અંગે વિસ્તૃત



ચર્ચા કરવામાં આવેલ હતી.

તા. ૨૨ જાન્યુઆરીના આપણા ઇષ્ટદેવ પ્રભુ શ્રી રામના અયોધ્યા મુકામે નવનિર્મિત મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અવસરે દરેક મહિલા મંડળોએ પોતાના ઘટકોમાં આયોજીત ઉત્સવના ફોટા, અહેવાલ અને વિડીયો વોટ્સએપ ગ્રુપમાં મુકી શાનદાર ઉજવણી કરેલ હતી. તા. ૨૬ જાન્યુઆરીના અ.ભા.મહિલા મહામંડળ દ્વારા રામાયણ ધર્મગ્રંથ અને મંદિર બાબતની પ્રશ્નોતરી યોજવામાં આવેલ. જેમાં શ્રીમતી જ્યોતિબેન રાઠોડ દ્વારા ૩૫ જેટલા પ્રશ્નો પુછાયેલ અને બહેનોએ વોટ્સએપ ગ્રુપમાં ખુબજ સુંદર જવાબો આપી પોતાના ધાર્મિક જ્ઞાનનો પરિચય આપેલ.

તા. ૪/૨/૨૦૨૪ના રોજ અ.ભા.મહિલા મહામંડળની શિક્ષણ સમિતિ દ્વારા 'બાલતરંગ' કાર્યક્રમ શ્રીમતી ગીતાબેન ચૌહાણના અધ્યક્ષ સ્થાને સવારે ૧૧ વાગ્યાથી યોજવામાં આવેલ. શ્રીમતી રીટાબેન ચૌહાણ – મહામંત્રીએ કાર્યક્રમનો ઉદ્દેશ સમજાવ્યા બાદ શિક્ષણ સમિતિના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન રાઠોડ એ કાર્યક્રમને આગળ વધારેલ. જેમાં બાળકોના સર્વાંગી વિકાસની સાથે પાશ્ચાત્ય સંસ્કૃતિની જીવનશૈલીમાં ઢળી રહેલા બાળકોને ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું જ્ઞાન મળે તેવા આયોજનમાં શ્રીમતી કલ્પનાબેન પરમાર – મંત્રી દ્વારા શાબ્દિક સ્વાગત થયા બાદ શ્રીમતી તૃપ્તિબેન રાઠોડ – મંત્રી દ્વારા બોધકથા તથા તેનો સાર પ્રસ્તુત કરવામાં આવેલ હતો. શ્રીમતી જ્યોતિબેન રાઠોડ – અધ્યક્ષા દ્વારા આર્ટ એન્ડ ક્રાફ્ટ, બ્રેન ગેમ, મેમરી ગેમ, પ્રશ્નોતરી, ટ્રેઝર હંટ વગેરે આઇટમો રમાડવા સાથે પ્રતિયોગીતા રાખેલ હતી. આ આયોજનમાં ૧૨૫ જેટલા મોટી સંખ્યામાં બાળકો જોડાયા હતા. કાર્યક્રમના પ્રારંભે શ્રીમતી ગીતાબેન ચૌહાણ – પ્રમુખશ્રીએ બાળકોના વિકાસને વેગ આપતો આ કાર્યક્રમ દર મહિને યોજવાની ઘોષણા કરી હતી. શ્રીમતી અમિતાબેન સોલંકી – સલાહકાર અધ્યક્ષાશ્રીએ આવા સુંદર આયોજન બદલ ખુશી વ્યક્ત કરી શુભેચ્છા પાઠવી હતી. મંત્રી શ્રી કલ્પનાબેને કાર્યક્રમનું સંચાલન અને આભારવિધી કરેલ હતી.

– શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ – મહામંત્રી

## કચ્છ મહિલા પ્રા.સ.




શ્રી ક.ગુ.ક્ષ. સમાજ કચ્છ મહિલા પ્રાદેશિક સમિતિની બેઠક તા. ૧૩-૨-૨૦૨૪ના રોજ અંજાર મહિલા મંડળના સ્નેહમય આમંત્રણથી અંજાર સમાજ ભવન મધ્યે સત્ર ૨૦૨૪-૨૦૨૬ માટે નવનિયુક્ત પ્રમુખ શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણના અધ્યક્ષ સ્થાને બોલાવવામાં આવી હતી.

કાર્યક્રમની શુભ શરૂઆત બહેનો દ્વારા માં સરસ્વતીની વંદના કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ. ત્યાર બાદ આમંત્રીત પદાધિકારી બહેનો દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ. પધારેલ બહેનોનું પુષ્પગુચ્છ આપી સન્માન કરી મંચ ઉપર સ્થાન ગ્રહણ કરેલ. આ કાર્યક્રમમાં પ્રમુખ સ્થાને શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ, મહાસભા મેરેજ બ્યુરો સમિતિના અધ્યક્ષા શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી, અ.ભા.મ. મહામંડળના વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રીમતી પુષ્પાબેન જીવરામભાઇ ટાંક, ચેરપર્સન કચ્છ પ્રા.મ.સ. – શ્રીમતી ઇલાબેન અનંતભાઇ ચાવડા, સલાહકાર પ્રમુખ – શ્રીમતી મીનાબેન રાજેન્દ્રભાઇ વેગડ, અભા.મ.મહામંડળ સંરક્ષક નારીરત્ન સન્માનીત શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા, ઉપપ્રમુખ કચ્છ.પ્રા.મ.સ. શ્રીમતી સવિતાબેન જયંતિલાલ ચૌહાણ, ઉપપ્રમુખ – શ્રીમતી સંગીતાબેન પંકજભાઇ રાઠોડ, ઉપપ્રમુખ – સુ.શ્રી શારદાબેન કાનજીભાઇ રાઠોડ, કોષાધ્યક્ષ – શ્રીમતી મીનાબેન જયેશભાઇ



ચૌહાણ, મંત્રી - ચંદ્રિકાબેન ધિરેનભાઇ ટાંક, મંત્રી - ધનલક્ષ્મીબેન હરીશભાઇ ટાંક, સહમંત્રી - અનિતાબેન નિતીનભાઇ ટાંક, સહમંત્રી - કોકીલાબેન દિનેશભાઇ વરૂ તેમજ સલાહકારા અનસુયાબેન જે. પરમાર, ભાવનાબેન બી. ટાંક, દક્ષાબેન જી. ચાવડા, કાન્તાબેન કોન્ટ્રાકટર, નિર્મળાબેન પી. ચાવડા તેમજ કારોબારી સભ્યો તથા કચ્છના તમામ મહિલા મંડળના પ્રમુખ તથા મંત્રીશ્રીઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવેલ હતો. સર્વે પદાધિકારી બહેનો દ્વારા મંત્રોચ્ચાર કરી દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ હતું. ત્યાર બાદ ગત સત્રના હિસાબોની રજુઆત અને બહાલી કોષાધ્યક્ષ શ્રીમતી સંગીતાબેન રાઠોડ દ્વારા વાંચન કરી સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ હતી. ત્યાર બાદ નિવૃતમાન પ્રમુખ શ્રીમતી ઇલાબેન અનંતભાઇ ચાવડાનું વિદાય સન્માન સાલ ઓઢાળી અને પુષ્પગુચ્છ અર્પણ કરી કરવામાં આવેલ. સમય દરમ્યાન કરેલ કામગીરી, પ્રવાસોનું આયોજન કરેલ તેમજ અંજાર મધ્યે ભવ્ય સંસ્કાર શિબિરનું આયોજન કરેલ. અ.ભા.મ. મહામંડળ તરફથી દ્વિતીય ક્રમાંક શ્રેષ્ઠ પ્રાદેશિક સમિતિનો એવોર્ડ મેળવેલ તેમજ કચ્છ મહિલા ટીમ સાથે મહિલા મંડળોની મુલાકાત લઇ માર્ગદર્શન આપેલ. ત્યાર બાદ ક.પ્રા.મ. સમિતિની નવનિયુક્ત ટીમની નામાવલીની જાહેરાત કરેલ અને પ્રમુખને ચાર્જ સોંપેલ.

ત્યાર બાદ નવનિયુક્ત પ્રમુખ શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણનું સાલ તથા પુષ્પગુચ્છ દ્વારા દરેક હોદ્દેદારોએ તેમજ અ.ભા.મ. મહામંડળે, કચ્છના તમામ મહિલા મંડળના પ્રમુખે રીટાબેનનું સન્માન કરેલ. રીટાબેને પોતાના વકતવ્યમાં જણાવેલ કે દરેક ઘટકના કચ્છના તમામ મહિલા મંડળોની હાજરી જોઇ ખુશી વ્યક્ત કરું છું. કચ્છના મહિલા મંડળોની મુલાકાત લઇ જાગૃત કરીશું. હવે પછીના આયોજનમાં નિબંધ સ્પર્ધા યોજીશું એવી જાહેરાત કરેલ અને તા. ૫-૩-૨૦૨૪ના કચ્છના દરેક મહિલાઓનો પ્રવાસ પાતાળીયા હનુમાન - આદીપુર મધ્યે નક્કી કરવામાં આવેલ. આ પ્રવાસમાં ભોજન સપ્રાદના દાતા તરીકે શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા (નારીરત્ન સન્માનિત) પરિવાર દ્વારા ભોજના દાતા રહેશે તેવી જાહેરાત કરેલ.

ત્યાર બાદ અ.ભા.મ. મહામંડળના પૂર્વ પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકીને મહાસભા મેરેજ બ્યુરો સમિતિના અધ્યક્ષા બન્યા તે બદલ શુભેચ્છા પાઠવી હતી. નારી શક્તિનું ગૌરવ કહી શકાય એવા શ્રીમતી અમિતાબેને ગત સત્ર દરમ્યાન ખુબજ સારી કામગીરી બદલ તેમને બિરદાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, સગપણ સમસ્યાને લગતા પ્રશ્નો જરૂરથી બધા સાથે મળીને ઉકેલીશું. સગપણ સંમેલનો યોજીશું, દિકરા અને દિકરીઓને કેવા પાત્રો પસંદગી કરી જીવનસાથીની પસંદગી કરવા માટે માર્ગદર્શન આપીશું.ત્યાર બાદ અ.ભા.મ. મહામંડળના વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રીમતી પુષ્પાબેન ટાંકે જણાવ્યું હતું કે, નારીમાં અથાક શક્તિ રહેલી છે. નારી શું નથી કરી શકતી, નારી ધારે તો બધું જ કરી શકે તેમના ઉદાહરણ આપી બહેનોને માર્ગર્શન આપેલ. દરેક ગામથી પધારેલ બહેનોએ સુઝાવ અને પ્રતિભાવ આપેલ. ગત સત્રના તમામ પદાધિકારી બહેનો, કારોબારી સભ્યો તેમજ દરેક મહિલા મંડળના પ્રમુખોને શુભેચ્છા ભેટ અર્પણ કરેલ. અંતમાં અંજાર મહિલા મંડળ તરફથી અલ્પાહાર કરાવવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહામંત્રી શ્રીમતી ઉષાબેન એન. ચૌહાણે કરેલ હતું. આભારવિધી તથા સંચાલન સહયોગ માટે મંત્રી ચંદ્રીકાબેન ટાંક, ધનલક્ષ્મીબેન ટાંક, અનિતાબેન ટાંકે સહયોગ આપેલ.

## સંબલપુર મહિલા મંડળ

સંબલપુર મહિલા મંડળના નવનિર્વાચીત પદાધિકારશ્રીઓ આ મુજબ છે. પ્રમુખ - દિશાબેન વિમલભાઇ વરૂ, મંત્રી - દિપ્તીબેન હિતેશભાઇ ચૌહાણ, ઉપપ્રમુખ - મીનલબેન રાજેશભાઇ પરમાર, સહમંત્રી - કવિતાબેન દેવેનભાઇ પરમાર, કોષાધ્યક્ષ - અનિતાબેન ભૂપેનભાઇ ચાવડા. મહિલા મંડળના સત્ર ૨૦૨૪-૨૬ની પ્રથમ મીટીંગ પ્રમુખ દિશાબેન વિમલભાઇ વરૂના ઘરે રાખવામાં આવી હતી. જેમાં ચિક્કી બનાવવાની સ્પર્ધા



રાખવામાં આવી હતી. બહેનોએ તલથી ખુબ સુંદર નૌકા અને ફુલનો ગુલદસ્તો બનાવ્યો હતો. પ્રથમ સ્થાન અર્ચનાબેન આનંદભાઇ ચાવડા અને દ્વિતીય સ્થાન દિવ્યાબેન વિનયભાઇ



ચૌહાણે મેળવ્યું હતું. રામ મંદિર પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં મહિલા મંડળ દ્વારા શ્રી રતિલાલભાઇ રાજારામભાઇ ચૌહાણના ઘરે રામ ભજન સંધ્યા અને દીપ પ્રજ્વલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લાલ, પીળી, ઓરેન્જ કલરની સાડી પહેરીને વડીલો તથા બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ખુબ સુંદર રંગોળી અને દીવાથી રામ લખ્યું હતું. આ પ્રસંગે ભજન સ્પર્ધા રાખવામાં આવી હતી. આરતી કરી અને પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. સંબલપુર ઘટક દ્વારા ૨૮-૧-૨૪, રવિવારના રોજ મહિલા મંડળ દ્વારા પિકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંબલપુરથી થોડે દૂર સુંદર પ્રકૃતિ વચ્ચે સ્થિત કલ્કી દેવીના મંદિર પાસે આયોજીત કરવામાં આવેલ. ત્યાં સારી માત્રામાં બધા ભેગા થયા હતા. ત્યાં નાસ્તાનો પણ પ્રબંધ કરવામાં આવ્યો હતા. વિશેષ આકર્ષણ વડીલોની માથા ઉપર મોટો લોટોને સંતુલિત કરીને ચાલવાની રેસ હતી. હુલાહુપમાંથી નીકળીને બાજુવાળાને પાસ કરવાની રમત, હાઉઝી અને વિભિન્ન રમત-ગમત રમાડવામાં આવી હતી. બપોરે બધાએ સ્વરૂચી ભોજનનો આનંદ લીધો હતો. વિભિન્ન કાર્યક્રમોના પ્રાઇઝ આપવામાં આવ્યા હતા. બધાએ મળીને ખૂબ મજા માણી હતી. ઘટકના ભાઇઓએ પણ રમત-ગમતમાં ભાગ લીધો હતો. સાંજે ચા-નાસ્તો અને બાળકોના ડાન્સનો આનંદ લીધો હતો. સંબલપુર ઘટક પ્રમુખ શ્રી ઘનશ્યામભાઇ કરસનભાઇ ચૌહાણના નેતૃત્વમાં યુવા મંડળને મહિલા મંડળના સહયોગથી પિકનીકનું સફળ આયોજન થયું હતું.

## કુમ્હારી મહિલા મંડળ




તા. ૧૪-૦૨-૨૦૨૪ના મકરસંક્રાતિનો પર્વ ઉજવવામાં આવેલ. કાર્યક્રમ સવારે ૯.૦૦ વાગ્યે થી સાંજે ૪ વાગ્યા સુધી ચાલેલ. કાર્યક્રમ શુભારંભમાં બાળકો દ્વારા શ્રી ગણેશ વંદના અને રાષ્ટ્રીય ગાન દ્વારા કરવામાં આવેલ.

ત્યાર બાદ બાળકો, યુવાઓ, યુવતીઓ, બહેનો ભાઇઓ બધાને ઉંમર પ્રમાણે ગેમ રમાડવામાં આવી હતી. ત્યાર બાદ મકરસંક્રાતિનો પ્રસાદ જમવા બાદ હાઉઝી રમાડવામાં આવી હતી. ગેમમાં વિજેતાઓને પુરસ્કાર વિતરણ કરવામાં આવ્યું હતું. બધા ખૂબજ ઉત્સાહ સાથે ઉત્સવમાં સહભાગી બન્યા હતા.

યુવતી મંડળે કાર્યક્રમના સ્થળને પતંગથી સજાવ્યું અને બીજા પણ કાર્યોમાં સહયોગ કરેલ. યુવા મંડળ, ઘટક તથા સર્વે બહેનોના સહયોગથી કાર્યક્રમ સફળ રહ્યો હતો. તા. ૨૨-૦૧-૨૦૨૪ અયોધ્યા રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના દિવસે મહિલા મંડળ દ્વારા સમાજના મંદિરમાં શ્રી હનુમા ચાલિસા, રામ મણકા, રામધુનનો આનંદ લઇ પ્રસાદ, સ્વલ્પાહાર લઇ સર્વે રાજીખુશીથી છુટા પડ્યા હતા.

## કાગજનગર-રેબેન્ના મહિલા મંડળ

કાગજનગર-રેબેન્ના મહિલા મંડળ દ્વારા તા. ૨૨-૦૧-૨૦૨૪ના શ્રી રામ મંદિર પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ખુબજ હર્ષોલ્લાસ સાથે શોભાયા તથા કળશયાત્રા સાથે શ્રીરામ મંદિરમાં ઉજવવામાં આવ્યું હતું.

શ્રી હસમુખલાલભાઇ હીરાલાલભાઇ ટાંક તરફથી સુંદરકાંડ



પાઠનું આયોજન કરવામાં આવેલ હતું. રાજુરા ગામથી મિશ્રાજી

મહારાજ આ સત્કાર્ય માટે પધાર્યા હતા. પ્રથમ દીપ પ્રજ્વલન કરી પ્રભુ શ્રીરામના ભજન, હનુમાન ચાલિસા પાઠનું સામૂહિક પઠન કરવામાં આવ્યું હતું.

રાસગરબા અને મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવેલ હતું. અંતે પ્રભુની આરતી કરીને બધી બહેનો-ભાઇઓ, પ્રસાદ તથા અલ્પાહાર લઇને છુટા પડ્યા હતા. આ પ્રસંગે ઘટકના ભાઇ-બહેનો વધુ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બધાના સાથ-સહકાર અને સહયોગથી આ ધાર્મિક કાર્યક્રમ સફળ રીતે સંપન્ન થયેલ.

## દુર્ગ મહિલા મંડળ

રાયપુર-છત્તીસગઢના આંગણે આયોજીત મહાસભાના ત્રિ-વાર્ષિક અધિવેશનમાં અ.ભા.મહિલા મહામંડળ દ્વારા દુર્ગ મહિલા મંડળને સર્વે મહિલા મંડળોમાં શ્રેષ્ઠ મહિલા મંડળનું પ્રથમ પુરસ્કાર આપવામાં આવ્યું છે. મહિલા મંડળ દ્વારા આયોજીત પ્રતિયોગીતાઓ, કાર્યક્રમો, ઓનલાઇન, ઓફલાઇન કાર્યક્રમો તેમજ સમુહ ભાગવત સપ્તાહ વગેરે કાર્યકલાપોને ધ્યાનમાં રાખી આ સર્વશ્રેષ્ઠ મહિલા મંડળનું પ્રથમ પુરસ્કાર આપેલ છે તે સિવાય અ.ભા.મહિલા મહામંડળની વિવિધ ટીમો દ્વારા આયોજીત જુદી જુદી પ્રતિયોગીતાઓમાં દુર્ગ મહિલા મંડળની બહેનોએ ભાગ લઇ પ્રથમ, દ્વિતીય તથા અન્ય પુરસ્કારો પણ મેળવેલ છે.

ત્રિ-વાર્ષિક અધિવેશનમાં દુર્ગ મહિલા મંડળની બાળાઓ તથા યુવતીઓ દ્વારા પ્રસ્તુત કરેલ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ વિશેષ પ્રશંસનીય હતા. મહિલા મંડળની આ ગૌરવશાળી ઉપલબ્ધી માટે પદાધિકારીઓ, કાર્યકારીણી સમિતિ, સલાહકાર મંડળ તથા દુર્ગની અન્ય બહેનો અમો સૌ ગૌરવ અનુભવીએ છીએ. અ.ભા.મહિલા મહામંડળના સમસ્ત પદાધિકારી બહેનો તથા શ્રીમતી અમિતાબેન સોલંકીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ.

## અંગુલ મહિલા મંડળ





અંગુલ ઘટક મધ્યે મહિલા મંડળ દ્વારા સત્ર ૨૦૨૪-૨૦૨૬ની નવી કારોબારી સમિતિની ચૂંટણી તા. ૧૪-૦૨-૨૦૨૪ બુધવારે કરવામાં આવેલ હતી. જેમાં પ્રમુખ શ્રીમતી રૂપલબેન હેમંતભાઇ મારૂ, ઉપપ્રમુખ શ્રીમતી દર્શનબેન હર્ષદભાઇ વરૂ, મંત્રી - શ્રીમતી વિભાબેન ઉદીતભાઇ ટાંક, સહમંત્રી શ્રીમતી છાત્રિકાબેન અમરેશભાઇ સોલંકી, કોષાધ્યક્ષ - શ્રીમતી મમતાબેન સાવનભાઇ ટાંક તથા શ્રીમતી મીતાબેન સમરેશભાઇ સોલંકી થયા. જેમાં સલાહકાર શ્રીમતી મેઘાબેન સુશીલભાઇ ટાંક, શ્રીમતી ઉદીતાબેન જયેશભાઇ મારૂ તથા શ્રીમતી રીનલબેન મનિષભાઇ ટાંક સર્વસહમતી સાથે ચૂંટવામાં આવ્યા હતા.

સહુ બહેનો મળી ઇકો-પાર્કમાં પિકનીકનો લાભ લીધો હતો. રમત-ગમત, ડાન્સ સાથે બાળકો માટે પણ વિશેષ આયોજન રાખેલ હતું. ત્યાં મહિલા મંડળ તરફથી સહુ બહેનો માટે જમવાની વિશેષ ગોઠવણી કરેલ હતી. મહિલા મંડળના દરેક કાર્યકર્તાઓ ભેગા મળી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## રાયગડા મહિલા મંડળ

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ રાયગડા (ઓડિશા) ઘટક સત્ર ૨૦૨૪-૨૬ની ચૂંટણી તા. ૧૪-૦૧-૨૦૨૪ના રોજ સમાજ ભવનમાં કરવામાં આવેલ. જેમાં સર્વસંમતિથી ઘટક, મહિલા મંડળ તથા યુવા મંડળના પદાધિકારીઓનું ચયન કરવામાં આવ્યું



હતું. રાયગડા મહિલા મંડળના નવા પદાધિકારી નીચે મુજબ છે. પ્રમુખ શ્રીમતી સોનીબેન વિજયભાઇ ટાંક, ઉપપ્રમુખ - શ્રીમતી આશાબેન યોગેન્દ્રભાઇ ટાંક, મંત્રી શ્રીમતી ભાવિકાબેન ખગેશભાઇ વરૂ, ખજાનચી - શ્રીમતી કલ્પનાબેન અજયભાઇ ટાંક, તે જ દિવસે સર્વે બહેનોએ સાથે મળી ખીચડો, શાક-પુરી એમ ભોજન જાતે બનાવેલ તથા બ્રાહ્મણ ભોજન સાથે સર્વે બહેનોએ સંક્રાતનું દિલ ખોલીને દાન પણ કર્યું હતું. સર્વેએ ખુબ મજા માણી હતી.

પ્રમુખ પદ લેતાં જ શ્રીમતી સોનીબેન દ્વારા પ્રથમ પિકનીનું આયોજન તા. ૨૦-૧-૨૪ના કરવામાં આવ્યું હતું. જેમાં સર્વે સમાજબંધુ રાયગડાથી થોડે દુર પિકનીન મનાવામાં ગયેલ. ત્યાં જઇ નાના બાળકો તથા બહેનોને ગેમ્સ રમાડી વિજેતાઓને પુરસ્કૃત કરેલ. ભોજન કરી નદીમાં સ્નાન કરી, હજી થોડીવાર ગેમ્સ રમી સર્વે હરખભેર ઘેર પાછા આવ્યા હતા.

આ વર્ષ આપણા સહુ માટે ખુશી લાવી કારણ કે અયોધ્યામાં શ્રી રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા થયેલ જેથી પુરૂં ભારતવર્ષ રામમય થયેલ. એમાં અહીં પણ સર્વે બહેનોએ મળીને જલારામ મંદિરમાં સ્થાપિત શ્રીરામ દરબારની સામે દીપોત્સવ કરી, રંગોળી બનાવી, ભજન કરેલ તથા નાના બાળકો શ્રી રામ, જાનકી, હનુમાનજીના વેશમાં આવેલ જેમને પછી પ્રોત્સાહન રૂપે પુરસ્કાર પણ આપેલ. પ્રસાદ વહેંચી સર્વે હરખભેર ઘેર ગયા હતા. તા. ૨૮-૦૧-૨૦૦૧ના રાયગડા જલારામ મંદિરનું સ્થાપન થયેલ, ત્યારથી દર વર્ષે અહીં સ્થાપના દિવસ રૂપે ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ સમાજબંધુઓએ મળીને સવારે ૧૦.૩૦ વાગ્યાથી ભજન કરી, ગરીબ ભોજન કરાવી, સર્વેએ પ્રસાદ સેવન કરેલ હતો.

## હિંગોલી મહિલા મંડળ

હિંગોલી મહિલા મંડળની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૭-૧-૨૦૨૪ના રોજ શ્રીમતી ઇંદુબેન જીવરામભાઇ મારૂના ઘરે રાખવામાં આવેલ હતી. સમાજના સર્વે બહેનોએ હાજરી આપી હતી. સૌ પ્રથમ ગણેશ પ્રાર્થના અને બાપ્પાના ફોટાને ફુલ-કંકુથી વધાવીને મીટીંગની શરૂઆત કરેલ હતી. ગત વર્ષે શ્રી મહેશભાઇ મારૂના પુત્રીના શુભ લગ્ન પ્રસંગે બન્ને પક્ષ તરફથી હિંગોલી ઘટક અને મહિલા મંડળને રૂા. ૫૦૦ ભેટ આપેલ હતી તે બદલ ગીતાબેન મહેશભાઇ મારૂનું શુભેચ્છા સન્માન કરેલ. ત્યાર બાદ સર્વે બહેનોએ વાર્ષિક ફી જમા કરાવી પછી બકેટ ગેમ તથા હૌજી ગેમ સર્વે બહેનોને રમાડવામાં આવી હતી. વિજયી દિપીકાબેન તથા ભાવીનાબેન મારૂને તથા બાળકોમાં તોશીવ અમીત ચાવડાને પુરસ્કાર આપ્યા હતા.

શ્રીમતી ઇંદુબેન મહિલા મંડળ પ્રમુખ તરફથી અલ્પાહાર રાખવામાં આવેલ હતો. સર્વે બહેનોએ મકરસંક્રાંતની બધાઇ આપતા નાસ્તાનો આનંદ લીધો હતો. હિંગોલી ઘટક દ્વારા દર વર્ષે નવરાત્રી ઉત્સવ, દિવાળીના સ્નેહમિલન તથા સંક્રાંતીના હલ્દીકંકુનો કાર્યક્રમ ઉત્સાહથી ઉજવવામાં આવે છે. તેમાં સર્વે બહેનો આનંદથી ભાગ લઇને સાથ આપે છે. હિંગોલી મહિલા મંડળ તરફથી અ.ભા.મ. મહામંડળના પ્રમુખ સૌ. ગીતાબેન નટવરલાલભાઇ ચૌહાણ - નાસીકરોડ તથા મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડળના પ્રમુખ સૌ. પ્રતિમાબેન જેઠવા - શ્રીરામપુર તથા સલાહકાર સ્પીર સૌ. જ્યોતીબેન ભક્તિરામભાઇ રાઠોડ - જાલનાને હિંગોલી મહિલા મંડળ તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ. ગયા વર્ષે ૨૦૨૩માં સૌ. પ્રીતીબેન રવિન્દ્રભાઇ વરૂ ઔરંગાબાદ તફરથી મરાઠવાડાની બહેનો માટે દર મહિના માટે એક્ટીવીટી રાખેલ હતી. અમારા ઘટકનો સપ્ટેમ્બર મહિનો હતો. આ મહિનામાં ગણપતિ ઉત્સવ, પિતૃપક્ષ તથા નવરાત્રી ઉત્સવ રહેવાથી પૂરો મહિનો અનેક કાર્યક્રમમાં પસાર થયો અને વિવિધ લ્હાણી-ઇનામો પણ થયા તેમજ અન્ય ઘટકોના કાર્યક્રમોમાં પણ અમોએ ઉત્સાહથી ભાગ લીધો હતો અને પ્રાઇઝ મેળવ્યા હતા. આ માટે સૌ. પ્રિતીબેન વરૂને ધન્યવાદ પાઠવેલ. ચાલુ વર્ષે પણ મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડળ તરફથી જે પ્રોગ્રામ ગોઠવાશે તેમાં આગળ વધીને અમારું મહિલા મંડળ સક્રિયતાથી ભાગ લેશે. આવા કાર્યક્રમોમાં મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી ઇંદુબેનનો સંપૂર્ણ સાથ-સહકાર અમોને સાંપડે છે.

## મુંબઇ (પશ્ચિમ) મ.મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મુંબઇ મહિલા મંડળ (પશ્ચિમ) દ્વારા તા. ૨૦-૧-૨૦૨૪ના શ્રીમતી વૈશાલીબેન કેતનભાઇ રાઠોડના નિવાસ સ્થાને મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. મીટીંગની શરૂઆત પ્રાર્થના તથા ગીતા અધ્યાય ૧૫ના પારાયણથી કરવામાં આવી હતી. ત્યાર બાદ હાલમાં દેવલોક પામેલ વ્યક્તિઓને યાદ કરી બે મિનિટ મૌન રાખી તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ હતી. ત્યાર બાદ અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા મુંબઇ મહિલા મંડળને સત્ર ૨૦૨૧-૨૩ માટે પાયેલ તૃતિય સ્થાનનો એવોર્ડ પુર્વ પ્રમુખ ભાગીરથીબેન ટાંકને આપવામાં આવેલ.

વિશેષમાં આદ. કુસુમેબન પરમાર દ્વારા ફીંગર પેઇન્ટઇંગનો ડેમોસ્ટ્રેશન વર્કશોપ રાખવામાં આવેલ હતો. તેમને આ કળા વિશે બહેનોને ડેમોસ્ટ્રેશન દ્વારા સમજ આપી હતી. ફીંગર પેઇન્ટીંગની

અલગ અલગ ટેકનીક શીખવાડી સુંદર પેઇન્ટીંગ બનાવ્યું હતું. મકરસંક્રાંતિ નિમિત્તે મહારાષ્ટ્રનો પારંપીરક હલ્દી કુમકુમનો ઉત્સવ ખુબ ઉત્સાહભેર ઉજવવામાં આવેલ હતો. શ્રીમતી વૈશાલીબેન દ્વારા બધાને હલ્દી કુમકુમ લગાવી, ગજરો આપી, તલ ગોળના લાડુ ખવડાવી, સુંદર ભેટ આપી સૌ બહેનોને સન્માનિત કર્યા હતા.

ત્યારબાદ બહેનો માટે હેડ ટુ ટો (મેચીંગ) હરીફાઇ રાખવામાં આવેલ હતી. બધી બહેનોએ કેટવોક કરી તેમાં ભાગ લીધો હતો. જેમાં પહેલું ઇનામ શ્રીમતી રોમાબેન પરમાર અને બીજું ઇનામ શ્રીમતી બબીતાબેન ચૌહાણને મળેલ હતું. એવરગ્રીન સિનિયર સિટીઝનનો ખિતાબ હરીબેન તથા નીલમબેનને ફાળે ગયો હતો. ત્યાર બાદ વન મિનિટ ગેમ રમાડવામાં આવેલ હતી. જેમાં ભુમીકાબેન, મહિમાબેન અને ગીત મંજરીકાબેન વિજેતા રહ્યા હતા. આ બંને પ્રવૃત્તિનું સંચાલન, આયોજન તથા ઇનામ શ્રીમતી વૈશાલીબેન રાઠોડ દ્વારા કરવામાં આવેલ હતું. સાથે સાથે સૌ બહેનોને ગરમાગરમ સ્વાદિષ્ટ વાનગીઓ પીરસી હતી. મકરસંક્રાંતિ અને રામલલ્લા પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ફાઇવ ડેસ ફાઇવ ટાસ્ક ઓનલાઇન



એક્ટીવીટીનું આયોજન કરેલ હતું. જેમાં સમાજબંધુઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મકરસંક્રાંતિ નિમિત્તે સમાજબાંધવોએ મકરસંક્રાંતિની ઉજવણીના વિવિધ ફોટા શેર કર્યા હતા. રામાયણ પાત્ર વેશભૂષા જેમાં બહેનો તથા બાળકોએ રામાયણના વિવિધ પાત્રની વેશભૂષા કરી, અભિનય કરતા વિડીયો શેર કર્યા હતા. ત્રીજા દિવસે દરેકે દીવા સાથે પોતાના ફોટો શેર કરવાના હતા. આ ટાસ્ક અંતર્ગત આખો દિવસ બહેનોએ શ્રીરામના ભજનો ગાઇને ઓડીયો શેર કરી હતી. છેલ્લા દિવસે બધાએ પોતાના પરિસરમાં થતા શ્રીરામલલ્લા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણીના ફોટા શેર કર્યા હતા. અંતમાં સૌ બહેનોએ રાઠોડ પરિવારનો આભાર માની સૌ છુટા પડ્યા હતા.

## રાઉરકેલા મહિલા મંડળ

તા. ૨૧-૧-૨૦૨૪, રવિવારના રોજ શ્રી ક.ગુ.ક્ષ. સમાજ રાઉરકેલા મહિલા મંડળ તથા યુવા મંડળ દ્વારા સંયુક્ત પિકનીકનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં રાઉરકેલાના સર્વે સદસ્યો અનેકાનેક સંખ્યામાં ભાગ લઇ કાર્યક્રમને સફળ બનાવેલ હતું. રમત-ગમત, અંતાક્ષરી સાથે વિવિધ મનોરંજક કાર્યક્રમો તથા રાસગરબાનું આયોજન કરવામાં આવેલ હતું. હાઉઝી પણ રમવામાં આવેલ. રમત-ગમતના વિજેતાઓને આકર્ષક ઇનામો આપવામાં આવેલ. સવારનો નાસ્તો, બપોરનું ભોજનનું પણ આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ ખુબજ સફળ રહ્યો હતો. સાંજે બધા રાજીખુશી હરખભેર પોતાના ઘેર ગયા હતા.

તા. ૨૨-૦૧-૨૦૨૪, સોમવારના રોજ આપણા ઇષ્ટદેવ ભગવાન શ્રીરામચંદ્રજીના નવનિર્મિત મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અયોધ્યાના અવસરે રાઉરકેલા મધ્યે મહિલા મંડળ



પ્રમુખ સોનલબેન દ્નિશભાઇ પરમારના પ્રમુખપદે મહિલા મંડળના સર્વે હોદ્દેદારો તથા કારોબારી સમિતિના સદસ્યો સાથે રાઉરકેલા મહિલા સદસ્યો દ્વારા ઇન્દીરા ગાંધી ઉદ્યાન તરણ તાલમાં શ્રી વિષ્ણુ અવતારી મત્સ્ય અવતાર કશ્યપ અવતારને મહિલા મંડળના સદસ્યો દ્વારા કાગળમાં રામ નામ લખીને એના ઉપર લોટની ગોળી કરીને ખવડાવવામાં આવ્યું તથા સાંજે ૪.૩૦ કલાકે સમાજ ભવનમાં સુંદરકાંડ પાઠ શ્રીરામ ભજન, રામનામનું જાપ, મહાઆરતી, દીપ પ્રજ્વલન, પ્રસાદી સાથે શ્રી રામ સીતા લક્ષ્મણની ઝાંખી તથા ગરબાનું મહા આયોજન તથા પૂજાઅર્ચના મહાઆરતી પ્રસાદી દ્વારા મહાઉત્સવ ઉજવવામાં આવ્યું હતું.


સૌ
જ
ન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ**

સેવા નિવૃત્ત - એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય - ઑબ્રિટ્રેશન ટ્રીબ્યુનલ

પૂર્વ પ્રમુખ - શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઈ રાઠોડ
શ્રી યતિનકુમાર હંસરાજભાઈ રાઠોડ
(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur
શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ
શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ
(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam)

## બિલાસપુર મહિલા મંડળ

સત્ર ૨૦૨૪-૨૬ માટે બિલાસપુર મહિલા મંડળનું ગઠન તા. ૧૪-૦૧-૨૪ રવિવારના દિવસે કરવામાં આવ્યું. જેમાં પ્રમુખ- શ્રીમતી ભારતીબેન યોગેનભાઈ રાઠોડ, મંત્રી- શ્રીમતી મીનાબેન મહેન્દ્રભાઈ ચૌહાણ, કોષાધ્યક્ષ- ભારતીબેન મુકેશભાઈ ચાવડા, ચેરપર્સન- શ્રીમતી શર્મિલાબેન ભુપેશભાઈ ચાવડા, ઉપપ્રમુખ- શ્રીમતી મુક્તાબેન અંબાલાલભાઈ ચૌહાણ અને શ્રીમતી રસીલાબેન દેવેન્દ્રભાઈ રાઠોડ, સહમંત્રી- શ્રીમતી દર્શનાબેન અનિલભાઈ પરમાર, સહકોષાધ્યક્ષ- શ્રીમતી દર્શનાબેન રાજેન્દ્રભાઈ ચાવડા અને અન્ય ૭૧ બહેનોને કાર્યકારિણીના સદસ્ય રૂપે લેવામાં આવ્યા સર્વેનું પુષ્પ ગુચ્છ થી સ્વાગત કરવામાં આવ્યું હતું. મહિલા મંડળ દ્વારા એક નવી પહલ રૂપે બિલાસપુર ઘટક પરિવારોમાં પગલા કરતી દરેક નવ વધુને આશીર્વાદ રૂપે સદસ્યતા આપવામાં આવસે એવો નિર્ણય લેવામાં આવ્યું ૧૪.૦૧.૨૪ તારીખે મકર સંક્રાંતિ પર્વમાં ખીચડાનું આયોજન કરી ઉજવણી કરવામાં આવી, તેમા પતંગ સજાઓ પ્રતિયોગિતા રાખવામાં આવેલ, એમાં પહેલું અને બીજું ઇનામ મેરીડ અને અનમેરીડ ગ્રુપ બનાવી આપવામાં આવ્યું પશ્ચાત ખીચડા પ્રસાદનું લાવો લેવામાં આવ્યું. ત્યારબાદ સર્વે છૂટા પડ્યા તારીખ ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના શ્રી રામલલાનુ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સમાજ ભવન માં ઉજવવામાં આવ્યો આ કાર્યક્રમ અંતર્ગત શ્રીરામનામની ધૂન બોલાવી ૧૧ વાર હનુમાન ચાલીસા પાઠ, મહાઆરતી સાથે મહાપ્રસાદ લઈ ઉપસ્થિત સમાજ બાંધવો છૂટા પડ્યા. ૨૭-૦૧-૨૪ દિવસે મહાસભા પ્રમુખશ્રી શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા તથા અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખશ્રી શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઈ ચૌહાણ તથા અખિલ ભારતીય યુવા મહામંડળના પ્રમુખશ્રી



ગૌરવભાઈ જગદીશભાઈ ટાંક ના બિલાસપુર ઘટકમાં શુભેચ્છા પ્રવાસના મધ્યે મહિલા મંડળ ટીમ દ્વારા અ.ભા.મહિલા મહામંડળ પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ નું સ્વાગત શાલ, શ્રીફળ, પુષ્પગુચ્છ અને મોમેન્ટો થી કરવા માં આવ્યું, તથા પધારેલ પ્રથમ મહિલા અને મહિલા મહામંડળ ઉપપ્રમુખશ્રી શ્રીમતી મીનાબેન યોગેશભાઈ ચાવડા અને મહિલા મહામંડલ ઉપપ્રમુખશ્રી શ્રીમતી બીના બેન પ્રફુલભાઈ પરમારનું પણ સ્વાગત શાલ, શ્રીફળ, પુષ્પગુચ્છ અને મોમેન્ટોથી કરવામાં આવ્યું સ્વાગત પશ્ચાત પ્રમુખશ્રી ગીતાબેન ચૌહાણે પોતાનું ઉદ્બોધન આપ્યું હતું કાર્યક્રમ પશ્ચાત સુસ્વાદીષ્ટ ભોજન લઈ છૂટા પડ્યા. તારીખ ૦૪-૦૨-૨૪ રવિવારે બિલાસપુર મધ્યે સ્થિત વિવેકાનંદ ગાર્ડન માં પુલિસ ખાતાના ઉજ્જ સર તથા યાતાયાત પુલિસ અધિકારીને આમંત્રિત કરી યાતાયાત નિયમો ની જાણકારી મહિલા મંડળના સદસ્યોને આપવા માં આવી આ કાર્યક્રમમાં સર્વે બહનો સારી સખ્યાંમાં પોતાની ઉપસ્થિતિ આપી હતી અને જાણકારીઓ નો લાભ લીધો હતો કાર્યક્રમમાં મહાસભા મધ્યસ્થ ન્યાયપંચ પ્રભારી શ્રી મહેન્દ્રભાઈ કેશવજીભાઈ રાઠોડ, મહાસભા મેરેજ બ્યુરો સમિતિ સહ પ્રભારી શ્રી ભાવેશભાઈ નરસીભાઈ ગોહિલ, યુવામંડળ પ્રમુખ શ્રી પરિચય રમણીકભાઈ જેઠવા, યુવામંડળ મંત્રી શ્રી નિશાંત ભારતભાઈ સોલંકી, યુવામંડળ ઉપપ્રમુખ શ્રી હનીશ મુરારીલાલ ભાઈ પરમાર નો સારો સહકાર મલ્યો હતો.

## ગુલબર્ગા મહિલા મંડળ

તા. ૧૪-૧-૨૦૨૪ની મંથલી મીટીંગ વનિતાબેન ચૌહાણના ઘરે રાખવામાં આવેલ. સૌ પ્રથમ પ્રભુ પ્રાર્થના, હનુમાન ચાલિસા તથા પંદરમો અધ્યાય બોલીને મીટીંગની શરૂઆત કરી. સંક્રાંતિ નિમિત્તે બધા બહેનોને કુમકુમ લગાવી તલગોળ એકબીજાને આપી સર્વે બહેનોને વનીતાબેન તરફથી ગીફ્ટ આપવામાં આવેલ. ત્યાર બાદ નવા ચુંટાયેલા કર્ણાટક પ્રાદેશિક પ્રમુખ લલીતાબેન ચાવડાનું સન્માન કર્યું તેમજ ગુલબર્ગા ઘટકની નવા સત્ર માટે ચુંટાયેલ બહેનોનું પણ સન્માન કરવામાં આવેલ. પ્રમુખ - તનુજાબેન સુનીલભાઇ ચાવડા, ઉપપ્રમુખ -













ચંદ્રીકાબેન ભુપેન્દ્રભાઇ પરમાર, મંત્રી - સોનલબેન રાજેન્દ્રભાઇ ચાવડા, ખજાનચી - સુષ્માબેન મુકેભાઇ ટાંક ત્યાર બાદ ગેમ રમી અને ફળાહાર ગ્રહણ કરી સૌ છુટા પડ્યા હતા.

તા. ૧૬-૧-૨૪ના શ્રીમતી ભારતીબેન ઘનશ્યામભાઇ ચાવડાના ઘરે ૧૧ વાર હનુમાન ચાલિસા બોલી હવન કર્યું હતું. ભજન આરતી કરી સૌ બહેનાએ પ્રસાદ ગ્રહણ કરી છુટા પડ્યા

હતા. તા. ૨૦-૧-૨૦૨૪ના દિપ્તીબેન ચાવડાના ઘરે સુંદરકાંડનો પાઠ કર્યો અને દીવા પ્રગટાવી રાસ રમી ઉત્સવ મનાવી ફલાહાર કરી સૌ છુટા પડ્યા. તા. ૨૨-૧-૨૦૨૪ના વિઠ્ઠલ મંદિરમાં સુંદરકાંડનો પાઠ કરી મહાઆરતી પછી સાંજે ૫૦૦૦ દિપોત્સવનો પ્રોગ્રામ યોજાયો હતો. ખુબ ધામધૂમથી રાસોત્સવ મનાવી સર્વે બહેનો પ્રસાદ ગ્રહણ કરી છુટા પડ્યા હતા તેમજ મહિલા મંડળ તરફથી આરોગ્ય ફાઉન્ડેશન જે પીડીત વ્યક્તિઓને સેવા આપે છે તેમને ૫૦૦૦ ડોનેશન આપેલ હતું.

## રાંચી મહિલા મંડળ

રાંચી મહિલા મંડળની નવી કાર્યકારીણી ટીમનુ ગઠન તા. ૭-૧-૨૦૨૪ના થયેલ બેઠકમાં કરવામાં આવી હતી. નવી કાર્યકારીણી ટીમમાં પ્રમુખશ્રી દ્વારા તેમની સહયોગી રૂપે નિમ્ન પદોમાં સર્વસંમતિથી નિર્વિરોધ ચયન કરવામાં આવેલ. પ્રમુખ - શ્રીમતી મંગલાબેન કિશોરભાઇ રાઠોડ, ઉપપ્રમુખ - શ્રીમતી દિપાબેન દિપકભાઇ ચૌહાણ, મંત્રી - શ્રીમતી વનિતાબેન પ્રદીપભાઇ પરમાર, સહમંત્રી - શ્રીમતી હેમાબેન અમિતભાઇ રાઠોડ, કોષાધ્યક્ષ - શ્રીમતી રીતાબેન સુકુમારભાઇ પરમાર.



નારીરત્ન પરમ આદરણીય શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા - અંજારનું અભિવાદન રાંચી મહિલા મંડળ તરફથી શ્રીમતી હંસાબેન દિલીપભાઇ વાઢેર - પૂર્વ મંત્રી અને ઉપપ્રમુખ શ્રીમતી દિપાબેન દિપકભાઇ ચૌહાણ દ્વારા રાયપુર મધ્યે આયોજીત ત્રિ-વાર્ષિક અધિવેશનમાં કરવામાં આવ્યું હતું.

## ભોપાલ મહિલા મંડળ

તા. ૧૪-૦૧-૨૦૨૪ના ભોપાલ મહિલા મંડળ દ્વારા સંક્રાત નિમિત્તે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ ભોપાલ મહિલા મંડળની કીટી મેમ્બર દ્વારા કરવામાં આવ્યું હતું. જેનું આયોજન ભોપાલ મહિલા મંડળના મંત્રી શ્રીમતી મુક્તિબેન જયેશભાઇ ચૌહાણએ પોતાના નિવાસ સ્થાને રાખ્યું હતું. આ કાર્યક્રમમાં નાના-મોટા બધાએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં હાઉઝી અને વિવિધ પ્રકારના ગેમ રમાડવામાં આવી હતી. સંક્રાતિ નિમિત્તે જમણવારમાં ખિચડો



અને કઢી બનાવી હતી. જેનું સર્વેએ ખુશી ખુશી આનંદ લીધો હતો. ત્યાર બાદ બધી બહેનોએ નિર્ણય લીધો કે આવી જ રીતે દરેક નાના-મોટા તહેવારામાં સાથે મળીને આયોજન કરતા રહીશું અને આનંદ માણીશું.

## કલ્યાણ મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કલ્યાણ મહિલા મંડળ દ્વારા તા. ૨૫-૧૧-૨૦૨૩, શનિવારના રોજ તુલસી વિવાહનું આયોજન શ્રીમતી આશાબેન કિશોરભાઇ સોલંકીના ઘરે રાખવામાં આવેલ તેમજ જાન પ્રસ્થાન નિશાબેન મુકેશભાઇ ચૌહાણના ઘરેથી થયેલ હતી. જેમાં વધુમાં વધુ બહેનોએ ભાગ લઇ આયોજનનો લાભ લીધો હતો. કલ્યાણ મહિલા મંડળ દ્વારા વાર્ષિક સ્નેહ સંમેલન તા. ૨૬-૧૧-૨૦૨૩, રવિવારના રોજ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ફુલોની રંગોળી, વાનગી હરીફાઇ તેમજ નાના બાળકો માટે વેસ્ટમાંથી બેસ્ટ ક્રાફ્ટની સ્પર્ધા રાખવામાં આવેલ. વિવિધ સ્પર્ધાઓના



વિજેતાઓમાં ગ્રુપ એ રંગોળી સ્પર્ધામાં (૧) જુહી મુકેશભાઇ રાઠોડ (૨) જિંકલ જેનીલભાઇ રાઠોડ (૩) કાવ્યા વિપુલભાઇ યાદવ તેમજ નાના ગ્રુપમાં (૧) રિયા પરેશભાઇ રાઠોડ (૨) કીર્તિ મયુરભાઇ રાઠોડ તેમજ વાનગી મિષ્ટાનમાં (૧) જીંકલ જેનિલભાઇ રાઠોડ (૨) વિભૂતિ હેમલભાઇ ચૌહાણ (૩) રૂચીતા

નિમેષભાઇ યાદવ તેમજ ફરસાણમાં (૧) પ્રથમ સોનલ ભાવેશભાઇ ચૌહાણ (૨) જ્યોત્સનાબેન કૃષ્ણકાંત યાદવ (૩) જીંકલ જેનિલભાઇ રાઠોડ, ક્રાફ્ટ મોટા ગ્રુપમાં (૧) ક્રિતી મયુરભાઇ રાઠોડ (૨) ક્રીશીવ નિખિલભાઇ રાઠોડ (૩) દેવેશ ભાવેશભાઇ ચૌહાણ, નાના ગ્રુપમાં (૧) દેહુતી હેમલભાઇ ચૌહાણ (૨) દીપ કલ્પેશભાઇ રાઠોડ (૩) જીયા મયુરભાઇ રાઠોડ રહ્યા હતા.

## અમદાવાદ મહિલા મંડળ

અમદાવાદ મહિલા મંડળ દ્વારા તા. ૧૦ ફેબ્રુઆરી શનિવારના રોજ ડબ્બા પાર્ટીનું આયોજન વાળીનાથ ચોક ગાર્ડન માં કરવામાં આવેલ હતું. જેમાં દુર દુરથી ૧૦૦થી પણ વધુ બહેનો અને બાળકોએ મજા માણી હતી. મહિલા મંડળ તરફથી બે ગેમ્સ અને હાઉઝી રમાડવામાં આવી હતી. બહેનો પોતાના ઘરેથી મનગમતું ભાવતું ભોજન બનાવીને લાવ્યા હતા. મહિલા મંડળ તરફથી સ્વીટ અને છાસ આપવામાં આવી હતી. આ કાર્ય સફળ



બનાવવામાં અમદાવાદના ભૂતપૂર્વ પ્રમુખ શ્રીમતી જયશ્રીબેન દુર્ગેશભાઇ ચૌહાણનો ખુબજ સાથ-સહકાર મળેલ હતો.

## નાગપુર મહિલા મંડળ



નાગપુર મહિલા મંડળ દ્વારા સંક્રાતી પર્વ નિમિત્તે તા. ૨૪-૧-૨૪ના રોજે હલ્દી-કંકુ તેમજ લાણીનો પ્રોગ્રામ શ્રીમતી મીનાબેન યોગેશભાઇ ચાવડાના નિવાસ સ્થાને ખુબ ધામધૂમથી ઉજવેલ હતો તેમજ અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઇ ચૌહાણ તેમજ મહાસભાના પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા તથા મહાસભાના યુવા મંડળના પ્રમુખ શ્રી ગૌરવભાઇ જગદીશભાઇ ટાંકનું નાગપુર મહિલા મંડળ દ્વારા સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. નાગપુર મહિલા મંડળ દ્વારા તા. ૧૦-૨-૨૦૨૪ના રોજે પિકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. બહેનોએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો. સવારે ૧૦ વાગે બસ દ્વારા અંબોરા ગામે પિકનીકનો પ્રોગ્રામ હતો. ત્યાં ત્રિવેણી સંગમ તેમજ મહાદેવજીનું મંદિર આવેલું છે. ત્યાં દર્શન કરી ચા-નાસ્તો કરી ગેમ અને હાઉઝી રમાડવામાં આવેલ તેમજ બપોરના મહારાષ્ટ્રીયન ભોજનનો આનંદ માણેલ હતો. સાંજે સૌ નાગપુર પરત આવેલ.

## કેંજોરગઢ મહિલા મંડળ

કેંજોરગઢ સમાજવાડીમાં તા. ૩૧-૧૨-૨૦૨૩ના મહિલા મંડળ દ્વારા ઘટક તથા યુવા મંડળના સહયોગથી અનેક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં સાંથે ૬.૦૦ વાગ્યાથી આનંદ મેળાનું આયોજન કરવામાં આવેલ. જેમાં બાળાઓ તથા મહિલાઓએ સ્વાદિષ્ટ વાનગીઓના સ્ટોલ લગાવ્યા હતા. ઉપસ્થિત સૌ ભાઇઓ-બહેનોએ સ્વાદિષ્ટ વાનગીઓનો આનંદ લીધો હતો. ત્યાર બાદ હાઉઝી રમાડવામાં આવી હતી તથા રાસગરબા લેવામાં આવ્યા હતા. રાત્રે ૧૨.૦૦ વાગ્યે કેક કાપી અંગ્રેજી નૂતન વર્ષનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં






ગામના સૌ સદસ્યો સારી સંખ્યામાં ઉપસ્થિત રહી તેને સફળ બનાવ્યો હતો.

## નિઝામાબાદ મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નિઝામાબાદ મહિલા મંડળ દ્વારા તા. ૨૧-૦૧-૨૦૨૪, રવિવારના શ્રી રામ ભગવાનના ઉત્સવની ભવ્ય ઉજવણી સાથે સુંદરકાંડના પાઠ હનુમાન ચાલિસા અને રાસગરબાની રમઝટ, ભજન સાથે હલ્દી કુમકુમનો કાર્યક્રમ શ્રી હનુમાનજીના મંદિરમાં રાખવામાં આવેલ હતો. વળી બહેનોએ મળીને ખુબજ આનંદ માણ્યો હતો. સૌ બહેનો સાથે મળીને દીપ પ્રગટાવીને શ્રી રામની એક માળા કરીને શ્રીરામ સ્તુતિ કરીને આરતી-પ્રસાદ લઇને બધા છુટા થયા હતા.

## હૈદ્રાબાદ-સિકંદરાબાદ મ.મં.



હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ દ્વારા તા. ૨૦-૧-૨૦૨૪, શનિવારના શ્રીમતી જાગૃતિ દિનેશભાઇ ચૌહાણના ઘરે મીટીંગ રાખવામાં આવી હતી. રામલલ્લા મંદિરમાં વિરાજમાન થયા છે એના આનંદના ઉપલક્ષમાં ગાયત્રી દીપ યજ્ઞ કરવામાં આવ્યું હતું. ત્રણ નાના બાળકો સુંદર વેશભૂષામાં રામ-લક્ષ્મણ સીતાનું સ્વરૂપ ધારણ કરીને આવ્યા. એમના આવવાથી વાતાવરણ રામમય થઇ ગયું. પુષ્પવર્ષા અને આરતી કરવામાં આવી હતી. ૫૮ બહેનોએ હાજરી આપી હતી. ઑરેન્જ અને બ્લુ કલર સાડી થીમ હતું. થીમ અનુરૂપ બધા તૈયાર થયા હતા. અ.ભા.મહિલા મહામંડળ દ્વારા હૈદ્રાબાદ-સિકંદરાબાદથી નિયુક્ત પદાધિકારીઓ, આંધ્ર પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી હર્ષાબેન એમ. સોલંકી, રમત-ગમત સમિતિ અધ્યક્ષ શ્રીમતી વંદનાબેન ચાવડા, ઉત્સવ સમિતિ અધ્યક્ષ શ્રીમતી રીતાબેન પરમારનું સમ્માન કરવામાં આવ્યું હતું. બધા બહેનો એક મિનિટ ગેમ રમ્યા, તંબોલા રમ્યા પછી સરપ્રાઇઝ અને પ્રાઇઝ આપવામાં આવી હતી.

## રાયપુર મહિલા મંડળ



શ્રી ક.ગુ.ક્ષ. સમાજ રાયપુર મહિલા મંડળ દ્વારા નવા વર્ષના પહેલા મહિનાનું પહેલું ત્યોહાર ૧૪ જાન્યુઆરી (મકર સંક્રાંતિ)ના રોજ ખીચડાનું ભવ્ય આયોજન સમાજ ભવનમાં કરવામાં આવેલ હતું. શરૂઆતમાં ભગવાનના મંદિરમાં પૂજા-અર્ચના કરી ભજન અને આરતી-થાળ થી કરેલ ત્યાર બાદ હલ્દી-કુમકુમથી બધાનું સ્વાગત કરવામાં આવેલ. ત્યાર બાદ મ્યુઝીકલ ચેર, જોડી ગેમ, ગ્રુપ ગેમ અને હૌજીનો પણ બધાય ખુબજ આનંદ લીધો હતો. ગેમમાં પારિતોષીક પણ દેવામાં આવેલ. ત્યાર બાદ બધાએ તલસાકરી અને બપોરનું ભોજનનો આનંદ લીધો હતો. આમાં બહેનોની સંખ્યા સારી હતી અને ઘટકની પાંચેય પાંખોની સારી ઉપસ્થિતિ હતી ત્યાર બાદ બધા છુટા પડ્યા હતા.

## આદીપુર મહિલા મંડળ



આદીપુર મહિલા મંડળની નવી કીટી તા. ૧૭-૦૧-૨૦૨૪ના આદીપુર સમાજ ભવનમાં રાખેલ હતી. હાલમાં ૪૩ સભ્યો છે. કીટી લાગે પછી બધા મેમ્બરો વધુ પડતા પોતાના ઘરે જ રાખે છે. બધાને પોતાપણું લાગે છે. પ્રથમ કીટીમાં રામજીની અયોધ્યા પ્રાણ પ્રતિષ્ઠા નિમિતે પ્રોગ્રામ કરેલ. નક્કી કર્યા મુજબ બધા મેમ્બરો આવેલ હતા. સમુહ પ્રભુ પ્રાર્થના બાદ, દીપ પ્રાગટ્ય કરેલ અને ત્યાર બાદ પ્રોગ્રામની શરૂઆત કરેલ. ત્રિવેણીબેન, હંસાબેન અને ભાવિતાબેને રામ ભજન ગાયા હતા. પલ્લવીબેન અને નિશાબેને નાટીકા રજુ કરેલ તેમજ નેહાબેન અને હીનાબેને રામ સ્મુતિ પર નૃત્ય કરેલ. અલ્પાહાર મહિલા મંડળ તરફથી આપવામાં આવેલ. ત્યાર બાદ બધા છુટા પડેલ.




પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ

શ્રી ગૌરવ જગદીશભાઈ ટાંક

250, સી.એ. રોડ, આંબેડકર સ્ક્વેર,

પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮

મો. 80071696

મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ

શ્રી હેતુલ યતિનભાઈ જેઠવા

ડી-૩, અમૃતવિહાર ડુપ્લેક્સ, હાથીતાલ કોલોની,

જબલપુર (મ.પ્ર.) ૪૮૨૦૦૧ મો. 7415400561

E-mail : hetuljethwa93@gmail.com




# અખિલ ભારતીય યુવા મહામંડળના નવનિર્વાચીત પ્રમુખ
# શ્રી ગૌરવ જગદીશભાઈ ટાંકનો પરિચય



રાયપુરની પાવન ધરા પર શ્રી જગદીશભાઇ રણછોડભાઇ ટાંક અને શ્રીમતી હિનાબેન જગદીશભાઇ ટાંકના ઘેર ઉલ્લાસ અને ખુશીઓના આનંદમયી વાતાવરણ વચ્ચે તા. ૧૧-૦૧-૧૯૮૯ના રોજ ગૌરવભાઇનું જન્મ થયું. મુલતઃ માધાપર અને હાલ નાગપુર નિવાસી શ્રી જગદીશભાઇ ટાંક પરિવાર નાગપુર ઘટકનું એક પ્રભાવશાળી અને સમ્માનીય સદસ્ય છે. કુળદેવી માતા બ્રહ્માણીના શુભ આશીર્વાદથી આજે ટાંક પરિવાર ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યું છે. સેન્ટ ઝેવીયર્સ અને સિમ્બોસીસ જેવા ઉત્કૃષ્ટ સંસ્થાનથી સ્કુલીંગ તથા એમ.બી.એ.ની ડીગ્રી ધરાવતા ગૌરવભાઇ આજે એક પ્રખ્યાત ઉદ્યમી બની પોતાની કામગીરીથી એક અમિટ ઓળખાણ બનાવે છે.

પોતાની રૂચીને અવસરમાં પરિવર્તિત કરી એમને એન.આઇ.એસ.એમ.ના અનેકો સર્ટીફીકેટ કોર્સ પૂરા કર્યા છે. જેમાં મ્યુચલ ફંડ, ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર અને હજુ સારા પ્રમાણપત્રો તેમને પોતાની અથક મહેનતથી મેળવ્યા છે. હાલમાં તેઓ અનેક વ્યવસાયને સફળતાપૂર્વક લાભના પાયે આગળ વધારી રહ્યા છે. મૂળ સો-મિલના વ્યવસાયથી નિવૃત્ત શ્રી જગદીશભાઇના માર્ગદર્શનમાં ગૌરવભાઇ આજે શેર બ્રોકીંગ, ટ્રાવેલ એજન્સી, હોલીડે પેકેજીસ, વિસા સર્વિસ, ગ્રુપ ટુર્સ આદી સેવા ક્ષેત્રના વ્યવસાયમાં છે. જે.ટી.આઇ. ગ્રુપના બ્રાન્ડના અંતર્ગત ગૌરવભાઇ આજે અનેક રોજગારના અવસર ઉત્પન્ન કરે છે. તેમના માર્ગદર્શન હેઠળ આજે કર્મચારીની ટીમ સતત સેવા પ્રદાન કરવામાં કાર્યરત છે. કોઇપણ વ્યક્તિના જીવનનો એક મહત્વપૂર્ણ સુત્રધાર હોય છે. એ વ્યક્તિની માં, એવા જ માતૃત્વ અને સ્નેહીભાવના સ્વરૂપ શ્રીમતી હિનાબેનના સુવિચાર અને સંસ્કારોને આજે જીવનમાં ચરિતાર્થ કરી ગૌરવભાઇ ટાંક પરિવારને એક આદર્શ પુત્ર રૂપે આગળ વધારી રહ્યા છે.

શ્રી ગૌરવભાઇના ધર્મપત્ની શ્રીમતી માનસીબેન ગૌરવભાઇ ટાંકનો પણ એમના જીવનમાં એક મહત્વપૂર્ણ ભૂમિકા છે. પતિ અને પત્ની એક પરિવારના આધારસ્તંભ હોય છે. આ વાતને ચરીતાર્થ કરી આજે ગૌરવભાઇ અને માનસીબેન ટાંક પરિવારના આધારસ્તંભ બની પરિવારની વિરાસને આગળ વધારી રહ્યા છે. તા. ૦૨-૦૩-૨૦૨૨ના રોજ ગૌરવભાઇ અને માનસીબેનના જીવનનો એક રૂપકલો પલ આવ્યો જ્યારે તેઓ પિતા અને માતા બન્યા. પત્રરત્નની પ્રાપ્તિથી ટાંક પરિવાર ગૌરવાંન્વિત થયું અને પત્રનું નામકરણ કર્યું 'સિઆન ગૌરવભાઇ ટાંક'.

આવતા સમયમાં ગૌરવભાઇ એક મહત્વકાંક્ષી પ્રોજેક્ટને સાકાર કરવા જઇ રહ્યા છે. જેના અંતર્ગત પેંચ નેશનલ પાર્કમાં એક યુનિક જંગલ રિસોર્ટનું કાર્ય પૂરી ક્ષમતા પર ચાલી રહ્યું છે. પ્રોજેક્ટને પૂર્ણ થવા બાદ આ રિસોર્ટમાં ૨૫+ રૂમ્સ, એક શાનદાર રેસ્ટોરેન્ટ અને એક બેંક્વેટ રહેશે જે પર્યટકોને ખુબજ આકર્ષીત કરશે. આ પ્રોજેક્ટનું ઇન્ટીરીયર અને સાજ-સજ્જાનું કાર્ય માનસીબેનના કાર્ય યોજના મુજબ થયું છે. તેઓ ઇન્ટીરીયર ડીઝાઇનર છે અને બી.આઇ.ડી. (બેચલર ઓફ ઇન્ટીરીયર ડીઝાઇન)ની યોગ્યતા ધરાવે છે. આજે સજોડે અને સહકાર સાથે ગૌરવભાઇ અને માનસીબેન પોતાના સપનાના પ્રોજેક્ટને એના સફળતાના મુકામે લઇ જવા દઢ નિશ્ચયી છે.

સેવાભાવી અને સામાજીક કાર્યોમાં અગ્રણી શ્રી જગદીશભાઇના આશીર્વાદથી ગૌરવભાઇમાં પણ સમાજ સેવાની પ્રવૃત્તિ બાલ અવસ્થાથી સર્જીત થઇ છે. વિનમ્રતા અને પ્રેમભાવ સાથે તેઓ બહુ નાની ઉંમરથી જ સમાજ સેવાના કાર્યોમાં સમર્પિત થઇ ગયા. પાછલા ૧૦ વર્ષોથી ગૌરવભાઇ નાગપુર યુવા મંડળના પ્રમુખશ્રીના સ્થાનેથી અનેકો સમાજ ઉત્કર્ષના કાર્યો કરી

રહ્યા છે. બ્લડ ડોનેશન કેમ્પ, પિકનીક, સાંસ્કૃતિક તથા ક્રિડા પ્રતિયોગીતા અને નવરાત્રીના ઉત્સવની ઉજવણી તેમના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવી છે. નાગપુર મધ્યે આયોજીત કચ્છયાડ-૨૦૧૯ની સફળતાના એક પ્રમુખ સુત્રધાર બની ગૌરવભાઇએ આપણા સમાજના સ્વર્ણિમ ઇતિહાસમાં પોતાનું નામ સદૈવ માટે અંકિત કરાવી દીધું.

અખિલ ભારતીય યુવા મહામંડળના સત્ર ૨૦૨૧-૨૩માં તેઓ ઉપપ્રમુખ હતા. સાથે જ વિદર્ભ પ્રાદેશિક યુવા મંડળમાં પણ તેઓ ઉપપ્રમુખ હતા. તેમને ટીમ સાથે મળી કે.જી.કે. રાઇઝીંગ સ્ટાર જેવા અત્યંત જોરદાર કાર્યક્રમને આપણા સન્મુખ પ્રસ્તુત કર્યું. ઇ-કચ્છડા-૨૦૨૨ હોય અથવા કોઇપણ કાર્ય હોય તેમનો કાર્યભાર પૂરી નિષ્ઠા સાથે તેમને પૂર્ણ કર્યો છે. પાછલા સત્રમાં મેરેજ બ્યુરોમાં મંત્રીના સ્થાનેથી ઓનલાઇન સગપણ સંમેલનને ખુબજ સારી રીતે એમને પુરૂં કર્યું હતું. મહાસભાની હેલ્પડેસ્ક કમિટિમાં તેઓ પ્રભારી હતા. જેમના માર્ગદર્શનમાં આપણા સમાજબંધુઓની અનેક સમસ્યાઓનું નિવારણ કરવામાં આવ્યું.

ગૌરવભાઇનો સરળ અને સૌમ્ય સ્વભાવ તેમની ઓળખાણ છે. કોઇપણ પદની જવાબદારીને પૂરી નિષ્ઠા સાથે પૂર્ણ કરે તેનું એક પર્યાયવાચી છે. ગૌશ્રવભાઇ 'થઇ જશે' એવું તેઓ હંમેશા કહે છે. કાર્ય કેવું પણ હશે તેઓ બસ એક સ્મિત સાથે કહેશે... 'થઇ જશે'. આજે સત્ર ૨૦૨૪-૨૬નું અખિલ ભારતીય યુવા મહામંડળનું નેતૃત્વ તેમના કુળશ હાથોમાં છે. યુવા ઉત્કર્ષ અને યુવા શક્તિની અનેક મહત્વકાંક્ષી યોજના તેમના માર્ગદર્શનમાં તેમની ટીમ આ સત્ર દરમિયાન પૂર્ણ કરશે. એવા ઉર્જાવાન અને નિષ્ઠાવાન પ્રમુખ નાગપુર નિવાસી શ્રી ગૌરવભાઇ જગદીશભાઇ ટાંકને હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ...

પરિચયકર્તા : શ્રી હેતુલ યતીનભાઇ જેઠવા - જબલપુર
મહામંત્રી, અ.ભા.યુવા મહામંડળ

# અ.ભા. યુવા મહામંડળની કાર્યવાહક સમિતિ એવં સામાન્ય સભાનો સંયુક્ત અહેવાલ






દીપ પ્રાગટ્યમાં જોડાયા. તૃષારભાઇ ચૌહાણ, તુષારભાઇ, હિમાંશુભાઇ, રાયપુર યુવા મંડળ પ્રમુખ સોલંકીભાઇ. સામુહિક પ્રભુ પ્રાર્થના. પ્રાદેશિક યુવા મંડળ પ્રમુખ હિમાંશુભાઇ દ્વારા મીટીંગની શરૂઆત. સર્વેનું સ્વાગત, મહાનુભાવોને સ્ટેજ પર આમંત્રણ, યુવા મહામંડળ મંત્રી નિલેશભાઇ સોલંકી દ્વારા સર્વેનું સ્વાગત. ત્રણ વર્ષના હિસાબ-કિતાબની રજુઆત અને તેની બહાલી. તૃષારભાઇ દ્વારા તેમના ત્રણ વર્ષના કાર્યકાળમાં થયેલા કામોનો અહેવાલ તેમજ તેમને આવી પડેલી આપત્તિઓ અને તેમાંથી કેવી રીતે બહાર નીકળ્યા તેની વાત કરવામાં આવી. ઇ-કચ્છયાડ વિશે વિસ્તૃત માહિતિ. નવા પ્રમુખ  તરીકે ગૌરવભાઇની વરણી કરવામાં આવી. યુવા મહામંડળની ટીમ, ઉપસ્થિત દરેક પ્રાદેશિકની ટીમ અને યુવા મંડળો દ્વારા તેમનું પુષ્પગુચ્છથી સત્કારવામાં આવ્યા. ઉપસ્થિત ઉચ્ચ પદાધિકારીઓ દ્વારા પ્રાસંગીક ઉદ્‌બોધન આપવામાં આવ્યું. હેતુલભાઇ દ્વારા આભારવિધી કરવામાં આવી. સૌએ હળીમળીને નિર્વિઘ્ન મીટીંગની પૂર્ણાહુતી કરી.

સામાન્ય સભાનું સંચાલન અનમોલભાઇ દ્વારા કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ દીપ પ્રાગટ્ય માટે યુવા મહામંડળના નવા તથા જુના પ્રમુખ, છત્તીસગઢ પ્રાદેશિક પ્રમુખ તથા રાયપુર યુવા મંડળ પ્રમુખ જોડાયા. સામુહિક પ્રભુ પ્રાર્થના. તૃષારભાઇ, ગૌરવભાઇ, તુષારભાઇ, દાનિશભાઇને મંચ પર આમંત્રીત કરવામાં આવ્યા. સાથે સાથે યુવા મહામંડળના ૮ થી વધુ પૂર્વ પ્રમુખો પણ હાજર રહ્યા હતા અને તેમને મંચ પર સ્થાન આપવામાં આવ્યું હતું. દરેક પૂર્વ પ્રમુખ દ્વારા તેમના કાર્યકાળ દરમિયાન થયેલા કામો વિશે માહિતી આપવામાં આવી. કચ્છયાડ કરવા પાછળનો મુખ્ય હેતુ અને તેના ફાયદા જણાવવામાં આવ્યા હતા. યુવા મહામંડળનો પોતાનું બેન્ક એકાઉન્ટ હોવું જોઇએ તેના વિશે પણ ઘણી ચર્ચા કરવામાં આવી હતી. મહાસભાના ઉચ્ચ હોદ્દેદારોએ પણ હાજરી આપી હતી અને નવા પ્રમુખ શ્રી ગૌરવભાઇ ટાંકનું સન્માન કરવામાં આવેલ હતું. તૃષારભાઇએ તેમના ત્રણ વર્ષના અનુભવો વાગોળ્યા હતા અને નવા પ્રમુખ ગૌરવભાઇને શુભેચ્છાઓ પાઠવી હતી. ગૌરવભાઇ દ્વારા પ્રાસંગીક ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. તેમને દરેકનો સાથ-સહકાર માંગ્યો હતો અને તેમના દ્વારા કરવાના કામોની આછી ઝલક

આપી હતી. તેઓ તન, મન, ધનથી સમાજની સેવા કરશે તેવી બાંહેધરી આપી હતી. ઉપસ્થિત યુવા મહામંડળના પદાધિકારીઓ તથા પ્રાદેશિક પ્રમુખો દ્વારા પણ પ્રાસંગીક ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. આભારવિધી કર્યા બાદ સૌએ સામુહિક ફોટા પડાવ્યા હતા અને સભા સંપન્ન કરવામાં આવી હતી.

– શ્રી અનમોલ મહેન્દ્રભાઇ ટાંક – રાયગઢ (પૂર્વ મહામંત્રી)

# અખિલ ભારતીય યુવા મહામંડળ (સત્ર : ૨૦૨૪-૨૦૨૬) કાર્યકારીણી

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળના સત્ર ૨૦૨૪-૨૦૨૬ માટે શ્રી ગૌરવભાઇ જગદીશભાઇ ટાંક, નાગપુરના અધ્યક્ષ સ્થાનેથી નિમ્નલિખિત પદાધિકારીગણ તથા પ્રાદેશિક પ્રમુખોની વરણી કરવામાં આવી છે.

| | | |
|---|---|---|
| પ્રમુખ | શ્રી ગૌરવ જગદીશ ભાઈ ટાંક | નાગપુર |
| ચેરમેન | શ્રી ગિરીશ મહેશભાઈ પરમાર | અંજાર |
| સ.પ્રમુખ | શ્રી તુષાર મોહનભાઈ ચૌહાણ | વડોદરા |
| ઉપપ્રમુખ | શ્રી હિતેશ ભોગીલાલભાઈ ચૌહાણ | અંજાર |
| ઉપપ્રમુખ | શ્રી હિમાંશુ દિલીપભાઈ વેગડ | ડોંગરગઢ |
| ઉપપ્રમુખ | શ્રી જીગ્નેશ બલરામભાઈ રાઠોડ | નાગલપર |
| ઉપપ્રમુખ | શ્રી આતુર યોગેશભાઈ ચાવડા | નાગપુર |
| ઉપપ્રમુખ | શ્રી મોહિત વિનોદભાઈ સોલંકી | માધાપર |
| ઉપપ્રમુખ | શ્રી અનમોલ મહેન્દ્રભાઈ ટાંક | રાયગઢ |
| ઉપપ્રમુખ | શ્રી દાનિશ કમલેશભાઈ રાઠોડ | ગોંદીયા |
| ઉપપ્રમુખ | શ્રી પૂજન જીતેન્દ્રભાઈ રાઠોડ | વડોદરા |
| ઉપપ્રમુખ | શ્રી મયુર શશિકાંત ભાઈ ચૌહાણ | અમદાવાદ |
| ઉપપ્રમુખ | શ્રી ઉત્તમ શિવલાલભાઈ રાઠોડ | કુકમા |
| ઉપપ્રમુખ | શ્રીમતી ઈશિતા બેન જયભાઈ ટાંક | શેગાંવ |
| ઉપપ્રમુખ | શ્રી તુષાર નટવરલાલભાઈ ચૌહાણ | કોરબા |
| વ.મહામંત્રી | શ્રી પ્રતીક દિનેશભાઈ ટાંક | અંજાર |
| મહામંત્રી | શ્રી હેતુલ યતીનભાઈ જેઠવા | જબલપુર |
| ખજાનચી | શ્રી આદર્શકુમાર રમેશભાઈ ચૌહાણ | અમદાવાદ |
| મંત્રી | શ્રી ભરત જેઠાલાલભાઈ રાઠોડ | માધાપર |
| મંત્રી | શ્રી ગૌરવ જગદીશભાઈ ચાવડા | રાયપુર |
| મંત્રી | શ્રી મુકેશ હરિલાલ ખોડિયાર | અંજાર |
| મંત્રી | શ્રી તુષાર હિમાંશુભાઇ ચાવડા | અમદાવાદ |
| સહમંત્રી | શ્રી પંકજ ચંદ્રકાંતભાઈ સોલંકી | રાયપુર |
| સહમંત્રી | શ્રી નિલેશ દિલીપભાઈ ચૌહાણ | રાયગઢ |

**પ્રાદેશિક યુવા મંડળ પ્રમુખો ની સૂચી**

| | | |
|---|---|---|
| છત્તીસગઢ | શ્રી ચંદ્રેશ દેવેન્દ્રભાઈ ટાંક | રાયગઢ |
| કચ્છ | શ્રી જયભારત નવીનચંદ્રભાઈ જેઠવા | અંજાર |
| પૂર્વ ઓરિસ્સા | શ્રી સિદ્ધાર્થ યોગેશભાઈ રાઠોડ | કટક |
| વિદર્ભ | શ્રી નિતેશ સુરેશભાઈ ચૌહાણ | નાગપુર |
| ગુજરાત | શ્રી નિલેશ પ્રતાપભાઈ સોલંકી | વડોદરા |
| પ.ઓરિસ્સા | શ્રી ભરત નટવરલાલ ભાઈ વરુ | સંબલપુર |
| મહાકૌશલ | શ્રી ભૂપેશ શશિકાંતભાઈ ચૌહાણ | જબલપુર |
| આંધ્ર | શ્રીમતી ભાવિકાબેન ભાવેશ પરમાર | નિઝામબાદ |
| કોલફિલ્ડ | શ્રી દીપક અર્જુનભાઈ ચાવડા | ધનબાદ |
| સિંગભુમ | શ્રી નીરજ વલમજીભાઈ ચૌહાણ | જમશેદપુર |
| કર્ણાટક | શ્રી પારસ હિમ્મતલાલ ભાઈ ચાવડા | ગુલબર્ગા |
| મરાઠવાડા | શ્રી ઉમેશ ભવાનજીભાઈ ચૌહાણ | બારસી |

(શેષ સૂચી આગામી અંકમાં)

શ્રી ગૌરવ જગદીશભાઇ ટાંક – પ્રમુખ, અ.ભા.યુવા મહામંડળ

# અ.ભા.યુવા મહામંડળના પ્રમુખ શ્રી ગૌરવભાઇ જગદીશભાઇ ટાંકનો છત્તિસગઢ પ્રાદેશિક પ્રવાસનો અહેવાલ

યુવા મહામંડળના પ્રમુખ પદે નિમણુંક થવા પછી પોતાના પહેલા પ્રવાસમાં શ્રી ગૌરવભાઇ ટાંક – નાગપુરનો પ્રથમ પ્રવાસ તા. ૨૬,૨૭ અને ૨૮ જાન્યુઆરીના દિવસોમાં છત્તીસગઢ પ્રાદેશિકના વિભિન્ન યુવા મંડળોમાં થયો હતો. મહાસભા પ્રમુખ આદ. શ્રી યોગેશભાઇ ચાવડાના નેતૃત્વમાં અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ પણ આ પ્રવાસમાં ગૌરવભાઇ સાથે હતા. તા. ૨૬ જાન્યુઆરીના દિવસે સવારે મા બમ્લેશ્વરીની પાવન ધરા ડોંગરગઢથી પ્રવાસનો શુભારંભ થયો. માં બમ્લેશ્વરીના દર્શન બાદ યુવા મંડળના પ્રમુખશ્રી અને યુવા મહામંડળના ઉપપ્રમુખ શ્રી હિમાંશુભાઇ દિલીપભાઇ વેગડ અને તેમની ટીમ દ્વારા શ્રી ગૌરવભાઇનું સ્વાગત કરવામાં આવ્યું. પોતાના ઉદ્‌બોધન પ્રમુખ શ્રી ગૌરવભાઇએ યુવા ઉત્કર્ષના આગામી કાર્યોની રૂપરેખાની ચર્ચા કરી હતી. બપોરના



ભોજન બાદ સર્વે મહાનુભાવો સાથે પ્રવાસ કુમ્હારી ઘટકના આંગણે પધાર્યા. કુમ્હારી યુવા મંડળના પ્રમુખ શ્રી ઉમેશભાઇ રાઠોડના ભાવભર્યા સ્વાગતથી શ્રી ગૌરવભાઇ અભિભૂત થયા. કુમ્હારીના યુવાઓને માર્ગદર્શન કરી એમને આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. તા. ૨૭ જાન્યુઆરીના દિવસે પહેલો

પડાવ દુર્ગ ઘટકના આંગણે પધાર્યા. જ્યાં શ્રી બ્રિજેશભાઇ ચાવડા, દુર્ગ યુવા મંડળ પ્રમુખના નેતૃત્વમાં યુવા મંડળ તથા યુવતી મંડળ દ્વારા શ્રી ગૌરવભાઇનું સ્વાગત કરવામાં આવ્યું. અલગ અને વિસ્તૃત યુવતી મંડળને જોઇ તથા બહેનોના હર્ષ તથા ઉત્સાહને નિહાળી ગૌરવભાઇ અભિભૂત થયા. પોતાના ઉદ્બોધનમાં તેઓએ બહેનોના વધુ પ્રતિભાગીતા ઉપર પોતાના વિચાર અને રૂપરેખા સર્વે સામે પ્રેષીત કર્યા. સાંજે બિલાસપુર ઘટકના ભાવભીના આમંત્રણને માન આપી મહાનુભાવોનું પડાવ બિલાસપુર પહોંચ્યું. યુવા મંડળ પ્રમુખ શ્રી પરિચયભાઇ જેઠવા અને એમની ટીમસાથે ઘણા વિષયો ઉપર ચર્ચા સકારાત્મક રહી. નવનિયુક્ત પશ્રિચયભાઇને પ્રોત્સાહન આપતા ગૌરવભાઇ એમને ભવિષ્યમાં સારા અને ઉલ્લેખનીય કાર્યો માટે પ્રેશ્રિત કર્યા. રાત્રી ભોજન સાથે બિલાસપુર યુવા મંડળ સાથે મેલ મુલાકાતનો દોર ચાલતો રહ્યો. પ્રવાસના અંતિમ દિવસે તા. ૨૮ જાન્યુઆરીના સવારે પહેલું પડાવ ભિલાઇ ઘટક હતું. ત્યાં યુવા મંડળની ટીમ દ્વારા પ્રમુખ શ્રી પવનભાઇ પરમારના નેતૃત્વમાં સર્વેનું સ્વાગત કર્યું. ભિલાઇ યુવા મંડળ સાથે ચર્ચામાં યુવતીઓ અને બહેનોની વધારે પ્રતિભાગીતા અને પ્રોત્સાહન ઉપર વિચાર ગૌરવભાઇએ પ્રસ્તુત કર્યા. અંતિમ પડાવ રાયપુર મુકામે હતું. જ્યાં યુવા મંડળ પ્રમુખ શ્રી પંકજભાઇ સોલંકી અને રાયપુર યુવા મંડળ સાથે બહુ સકારાત્મક ચર્ચા યુવા ઉત્કર્ષના બાબત થઇ હતી. રાયપુર મધ્યે ઐતિહાસીક અધિવેશનના આયોજનમાં રાયપુર યુવા મંડળના કાર્યોની પણ સરાહના ગૌરવભાઇએ કરી હતી.

## છત્તીસગઢ પ્રાદેશિક યુવા મંડળની પ્રમુખશ્રી ગૌરવભાઇ જગદીશભાઇ ટાંકના અધ્યક્ષ સ્થાનેથી ઓનલાઇન સભાનો અહેવાલ

છત્તીસગઢના પહેલા સફળ પ્રવાસની ભાવભીની સ્મૃતિઓ સાથે શ્રી ગૌરવભાઇ ટાંક ભવિષ્યના યુવા ઉત્કર્ષના કાર્યો માટે બહુ સકારાત્મક કાર્યોની રૂપરેખા ઉપર કાર્યરત છે. આ કડીમાં તા. ૩૦ જાન્યુઆરીના રાત્રે ૮.૩૦ થી ૯.૩૦ દરમ્યાન ઝુમમાં છત્તીસગઢ પ્રાદેશિક અંતર્ગત આવતા સર્વે યુવા મંડળના પ્રમુખો સાથે એક ઓનલાઇન સભા લેવામાં આવી હતી.

જેમાં નિમ્નલિખિત સભ્યો સમ્મિલિત થયા હતા. શ્રી ગૌરવભાઇ ટાંક - પ્રમુખ-અ.ભા.યુવા મહામંડળ, શ્રી ચંદ્રેશભાઇ ટાંક - રાયગઢ - પ્રમુખ-છત્તીસગઢ પ્રાદેશિક યુવા મંડળ, શ્રી હિમાંશુભાઇ વેગડ - પ્રમુખ-ડોંગરગઢ યુવા મંડળ અને અ.ભા.યુવા મહામંડળના ઉપપ્રમુખ શ્રી પરિચયભાઇ જેઠવા - પ્રમુખ-બિલાસપુર યુવા મંડળ, શ્રી ચંદનભાઇ ટાંક - પ્રમુખ-રાયગઢ યુવા મંડળ, શ્રી બ્રિજેશભાઇ ચાવડા - પ્રમુખ - દુર્ગ યુવા મંડળ, શ્રી પવનભાઇ પરમાર - પ્રમુખ ભિલાઇ યુવા મંડળ, શ્રી ઉમેશભાઇ રાઠોડ - પ્રમુખ કુમ્હારી યુવા મંડળ, શ્રી પંકજભાઇ સોલંકી - પ્રમુખ રાયપુર યુવા મંડળ, શ્રી પિયુષભાઇ ચાવડા - પ્રમુખ - મનેન્દ્રગઢ યુવા મંડળ. ઓનલાઇન સભામાં અનેક વિષયો ઉપર ચર્ચા થઇ. જે ઘણી સકારાત્મક હતી સાથે જ સર્વે યુવા મંડળના પ્રમુખશ્રીઓ દ્વારા એકબીજાનો પરિચય પ્રાપ્ત કર્યો. છત્તીસગઢ પ્રાદેશિક યુવા મંડળના પ્રમુખ શ્રી ચંદ્રેશભાઇ ટાંક દ્વારા સર્વે યુવા મંડળને સાથે લઇ સહકારીતા સાથે ભવિષ્યમાં અનેક કાર્યો કરવાની ખાતરી સર્વેને આપી. સર્વે પ્રમુખશ્રી દ્વારા પોત-પોતાના ઉદ્બોધનમાં ઘણી નવી જાણકારી અને સમસ્યાઓ બધા સાથે ચર્ચામાં લીધી હતી.

અનેક વિષયો જેમાં ફાઇનાન્શીયલ આસીસ્ટન્ટ અને સ્ટાર્ટઅપ્સને સહકાર, હેલ્થ ચેકઅપ અને ઇન્સ્યુરન્સ અવેરનેસ, ધર્મ જાગરણ ચર્ચા, યુવા મંડળમાં યુવતીઓની વધારે સહભાગીતા અને આગામી વર્ષમાં કચ્છયાડના આયોજન બાબત ચર્ચા થઇ હતી. ગૌરવભાઇના ઉદ્બોધનમાં પણ ઘણા મહત્વના વિષયો ઉપર તેમને પ્રકાશ નાખ્યું હતું. અંતમાં મહામંત્રી શ્રી હેતુલભાઇ જેઠવા દ્વારા આભાર પ્રદર્શન કરી સર્વે આદરણીય પ્રમુખશ્રીઓએ વિદાય લીધી હતી.

## અખિલ ભારતીય યુવા મહામંડળ - યુવતી પ્રગતિ ગ્રુપ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય અખિલ ભારતીય યુવા મહામંડળ અંતર્ગત ''યુવતી પ્રગતિ ગ્રુપ'' બનાવવામાં આવેલ છે. જેમાં ૧૬ થી ૪૫ ઉંમરના બહેનો જોડાઇ શકે છે.

આ ગ્રુપ સમાજની બહેનોને સમાજમાં જોડાવા માટે, સમાજ ઉત્કર્ષના કાર્યો કરવા માટે તેમજ સમાજની બહેનોને આગળ લાવવા માટે બનાવેલ છે. અને ગ્રુપના સર્વે સભ્યોની એવી ઇચ્છા છે કે બની શકશે તો એટલી બહેનોને મદદરૂપ થશું અને નવા-નવા પ્રોજેક્ટો લેશું જેનાથી આપણા સમાજની બહેનોને મદદરૂપ થઇ શકીએ. દરેક ઘટકો, દરેક પ્રાદેશિકોને વિનંતી કે તમારા ઘટકોમાં ૧૬ થી ૪૫ વર્ષની બહેનોને ''પ્રગતિ ગ્રુપ''માં જોડાવવા માટે આહ્વાન કરશો.

**નોંધ : ગ્રુપમાં ફક્ત ૧૬ થી ૪૫ વયની બહેનો જ જોડાઇ શકશે.**

**સંપર્ક : ઇશીતાબેન ટાંક - ૯૯૭૦૦૯૭૩૩૩, પલક ચૌહાણ - ૮૦૦૦૯૬૬૧૩**

# જબલપુર યુવા મંડળ






જબલપુર યુવા મંડળ દ્વારા તા. ૨૬-૧-૨૪, શુક્રવારના રોજ યુવા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે ૧ વાગ્યે સર્વે સભ્યોના આગમન સાથે રજીસ્ટ્રેશન પ્રારંભ કરવામાં આવ્યું. વિભિન્ન આયુ વર્ગના બાળકો માટે વિવિધ પ્રતિયોગીતા રાખવામાં આવી હતી. ખેલકુદ, કેરમ, ગોળા ફેંક, ચિત્રકળા જેવી પ્રતિયોગીતાઓમાં સમાજના દર વર્ગના બાળકો અને સભ્યોએ સારી સંખ્યામાં પોતાની પ્રતિભાગીતા દર્શાવી હતી.

બપોરેના સમુહ ભોજ બાદ ઘટક પ્રમુખશ્રી કિરીટભાઇ રાઠોડ અને મહિલા મંડળના પ્રમુખ ગં.સ્વ. ચંચલબેન યાદવના શુભ હસ્તે રિબીન કાપી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો. નાના બાળકોમાં બે આયુ વર્ગમાં વિભિન્ન પ્રકારની દોડ રાખવામાં આવી હતી. જેમાં સીધી દોડ, ગ્લાસ જમાવો દોડ, કેલકુલેશન દોડ, જલેબી દોડ, આદીએ ઉપસ્થિત દર્શકોનું ખુબ મનોરંજન કર્યું. સાથે જ સારા ઉત્સાહવર્ધનના મધ્ય બાળકો અને બાલીકાઓ પોતાની પૂરી ક્ષમતા સાથે અને ખેલભાવના સાથે દોડ પૂરી કરી હતી. ચિત્રકલા પ્રતિયોગીતામાં વિઝન ઇન્ડીયા-૨૦૫૦ના વિષય ઉપર નાના પ્રતિભાગીઓની કલ્પનાશક્તિની ઉડાન જોઇને સર્વે સભ્યો આશ્ચર્યચકીત થઇ ગયા હતા.

મોટા સભ્યો માટે સીધી દોડ, કેરમ અને ગોળા ફેંકની હરીફાઇ રાખવામાં આવી હતી. જેમાં બહુ સરસ પ્રતિસાદ અમને પ્રાપ્ત થયો હતો. વિભિન્ન પ્રતિયોગીતાના વિજેતા પ્રતિભાગીઓને પુરસ્કાર વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના સમાપનમાં યુવા મંડળ પ્રમુખ શ્રી હેતુલભાઇ યતીનભાઇ જેઠવા દ્વારા આભારવિધી કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા શ્રી રાકેશભાઇ પરમાર, શ્રી ભુપેશભાઇ ચૌહાણ, કુ. ફલ્લવી ચૌહાણ, પ્રિયાંશ પરમાર, હર્ષિત ટાંક, હર્ષ પરમાર, યુગમ ચૌહાણ, ચિરાગ ચૌહાણ, કુ. મહેક જેઠવા, કુ. ધ્વનિ પરમાર, જય જેઠવા અને યુવા મંડળના સભ્યોનું વિશેષ યોગદાન પ્રાપ્ત થયું હતું. સાથે જ મહાકૌશલ પ્રાદેશિક યુવા મંડળના પૂર્વ પ્રમુખ સંકેતભાઇ રાઠોડ અને ઘટક અને મહિલા મંડળના સભ્યોનો પણ પૂર્ણ સહકાર સાથે યુવા ઉત્સવ-૨૦૨૪ સંપન્ન થયો હતો. જબલપુર યુવા મંડળની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૮-૧-૨૪, રવિવારના સવારે ૧૦ વાગ્યે રાખવામાં આવી હતી. સમાજના ત્રણે પાંખો ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળની સામાન્ય સભા એક પછી એક રાખવામાં આવી હતી. દિપ પ્રાગટ્ય સાથે સભાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. યુવા મંડળની સભા પ્રમુખ શ્રી હેતુલભાઇ યતીનભાઇ જેઠવાના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવી હતી. ૨૬ જાન્યુઆરીના યુવા ઉત્સવની સફળતાપૂર્વક ઉજમણી અને આવતા એક વર્ષમાં યુવા ઉત્કર્ષના કાર્યો ઉપર ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ આગામી સત્ર માટે મહાકૌશલ પ્રાદેશિક યુવા મંડળના પ્રમુખશ્રીની વરણી માટે વિભિન્ન નામો ઉપર ચર્ચા કરવામાં આવી હતી. સભાની સમાપ્તિ સાથે મંચ મહિલા મંડળને આપવામાં આવ્યું. સભામાં યુવા મંડળ ઉપપ્રમુખ શ્રી ભુપેશભાઇ ચૌહાણ સલાહકાર સભ્યશ્રી રાકેશભાઇ પરમાર, ચેરમેન અને મહાકૌશલ પ્રાદેશિક યુવા મંડળના નિવૃતમાન પ્રમુખ શ્રી સંકેતભાઇ રાઠોડ, પ્રકાશભાઇ રાઠોડ સાથે જ યુવા મંડળના વિભિન્ન હોદ્દેદારો અને સભ્યો ઉપસ્થિત હતા.

# કોરબા યુવા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કોરબા યુવા મંડળ દ્વારા તા. ૨૨-૦૧-૨૦૨૪ના અયોધ્યામાં નવનિર્મિત શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના દિવસે શ્રી ગુજરાતી સમાજ કોરબા દ્વારા ગુજરાતી સમાજ ભવન કોરબામાં નિર્મિત સંત શ્રી જલારામ મંદિરમાં સ્થાપિત શ્રી રામ દરબારમાં આયોજીત ઉત્સવને ધ્યાનમાં રાખી સંપૂર્ણ મંદિર પ્રાંગણની સાફ-સફાઇ અને સાજસજ્જા કરવાનું નક્કી કરવામાં આવેલ અને કોરબા ઘટકના



સર્વે સભ્યોના સાથ-સહકારથી તા. ૧૬-૦૧-૨૪ના સવારે સાત વાગે ઘટકના સર્વે સભ્યો એકત્ર થઇ સંપૂર્ણ મંદિરની સાફ-સફાઇ અને સાજસજ્જા કરવામાં આવેલ. શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય

સમાજ કોરબા ઘટક યુવા મંડળ પ્રમુખ શ્રી ચિરાગભાઇ ચૌહાણ દ્વારા આ કાર્યક્રમ પ્રમુખ રૂપે ઉપસ્થિતિ આપનાર શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના મંત્રીશ્રી અને કોરબા ઘટકના પૂર્વ પ્રમુખ શ્રી સુરેશભાઇ ચૌહાણ, કોરબા ઘટકના નવનિર્વાચીત મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી પ્રીતિબેન પઢિઆર, છત્તીસગઢ પ્રાદેશિક યુવા મંડળ પ્રમુખ શ્રી તુષારભાઇ ચૌહાણ, છત્તીસગઢ પ્રાદેશિક યુવા મંડળ મંત્રી અને અખિલ ભારતીય યુવા મહામંડળ કાર્યવાહક સભ્ય શ્રી અતુલભાઇ ચૌહાણ સાથે કોરબા ઘટક મિડીયા પ્રભારી શ્રી નેહલભાઇ રાઠોડ સાથે ઉપસ્થિત કોરબા ઘટકના સર્વે સભ્યોનું આભાર વ્યક્ત કરવામાં આવેલ અને શ્રી ગુજરાતી સમાજ કોરબા દ્વારા દિનાંક ૨૨-૦૧-૨૦૨૪ના આયોજીત શ્રી રામ મંદિર પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણીમાં ઘટકના સર્વે સભ્યોને પોતાની ઉપસ્થિતિ આપી કાર્યક્રમમાં તન-મન-ધનથી પોતાનો સહયોગ આપી મહોત્સવની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

## કેંજોરગઢ યુવા મંડળ

તા. ૨૮-૧-૨૪ના સમાજવાડીમાં કેંજોરગઢ યુવા મંડળ દ્વારા ફ્રી મેગા હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. સવારે ૧૧.૦૦ વાગ્યાથી આ કેમ્પ શરૂ થઇ સાંજે ૩.૦૦ વાગ્યા સુધી ચાલ્યો હતો. ભુવનેશ્વર કેયર હોસ્પિટલના ડૉક્ટર શ્રી રવિસિંહ ઉપસ્થિત રહી ૧૨૫ દર્દીઓનું ચેકઅપ કર્યું હતું. આ દરમિયાન ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઇ શિવલાલ પરમારશ, ઉપપ્રમુખ શ્રી કૌશિકભાઇ પરસોત્તમભાઇ ટાંક, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રેખાબેન જાદવજીભાઇ યાદવ, ઉપપ્રમુખ શ્રીમતી દમયંતીબેન અશ્વિનભાઇ ચાવડા, મંત્રી શ્રીમતી પુનીતાબેન




ગીરધરલાલ રાઠોડ તથા યુવા મંડળ પ્રમુખ શ્રી શિવકુમાર શિવજીભાઇ રાઠોડે ડૉક્ટર શ્રી રવિસિંહને પુષ્પગુચ્છ આપી તથા શાલ ઓઢાડી તેમનું સ્વાગત કર્યું હતું. ઘટક તથા મહિલા મંડળના સદસ્યોએ તેમનો સહયોગ આપી આ કાર્યક્રમને સફળ બનાવેલ હતું.

## બિલાસપુર યુવા મંડળ

તા. ૨૭-૦૧-૨૦૨૪ના બિલાસપુર ઘટક આંગણે આયોજીત સમ્માન સમારોહ સત્ર ૨૦૨૪-૨૬માં આપણા મહાસભાના પ્રમુખ શ્રી યોગેશભાઇ ચાવડા અને સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઇ પરમાર અને અ.ભા. મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઇ ચૌહાણ અને અખિલ ભારતીય યુવા મહામંડળના પ્રમુખ શ્રી ગૌરવભાઇ જગદીશભાઇ ટાંક અને અન્ય સમ્માનીય સદસ્યોનું બિલાસપુર આંગણે આગમન થયું હતું. આ શુભ પ્રસંગે બિલાસપુર ઘટકમાં અતિથિઓનું સ્વાગત સન્માન યુવા મંડળ પ્રમુખ શ્રી પરિચય રમણીકભાઇ જેઠવા, મંત્રી શ્રી નિશાંત ભરતભાઇ સોલંકી અને ઉપપ્રમુખ શ્રી અમિત દિનેશભાઇ ચૌહાણ તથા સમસ્ત યુવા મંડળ



દ્વારા શાલ અને મોમેન્ટો ભેટ આપી કરવામાં આવ્યું હતું. પોતાના ઉદ્બોધનમાં શ્રી ગૌરવભાઇ ટાંક દ્વારા બિલાસપુર યુવા મંડળને ઉચિત કાર્ય કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું તેમજ અ.ભા.યુવા મહામંડળ દ્વારા બિલાસપુર યુવા મંડળના પ્રમુખશ્રીનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ અવસરમાં બિલાસપુર ઘટક દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યું હતું અને સ્નેહભોજ લઇ સૌ છુટા પડ્યા હતા.

## અંગુલ યુવા મંડળ

અંગુલ યુવા મંડળની કારોબારીની મીટીંગ તા. ૧-૨-૨૦૨૪ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં સર્વે કારોબારી સભ્યો દ્વારા સત્ર ૨૦૨૪-૨૦૨૬ માટે સર્વે સભ્યોની સહમતી સાથે યુવા મંડળ અંગુલના સભ્યોની નિયુક્તિ કરવામાં આવી



હતી. જેમાં પ્રમુખ – શ્રી જોગેશભાઇ હરસુખભાઇ મારૂ, ઉપપ્રમુખ – શ્રી ચંદ્રશેખરભાઇ પ્રતાપભાઇ રાઠોડ, મંત્રી – શ્રી ભાવિકભાઇ દિલીપભાઇ ટાંક, સહમંત્રી – શ્રી પ્રિતેશભાઇ પ્રભુલાલ ટાંક, કોષાધ્યક્ષ – શ્રી નિતીનભાઇ મગનભાઇ ટાંક તથા શ્રી કૃષ્ણાભાઇ ચાવડાની વરણી કરવામાં આવી હતી. અંગુલ યુવા મંડળ સર્વે આયોજનમાં સક્રીય રૂપથી ભાગ લઇ તેમજ સંગઠનથી સહુ કાર્યની જવાબદારી નિભાવી રહ્યા છે. અંગુલ ઘટક પ્રમુખ શ્રી દિલીપભાઇ નરસિંહભાઇ ટાંક તરફથી સર્વે ચુંટાયેલા ભાઇઓને શુભેચ્છા-અભિનંદન આપવામાં આવેલ.

## વડોદરા યુવા મંડળ




વડોદરા યુવા મંડળ દ્વારા તા. ૨૮ જાન્યુઆરી-૨૦૨૪ના રોજ રમત-ગમત મંત્રી મિતેશભાઇ પરમાર અને સાંસ્કૃતિક મંત્રી ગૌતમીબેન ચૌહાણના અધ્યક્ષપણા હેઠળ સ્પોર્ટસ તથા કલ્ચરલ ડે ફેસ્ટનું આયોજન સમાજ ભવન ખાતે બપોરે ૨.૦૦ કલાકે કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ સ્પોર્ટસ ડેનું ઉદ્‌ઘાટન મશાલ પ્રજ્વલિત કરી કરવામાં આવ્યું હતું. સમાજના નાના ભુલકાઓ, બાળકો, યુવાઓ તથા વડીલો માટે અલગ-અલગ ચાર ગ્રુપમાં વિવિધ રમત-ગમતો જેવી કે ફન રેસ,બોલ બેલેન્સ, બોલીંગ, આર્યન (બોયઝ/ગર્લ્સ) ગેમેથલોન, ગોળા ફેંક, કેરમ, સ્ટમ્પ ક્રિકેટ વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦થી વધુ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ત્યાર બાદ સાંજે ૬.૦૦ કલાકે દીપ પ્રાગટ્ય કરી સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત કરી હતી. જેમાં ગ્રુપ પ્રમાણે વેશભૂષા, સોલો ડાન્સ, ડ્યુએટ ડાન્સ, જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ વડોદરા ઘટક, મહિલા મંડળ તથા યુવા મંડળના પદાધિકારીઓના હસ્તે સ્પોર્ટસ ડેના વિજેતાઓને ગોલ્ડ અને સિલ્વર મેડલ સાથે રોકડ ઇનામ તથા સાંસ્કૃતિક સ્પર્ધાના વિજેતાઓને રોકડ ઇનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. ઉપરાંત સ્પર્ધામાં ભાગ લેનાર દરેક નાના ભુલકાઓને ઇનામ આપ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમ તથા ઇનામ વિતરણનું સંચાલન યુવા મંડળ ખજાનચી ભાવિશાબેન રાઠોડ તથા કમિટી સભ્ય ભવ્યભાઇ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. અંતમાં યુવા મંડળ પ્રમુખ નિરવભાઇ ચૌહાણે સ્પોર્ટ એન્ડ કલ્ચરલ ફેસ્ટનું સફળ આયોજન કરવા બદલ સર્વે યુવા મંડળ કમિટી સભ્યો તથા ઘટક અને મહિલા મંડળના હોદ્દેદારો તથા અનુદાન આપનાર દાતાશ્રીઓ, ભાગ લેનાર સર્વે બાળકો, યુવાઓ અને ઉપસ્થિત સર્વે વડીલોનો આભાર વ્યક્ત કર્યો હતો. ત્યાર બાદ સર્વે સમાજબંધુઓએ ઘટક દ્વારા આયોજીત ભોજનનો આનંદ માણ્યો હતો.

## રાયગઢ યુવા મંડળ



યુવા મંડળ રાયગઢ દ્વારા ઘટક અને મહિલા મંડળના માર્ગદર્શન હેઠળ શ્રીરામ જન્મભૂમીમાં શ્રી રામલલા પ્રાણ પ્રતિષ્ઠાના પુણ્ય અવસરે રાયગઢ ઘટકના પવિત્ર શ્રી નવરાત્રી સ્થળમાં અનેક કાર્યક્રમો આયોજીત કરવામાં આવેલ. કાર્યક્રમમાં સૌ પ્રથમ ૨૧ કિલો કેળા શ્રી રામની વાનર સેવાને આપવામાં આવેલ ત્યાર બાદ નવરાત્રી ધામમાં સમાજ સભ્યો એકત્રીત થઇ શ્રીરામ પુસ્તિકામાં રામ નામ લખી કાર્યક્રમની વિધીવત શરૂઆત કરી. ત્યાર બાદ બોલાવેલ મંડળી દ્વારા સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવેલ સાથે અનેક રામભજન અને ગરબા સાથે સમાજબાંધવોને આનંદ મળેલ. અંતે પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમની પુર્ણાહુતી કરવામાં આવેલ. સાથે ૨૬ જાન્યુઆરી-૨૦૨૪ પ્રજાસત્તાક દિવસે યુવા મંડળ દ્વારા સમાજબાંધવો સાથે સંધ્યા કાલે ભારત માતાની આરતી કરી સાથે દીપ પ્રાગટ્ય કરીને દેશ માટે પ્રાણ આપનાર શહીદોને નમન કરવામાં આવેલ અંતે પ્રસાદ વિતરણ કરી કાર્યક્રમને સમાપ્ત કરવામાં આવેલ.

## આદીપુર યુવા મંડળ

તા. ૦૪-૦૨-૨૦૨૪, રવિવારના સાંજે ૪.૦૦ કલકે આદીપુર ઘટકની સામાન્ય સભા આદીપુર ઘટક સમાજ ભવનમાં મળેલ. સામાન્ય સભામાં નવી ટર્મ (૨૦૨૪-૨૬) માટે આદીપુર યુવા મંડળના પ્રમુખ તરીકે શ્રી ચેતનભાઇ જશવંતભાઇ ચૌહાણને યુવા મંડળના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવેલ. ત્યાર બાદ યુવા મંડળ પ્રમુખે હોદ્દેદારોની નિમણુંક કરેલ હતી. જેમાં પ્રમુખ – ચેતન જશવંતભાઇ ચૌહાણ, મંત્રી – ચિંતન દિનેશભાઇ વાઢેર, ઉપપ્રમુખ – આનંદ હંસરાજભાઇ પરમાર, ઉપપ્રમુખ – તિર્થ નરેન્દ્રભાઇ રાઠોડ, સંયુક્ત મી – કુશાલ પ્રભુદયાલ રાઠોડ, ખજાનચી – નિતિન હરિશભાઇ ટાંક, ચેરમેન – જીગર બલરામભાઇ ગોહિલ સાથે ૩ સલાકારો અને ૭ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી.

॥ જય શ્રી ચાવલ માતાજી ॥

# કુકમાના રાઠોડ ગોઠી પરિવારો જોગ

## ચૈત્રી નવરાત્રી નિમંત્રણ

આથી સર્વે રાઠોડ ગોઠી ભાઈઓ ને જય માતાજી સાથે જણાવવાનું કે, આ વર્ષે ચૈત્રી નવરાત્રી **સવંત ૨૦૮૦ ચૈત્ર સુદ એકમ તારીખ ૦૯/૦૪/૨૦૨૪ મંગળવાર થી ચૈત્ર સુદ નોમ તારીખ ૧૭/૦૪/૨૦૨૪ બુધવાર** દરમ્યાન નવરાત્રી ઉજવવામાં આવશે.

આ વખતે **ચૈત્ર સુદ છઠ રવીવારે તારીખ ૧૪/૦૪/૨૦૨૪ નવરાત્રી હવન તથા નૈવેધ મહા પ્રસાદ રાખવા માં આવેલ છે.** આ ચૈત્ર નવરાત્રી **હવન તથા નૈવેધ મહા પ્રસાદ ના દાતા શ્રીમાન વાઘજીભાઈ મેઘજીભાઈ લાલજીભાઈ રાઠોડ અંજારવાળા** તરફથી રાખવામાં આવેલ છે.

ઉપરોક્ત નવરાત્રી પ્રસંગે હવનનો તેમજ નૈવેધ મહાપ્રસાદનો લાભ લેવા દરેક દેશ તથા પરદેશમાં વસતા રાઠોડ ગોઠી પરિવરજનોને પધારવા હાર્દિક આમંત્રણ આપવામાં આવે છે.

સર્વે દેશ તથા પરદેશ વસતા રાઠોડ ગોઠી પરિવારને નમ્ર અરજ સાથે જણાવવાનું કે વર્ષ દરમ્યાન આપણા માતાજીના હવન તથા મહાપ્રસાદ (નૈવેધ) ચૈત્ર નવરાત્રી તથા આસો માસ દશેરાના એમ બે વખત કરવામાં આવે છે. વિશેષ માં સર્વે દેશ-પરદેશમાં વસતા રાઠોડ ગોઠી પરિવાર ને જણાવવાનું કે ચૈત્ર નવરાત્રીનો માતાજીનો હવન તથા મહાપ્રસાદ દાતા પરિવાર દ્વારા કરવામાં આવે છે અને દશેરાનો હવન તથા મહાપ્રસાદ સર્વે રાઠોડ ગોઠી પરિવાર દ્વારા કરવામાં આવે છે. આ હવનમાં કોઈપણ બે દંપતી પરિવાર માત્ર ટોકન ચાર્જ થી હવનમાં બેસી શકે છે. જેની જાણ વહેલા તે પહેલાં ના ધોરણે દર શ્રાવણ માસમાં (બે મહીના અગાઉ) **મોબાઈલ નંબર ૯૪૨૭૭ ૬૮૭૦૫ અથવા ૯૪૨૬૪ ૯૧૩૧૫** ઉપર કરવાની રહેશે. કોઈપણ ગોઠી એ દશેરામાં પણ હવન અને મહાપ્રસાદ ના દાતા બની શકશે અને હવનમાં બેસવાનો લાભ લઇ શકશે. તે દરમ્યાન તે દશેરા હવન પ્રસંગે મંડળે ઠરાવેલી રકમ મંડળ દ્વારા સર્વે રાઠોડ ગોઠી પરિવાર વતી દાતા ની રકમ માં ઉમેરવામાં આવશે. તે રકમ સમુહ નૈવેધ પૈકી ની છે.

બંને હવન માટે દાતા પરિવારના નામ નોધાવાનું ચાલુ છે. આ પ્રસંગે બે ગોઠી પરિવાર પણ દાતા બની હવનમાં બેસી શકાશે. તો આ શુભ કાર્ય માટે દાતા પરિવારે અંતર ના આનંદ સાથે જોડાઈ જવા માટે વ્યવસ્થાપક સમિતિ આપને નમ્ર વિનંતી કરે છે. રાઠોડ પરિવાર વોટ્સએપ ગ્રુપમાં જોડાવા માટે ઉપરોક્ત નંબર નો સંપર્ક કરવો.

॥ શ્રી ગણેશાય નમઃ ॥

॥ જયશ્રી ચામુંડા માતાજી ॥ ॥ જયશ્રી વાછડા ડાડા ॥

# સોલંકી પરિવાર કુળદેવ સ્થાનક

**જાંબુડી, તા. ભુજ (કચ્છ)**

## શ્રી વાછડા ડાડાની પેડી - નિમંત્રણ

સહર્ષ જણાવવાનું કે, શ્રી વાછડા ડાડાની અસીમ કૃપાથી સોલંકી કુળના ડાડા શ્રી વાછડા ડાડાની પેડી જાંબુડી, તા. ભુજ (કચ્છ) મધ્યે વિ.સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-બીજ, બુધવાર, તા. ૧૦/૦૪/૨૦૨૪ના શુભ દિને રાખવામાં આવેલ છે. જેમાં સૌ ગોઠી ભાઇઓને નિયાણી સહિત પધારી પ્રસાદ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

વિશેષમાં જણાવવાનું કે, ઘરે કોઇ પેડી કરતા ન હોવાથી દર વર્ષે ડાડાની પેડી જાંબુડી, તા. ભુજ (કચ્છ) મુકામે કરવામાં આવે છે. જેથી પેડીની વિધિમાં અવશ્ય પધારવા અનુરોધ કરવામાં આવે છે.

**:: વાછડાડા ડાડાની પેડી પ્રસંગ ::**

**ચૈત્ર સુદ-૨, તા. ૧૦/૦૪/૨૦૨૪, બુધવાર**

**સમય : સવારે ૧૦.૧૫ કલાકે**

**મહાપ્રસાદ : બપોરે ૧૨.૩૦ કલાકે**

**:: સ્થળ ::**

**શ્રી સોલંકી પરિવાર કુળદેવી સ્થાનક**

**ગામ : જાંબુડી, તા. ભુજ (કચ્છ)**

**:: નિમંત્રક ::**

**અ.સૌ. રૂચીતાબેન નવીનભાઇ સોલંકી**
**(માતાજીના ભુવીમાં)**
**કમલેશભાઇ ધારશીભાઇ સોલંકી - પ્રમુખ**
**વેલજીભાઇ સોલંકી - ઉપપ્રમુખ**
**કપીલ ડી. સોલંકી - મંત્રી**
**કપીલ એસ. સોલંકી - સહમંત્રી**
**જયેન્દ્ર એમ. સોલંકી - ઓડીટર**
**મો. ૮૫૧૧૯૩૮૬૦૦, ૯૯૧૩૪૭૧૬૬૮**

# શ્રી ક.ગુ.ક્ષ. સાર્વજનિક ટ્રસ્ટ - માધાપર



શ્રી ક.ગુ.ક્ષ. સાર્વજનિક ટ્રસ્ટ – માધાપર દ્વારા સમાજના ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આર્થિક રીતે મદદરૂપ થવા સ્કોલરશીપ આપવામાં આવે છે. અંજાર નિવાસી ડૉ. પારસ ઉમેશભાઇ પઢિઆર (એમ.બી.બી.એસ.) એ તેમના અભ્યાસકાળ દરમ્યાન આ ટ્રસ્ટમાંથી સ્કોલરશીપ મેળવેલ હતી. તેઓ જીવનમાં સ્થાયી થતાં તેઓના માતા-પિતા શ્રીમતી મુક્તાબેન તથા શ્રી ઉમેશભાઇ કેશવજીભાઇ પઢિઆર દ્વારા ટ્રસ્ટને રૂા. ૨૧,૦૦૦/- નું દાન આપી ઋણ સ્વીકાર કરવામાં આવેલ હતું. આ ટ્રસ્ટ વતી ટ્રસ્ટીઓ શ્રી રણછોડભાઇ હીરજીભાઇ વરૂ તથા શ્રી રમેશચંદ્ર રણછોડભાઇ ચૌહાણે આ પરિવારના નિવાસ સ્થાને જઇ આભાર વ્યક્ત કરી અભિનંદન આપેલ હતા. ટ્રસ્ટના પ્રમુખ શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ, ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણ તથા મંત્રી શ્રી વેલજીભાઇ ચૌહાણે સુંદર અને અનુકરણીય કાર્ય બદલ ડૉ. પારસ અને તેમના પરિવારને અભિનંદન આપેલ હતા તેમજ આ ટ્રસ્ટમાંથી સ્કોલરશીપ મેળવી અભ્યાસ પૂર્ણ કરી જીવનમાં સ્થાયી થયેલ વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓને ટ્રસ્ટને દાન આપવા માટે અપીલ કરવામાં આવેલ હતી. જેથી ભવિષ્યમાં ટ્રસ્ટ દ્વારા સમાજના વધુમાં વધુ વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપી શકાય.

## કમધજીયા રાઠોડ પરિવાર - કુંભારિયા

સર્વે પરીવારના ગોઠી ભાઈઓ–બહેનોને સહર્ષ જણાવવાનું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ ચૈત્રી નવરાત્રીમાં આપણા કુળદેવી શ્રી ચામુંડા માતાજીની પરમ કૃપાથી **ચૈત્ર સુદ નોમ બુધવાર તા.૧૭–૪–૨૦૨૪ ના રોજ માતાજીના સ્થાનકમાં હોમ – હવન સમુહ નૈવેદ્યનું આયોજન રાખેલ છે.** તો સર્વે ગોઠી ભાઈઓને સહ પરિવાર પધારવા માતાજીએ દર્શન સાથે સમુહ પ્રસાદ,હવન,નો લાભ લેવા હાર્દિક નિમંત્રણ છે. જે ગોઠી ભાઈઓને હવનમાં બેસવાની ઈચ્છા હોય તેમણે વહેલાસર જણાવી દેવું જેથી વ્યવસ્થા થઈ શકે. રાજેશ ડી. રાઠોડ – ૯૮૯૮૨૩૨૯૬૯, ઉમેશ એમ. રાઠોડ – ૯૯૨૫૯૪૮૬૭૮, કાન્તિલાલ જે. રાઠોડ – ૯૮૨૪૫૮૨૩૬૧. **વિશેષ નોંધ :** હવનમાં બેસવા ઈચ્છતા પરિવારજનો એ અગાઉ થી પુજારીશ્રી અથવા કાર્યકર્તા ભાઈઓને નામ નોંધાવી જાણ કરવી.

**માતાજીના ફંડ–ફાળા માટે :–**

**બેન્ક એકાઉન્ટ નંબર** 90830100026611

IFSC code BARBODBNAYA

(note IFSC Code ma BARB Zero DBNAYA che.)

## શ્રી બ્રહ્માણી માતાજી ચૌહાણ પરિવાર - કુંભારીયા

શ્રી બ્રહ્માણી માતાજી ચૌહાણ પરિવાર – કુંભારીયાના સર્વે ગોઠી પરિવારજનોને સહર્ષ જણાવવાનું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ **ચૈત્રી નવરાત્રી**માં આપણા કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીની અસીમ કૃપાથી **ચૈત્ર સુદ–૯, બુધવાર, તા. ૧૭–૦૪–૨૦૨૪ના રોજ કુળદેવી માતાજીના સ્થાનકમાં હોમ–હવન, નૈવેદનું આયોજન કરવામાં આવેલ છે.** તો સર્વે ગોઠી ભાઇઓને સહ પરિવાર પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે. **જે ગોઠી ભાઇઓને હવનમાં બેસવાની ઇચ્છા હોય તેમણે તા. ૦૫–૦૪–૨૦૨૪ સુધી નીચે જણાવેલ ગોઠી ભાઇઓ પાસે નામ નોંધાવવાના રહેશે.**

**જીતેન્દ્ર જેઠાલાલ ચૌહાણ – ૯૯૨૪૯૩૨૫૦૩**

**ચંદ્રેશ જયંતિભાઇ ચૌહાણ – ૯૪૨૭૪૪૩૨૧૬**


SEA FREIGHT SOLUTIONS
FREIGHT FORWARDER & CHA
Sea Freight Solutions
Your Navigator In The World Of Trade

SERVICES
- Sea freight
- Custom clearing
- Air Freight
- Warehousing
- Transportation Service
- LCL Services
- Project Cargo Handling
- Packaging & Pelletization

CONTACT
MALAV CHAUHAN
Sea Freight Solutions
:Office :
Gandhidham
:Email :
seafreight.mun@gmail.com
Malav@seafreightsolutions.co.in
:Web Site :
www.seafreightsolutions.co.in
:Mobile:
+91 9662898112

# અનંતની યાત્રાએ...

જબલપુર (નાગોર) નિવાસી શ્રી વિકેશભાઇ કુંવરજીભાઇ ચૌહાણનું તા. ૨૬-૧૨-૨૦૨૩ના રોજે અવસાન થયલ છે.

અંજાર (કુકમા) નિવાસી શ્રીમતી નિશાબેન દિનેશભાઇ પરમાર (ઉ.વ.૫૪)નું તા. ૦૨-૦૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શ્રી લાલજીભાઇ ઓધવજીભાઇ ટાંકનું તા. ૨૬-૧-૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે.

નાગલપર નિવાસી શ્રી વાસુદેવભાઇ હરીલાલ ચાવડા (ઉ.વ.૫૯)નું તા. ૧૪-૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી બીનાબેન રમેશભાઇ રાઠોડ (ઉ.વ.૫૬)નું તા. ૧૩-૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી લક્ષ્મીબેન પરસોત્તમભાઇ રાઠોડ (ઉ.વ.૫૪)નું તા. ૮-૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

નાગલપર નિવાસી શ્રી દિલીપભાઇ કરશનભાઇ ટાંક (ઉ.વ.૬૪)નું તા. ૭-૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

અંજાર (માધાપર) નિવાસી શ્રીમતી નિશાબેન ઉમેશભાઇ પરમાર (ઉ.વ.૪૦)નું તા. ૧-૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

ઝાંબુઆ (અંજાર) નિવાસી શ્રી દયારામભાઇ નાનજીભાઇ પટેલ (ખોડિયાર) (ઉ.વ.૯૪)નું તા. ૧૨-૧૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

અંજાર લીલાધરભાઇ ભનુભાઇ પરમાર (ઉ.વ.૭૨) તે પરેશભાઇ લીલાધરભાઇ પરમાર (પૂર્વ પ્રમુખ અ.ભા.યુવા મહામંડળ)ના પિતાશ્રીનું તા. ૦૪-૦૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

અંજાર (નાગલપર) નિવાસી રસીલોબન (પારૂબેન) (ઉ.વ.૬૩)નું તા. ૯-૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શ્રી જેન્તીભાઇ રઘુભાઇ વરૂ (ઉ.વ.૬૭)નું તા. ૮-૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

હિંગોલી (દેવળીયા) નિવાસી સૌ. સાવિત્રીબેન (વસંતબેન) પુરુષોત્તમ ભાઈ મારુ (ઉ.વ.૭૯) ઘટક મંત્રી શ્રી ગિરીશભાઈ મારુ માતૃશ્રીનું તા. ૧૧-૧૨-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (અંજાર) નિવાસી શ્રી ખુશાલ ભાઈ દેવરામ ભાઈ પઢિઆર(ઉ.વ.૮૧)નું તા. ૦૫-૧૨-૨૦૨૩નારોજ અવસાન થયેલ છે.

દુર્ગ (વિડી) નિવાસી શ્રી મુરલીધરભાઈ રૂડાભાઈ સોલંકી (ઉ.વ.૮૧)નું તા. ૦૪-૦૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (વિડી) નિવાસી મણીબેન વલમજીભાઈ સોલંકી (ઉ.વ.૯૦)નું તા. ૧૭-૦૧-૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે.

દુર્ગ (નાગોર) નિવાસી શ્રી મુરજી જગમાલ ભાઈ ગોહિલ (ઉ.વ.૯૨)નું તા. ૧૬-૦૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (હાજાપર) નિવાસી શ્રી સેજેશ ભરત ભાઈ યાદવ (ઉ.વ.૩૦)નું તા. ૧૭-૦૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (કુંભારીયા) નિવાસી રેખાબેન અંનતભાઈ ચૌહાન (ઉ.વ.૮૩)નું તા. ૨૭-૦૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (ગળપાદર) નિવાસી શ્રી કૃષ્ણલાલ પોપટલાલ પરમાર (ઉ.વ.૬૪)નું તા. ૧૦-૦૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (નાગલપર) નિવાસી શ્રીમતી પુનિતાબેન પંકજભાઇ ટાંક (ઉ.વ. ૫૦)નું તા. ૧૩-૦૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (અંજાર) નિવાસી ગં.સ્વ. ગીતાબેન શાંતિલાલભાઇ ખોડિયાર (ઉ.વ. ૯૨)નું તા. ૦૪-૦૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

કેંજોરગઢ (અંજાર) નિવાસી શ્રી મુકેશભાઇ શિવલાલભાઇ પરમાર (ઉ.વ. ૭૦)નું તા. ૧૫-૦૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

વડોદરા (ખેડોઇ) નિવાસી શ્રી હરસુખભાઇ ગોવિંદભાઇ પરમાર (ઉ.વ. ૭૯)નું તા. ૨૨-૧૦-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.

વડોદરા (દેવળીયા) નિવાસી શ્રી ીશવલાલભાઇ ખીમજીભાઇ ચાવડા (ઉ.વ.૬૯)નું તા. ૪-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.

વડોદરા (કુંભારીયા) નિવાસી શ્રી વાસુદેવભાઇ ગોવિંદભાઇ સાવરીયા (ઉ.વ.૯૯)નું તા. ૨૨-૧૧-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.

વડોદરા (હાજાપર) નિવાસી શ્રી હરીશભાઇ જેરામભાઇ યાદવ (ઉ.વ.૬૨)નું તા. ૭-૧૨-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.

વડોદરા (કુંભારીયા) નિવાસી શ્રી મુળજીભાઇ દેવસીભાઇ રાઠોડ (ઉ.વ.૮૪)નું તા. ૯-૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.




KIA

Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.

**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







cromā

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333




Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750
Rajen A. Rathod - 9898 907744
Ashok A. Rathod - 9898 907740
Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**

# પ્રથમ પુણ્યતિથીએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ
૧૫/૦૮/૧૯૪૬

સ્વર્ગવાસ
૧૨-૦૨-૨૦૨૩

## સ્વ. મંજુલાબેન ચંદુલાલ ચૌહાણ

**દેશમાં ગામ : સિનુગ્રા, હાલ મુકામ : જયપુર (રાજસ્થાન)**

---

**પરિવારની છત્રછાયા સમાન મોભી અને પરિવારને સુસંસ્કારનું સિંચન કરનાર**
**અમારા માતૃશ્રીને હૃદપૂર્વક શ્રદ્ધાંજલિ...**

આપનો લાગણીશીલ સ્વભાવ, હસમુખો ચહેરો અમારાથી ક્યારેય ભૂલાશે નહીં, તમારા સ્નેહ, વાત્સલ્ય તેમજ સંસ્કાર અને કુટુંબ પ્રત્યેનો પ્રેમ સદા અમારા હૃદયમાં રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિરઃ શાંતિ આપે એજ પ્રાર્થના...

ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

---

:: શોકમગ્ન પરિવારજનો ::

ચંદુલાલભાઈ ચૌહાણ (પતિ)

રચના ચાવડા (પુત્રી) રવિ ચાવડા (જમાઈ)

સ્વ. શ્રેયસ ચૌહાણ (પુત્ર) ગં.સ્વ. કોકિલા ચૌહાણ (પુત્રવધુ)

હિતેશ ચૌહાણ (પુત્ર) કલ્પના ચૌહાણ (પુત્રવધુ)

પાર્થ ચાવડા (દોહિત્ર) સુનિધિ ચાવડા (દોહિત્રી)

કૌશિલ ચૌહાણ (પૌત્ર) ખનક ચૌહાણ (પૌત્રી) ચિત્રાક્ષ ચૌહાણ (પૌત્ર)

**તથા સમસ્ત ચૌહાણ પરિવારજનો**

# ॐ शांति



**Triveniben Rasiklal Patel (Khodiyar) D/o Lalji Hirji Chauhan - Ranchi**
**3rd March 1933 29th January 2024 - Baroda**

"Even if science - physical science or occult science - were to discover the necessary conditions or means for an indefinite survival of the body, still, if the body could not adapt itself so as to become a fit instrument of expression for the inner growth, the soul would find some way to abandon it and pass on to a new incarnation. The material or physical causes of death are not its sole or its true cause; its true inmost reason is the spiritual necessity for the evolution of a new being....

This then is the necessity and justification of Death, not as a denial of Life, but as process of life,....

**Sri Aurobindo**

## श्रद्धावन्तः

Mukul Rasiklal Patel -Baroda
Usha Mukul Patel - Baroda
Kunal Mukul Patel - Baroda
Sonakshi Patel Karthik - Cochin
Karthik Rajagopal - Cochin

Manoj Rasiklal Patel - New Zeland
Sonu Manoj Patel - New Zeland
Rohan Manoj Patel - New Zeland
Maulik Manoj Patel - USA
Bhavika Maulik Patel USA

Late Parul Nalin Chawda
Nalin Govindji Chawda -Bangalore
Kunjel Bhaskar Maddla -USA
Bhaskar Murty Maddla -USA
Vivek Nalin Chawda - Bangalore
Vini Vivek Chawda - Banglore

Rekha Nayan Taunk - Jamshedpur
Nayan Bhavanji Taunk - Jamshedpur
Vedika Nayan Taunk - Canada
Arpana Nayan Taunk - New Zeland
Anjana Nayan Taunk - Canada

Jyoti Vijay Chauhan - Udaipur
Vijay Ranchodbhai Chauhan - Udaipur
Chirag Vijay Chauhan - Udaipur
Milind Vijay Chauhan - USA

Atul Suryakant Patel - Baroda
Jayshree Atul Patel - Baroda

Rashmikant Dhirjlal Makwana - Rajkot
Hina Rashmikant Makwana - Rajkot

Bakul Dhirajlal Makwana - Pune
Meera Bakul Makwana - Pune

## ભાવભીની શ્રદ્ધાંજલિ



### સ્વ. ઉમાકાન્ત અર્જુનભાઈ ચૌહાણ

(Retd. Executive BHEL, Hyderabad)

જન્મ : ૦૩-૦૫-૧૯૪૩ સ્વર્ગવાસ : ૧૮-૦૧-૨૦૨૪
ગામ : નાગોર, હાલ મુકામ : સિકંદરાબાદ

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની ભક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી, ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં, પરિવાર માટે ફુલો પાથરી ગયા એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એજ પ્રાર્થના...

ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | |
|---|---|
| ગં.સ્વ. ઉર્મિલાબેન ઉમાકાન્તભાઈ ચૌહાણ | – પત્ની |
| શાંતિલાલભાઈ અર્જુનભાઈ ચૌહાણ | – મોટા ભાઈ |
| ઈન્દુબેન શાંતિલાલભાઈ ચૌહાણ | – મોટા ભાભી |
| સ્વ. પ્રકાશભાઈ અર્જુનભાઈ ચૌહાણ | – નાના ભાઈ |
| ગં.સ્વ. જ્યોતિબેન પ્રકાશભાઈ ચૌહાણ | – નાના ભાભી |
| હેમંતભાઈ ઉમાકાન્તભાઈ ચૌહાણ | – પુત્ર |
| માયાબેન હેમંતભાઈ ચૌહાણ | – પુત્રવધુ |
| નમન હેમંતભાઈ ચૌહાણ | – પૌત્ર |
| સંજયભાઈ ઉમાકાન્તભાઈ ચૌહાણ | – પુત્ર |
| શ્લેષાબેન સંજયભાઈ ચૌહાણ | – પુત્રવધુ |
| અંશ સંજયભાઈ ચૌહાણ | – પૌત્ર |

**તથા સમસ્ત ચૌહાણ પરિવાર**

Mob. 9160111095

## ભાવભીની શ્રદ્ધાંજલિ



### સ્વ. રામજીભાઈ વેલજીભાઈ ચૌહાણ

(CA, Retd. Chief Manager Reliance Energy)

જન્મ : ૦૨-૧૨-૧૯૪૫ સ્વર્ગવાસ : ૧૭-૦૧-૨૦૨૪
ગામ : રેહા, હાલ મુકામ : હૈદ્રાબાદ

તમારું જીવન અમારી પ્રેરણા છે, તમારા આદર્શો અમારા માર્ગદર્શન છે, અમે તમારા સરળ જીવન, દયાળુ સ્વભાવ ભાવનાશિલતાને ક્યારે નહીં ભુલીએ... મહાસભાની સૅલ્યુટ સમિતિ દ્વારા સન્માનિત આપશ્રીએ મુંબઈ અને પૂના ઘટકની પ્રગતિ અને સમાજ સેવાના ક્ષેત્રે આપેલ યોગદાન ક્યારેય ભુલાશે નહીં. ભગવાન તમારા શુદ્ધ આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | |
|---|---|
| લીલાબેન રામજીભાઈ ચૌહાણ | – પત્ની |
| વૃંદાબેન જયેશભાઈ ચૌહાણ | – પુત્રી |
| જયેશભાઈ શાંતિલાલભાઈ ચૌહાણ | – જમાઈ |
| અનુનય જયેશભાઈ ચૌહાણ | – દોહિત્ર |
| પૂજા અજયભાઈ નિલાવર | – પુત્રી (યુ.એસ.એ.) |
| અજય સંતોષભાઈ નિલાવર | – જમાઈ |
| ટિયા નિલાવર | – દોહિત્રી |
| શિફાલી નિલાવર | – દોહિત્રી |

**તથા સમસ્ત ચૌહાણ પરિવાર**

Mob. 9850063537

Surbhi
CLOTHING

MISS AKSHITA
B. CHAVDA (MD)



# Inspired By Culture

Manufecturer and Retailer of Kurti and Dresses

**Factory Address:**

Shraddha Complex, Adani School Rd,
Near Zero Point, Mundra 370421.

**Home Address:**

Girinarayan Street, Mandvi Chock,
Old Bandar Road, Mundra 370421.

**Contact Address:**

+91 93246 85342
+91 99208 43135

surbhiclothing@gmail.com



LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com
LALITHA PUBLIC SCHOOL
Fly With Me
Director :
Mrs. Chetna Raju Tank
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)



।। ઓમ શાંતિઃ ।।
ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી
લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ
જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ
કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે
બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર
(ખંભરા)
ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા
Mob. 98252 97341
ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)




માધવ સ્વીમીંગ – કુકમા
આપના શુભ પ્રસંગો, પારિવારીક ઉત્સવો, જન્મદિન જેવા પ્રસંગે પરિવાર સહીત ફરવાલાયક ઉત્તમ સ્થળ...
સ્વિમીંગ પુલ, બાગ-બગીચા સહીત નયનરમ્ય વાતાવરણનો આનંદ માણો...
શ્રી રામેશ્વરમ્ એગ્રી ફાર્મ – માધવ સ્વીમીંગ
આકાશવાણી રેડીયો સ્ટેશન ફાટકથી બે કી.મી. અંદર, કુકમા (કચ્છ)
શ્રી રામેશ્વરમ એસ્ટેટ બ્રોકર
બેંક ઓફ બરોડાની બાજુમાં, બસ સ્ટેશન પાસે, કુકમા
માધવ સ્વીટ એન્ડ નમકીન
શ્રી હરગોવિંદભાઈ એચ. ચૌહાણ
પ્રમુખશ્રી, કુકમા ઘટક
મો. ૯૮૨૫૫ ૧૪૩૫૧
શ્રી માધવ એચ. ચૌહાણ
કુકમા
મો. ૯૫૩૭૧ ૮૨૭૭૮





Aatur Chawda
(M.Arch Texas Univ.)



Raunak Chawda
(B.E. Civil, MBA)



YOGESH CHAWDA

# vedbhumi

## VEDBHUMI BUILDERS & DEVELOPERS PVT.LTD.
## VEDBHUMI INFRAPROJECTS PVT. LTD.

1st Level, Bhumi Arcade, Near Garden, Lakadganj, Nagpur - 08.
Ph.: 0712 - 2760512 | e-mail : info@vedbhumi.com | www.vedbhumi.com
Residence : "Amber", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35.
M : +91 9373129642 | M : +91 7773933433

**Meena Y. Chawda** | **Abhilasha A. Chawda**

**(Chandia)**




# Khodiyar Engineering Works
# Urja Engineering Company
# Perfect Power Systems
# Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009

*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

## Besides the manufacturing of Panel, we also attain works such as

- ~ Installation of DP Structure.
- ~ Installation of Cables and connecting them, etc.
- ~ Supply of Transformers and Vaccume Circuit Breaker
- ~ Rewinding Of all types of Motors and Generators.
- ~ Filtration and supply of Transformer Oil.
- ~ Supply of All types of Switchgears.
- ~ All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



**Authorised Dealer**

C&S electric | AVOCAB WIRES & CABLES | HPL The Power of Technology | connectwell THE RIGHT CONNECTION

**Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.**
**Ph. (O) +91 2836 233791 • Fax : +91 2836 233761**
**E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com**
**Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com**




With Best Compliments



**Vipin Rathod**
Managing Director

UNITRON
*The Instrumentation People*

# UNITRON INSTRUMENTATION PVT. LTD.

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India. Our major customers are Aerospace Industry, Automobile Industry, Steel Industry, Foundry & Forge Industry and Surface Coating Industry.






**Head Office**
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore- 560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Email- info@unitron.in unitron@vsnl.net Web: www.unitron.in
**Branch Office: Chennai, Delhi(Gurgoan), Pune**

**Developers and Sponsorers of Home Page of Rathods of Khambra**
**www.rathodsofkhambra.in**

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Published on March-2024
Postal Registration No. G-KCH-185/2023-2025 Posted at S.O. BHUJ on 2nd of Every Month.

॥ જય સીયારામ ॥



# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી પરિવાર

# SHREE RAM GROUP OF INDUSTRIES

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

**દાન માટે અપિલ :-**

| | |
|---|---|
| રૂા. ૫૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી |
| રૂા. ૧૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી |
| રૂા. ૫,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી |
| રૂા. ૬,૦૦૦/- | નું દાન આપનાર દત્તક દાતાશ્રી (એક વિદ્યાર્થીનીની સત્ર ફી ભરી વિદ્યાદાન આપી શકાય છે.) |
| રૂા. ૪,૦૦૦/- | નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી |
| રૂા. ૨,૦૦૦/- | નું દાન આપનાર આજીવન સભ્યશ્રી |

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.
PAN NO. AABTS 4600 B

**આપના વિનમ્ર**

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક

માલિક, માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા (પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા) 'અંબર' વાત્સલ્ય ભૂમિ, વાઠોડા, નાગપુર - ૩૫ (મહારાષ્ટ્ર), મો. ૯૩૭૩૧૨૯૬૪૨ વતીથી, શ્રી ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, મુદ્રક : શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.